

# સંતનાં લક્ષણ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૭૪

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

|| સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ||

|| અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ||

|| જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ||



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# સંતનાં લક્ષણ

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**૭૪**


: સંસ્થાપક :

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**• પ્રકાશન સમિતિ •**

*: પ્રેરક - માર્ગદર્શક :*

**• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •**

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

**પ્રથમ આવૃત્તિ**

પ્રત : ૨૦૦૦

૨૦૧૫, ૧૬, ફેબ્રુઆરી

સં. ૨૦૭૧, મહા વદ બારસ

**સેવા મૂલ્ય** : રૂ. ૨૦/-

**પ્રકાશક**

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120

E-mail : info@shriswaminarayandivinemission.com

Website : www.shriswaminarayandivinemission.org

**: મુદ્રક :**

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ,

આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

વર્તમાન વિષમકાળમાં સાચા સદ્ગુરુની પ્રાપ્તિ કરવા ઈચ્છનાર માટે એક કઠીન કોયડો છે, કારણ કે જાત-જાતની યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા સમાજની ભોળી પ્રજાને ફસાવી, ફોસલાવીને તેમનું શારીરિક, માનસિક, આર્થિક ને આધ્યાત્મિક એમ સર્વપ્રકારે શોષણ કરવા સદાય તત્પર એવા દંભી ગુરુઓ સમાજમાં કેટલાય મળી રહે છે. એવામાં સાચા સદ્ગુરુ મળવા દુર્લભ છે. મુમુક્ષુને એ પ્રશ્ન પણ હંમેશ સતાવતો રહે છે કે સાચા સંતની ઓળખ કઈ રીતે કરવી ? એનો કોઈ માપદંડ છે ખરો ? આ કોયડાના નિરાકરણ માટે જ વચ. ગઢ. પ્ર. ૭૭માં શ્રીહરિએ કહેલાં સંતનાં બત્રીસ લક્ષણોને અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીએ એ જ વચનામૃતના રહસ્યાર્થમાં સંક્ષિપ્ત રીતે વર્ણવેલાં છે. એ લક્ષણોને સવિસ્તાર સમજાવવાનો અહીં નમ્ર પ્રયાસ છે. સંતના એ સદ્ગુણો સાચા સંતની પરખ માટેની પારાશીશી છે. એ સદ્ગુણો જેમણે આત્મસાત્ કર્યા છે એ જ સંત છે. એવા સંત ભગવા વસ્ત્રમાં કે સફેદ વસ્ત્રમાં ગમે તેમાં હોઈ શકે છે. સંતની વ્યાખ્યામાં બહારના પહેરવેશની કોઈ મહત્તા નથી.

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા 'સંતનાં લક્ષણ' શીર્ષક હેઠળ આ પુસ્તક પ્રકાશિત થાય છે, જે મુમુક્ષુને સાચા સંતની પરખ કરવા માટે તથા તેવા ગુણો પોતાના જીવનમાં ચરિતાર્થ કરવા માટે અતિ ઉપયોગી સાબિત થશે

એવી અમને પૂરી શ્રદ્ધા છે. આ પુસ્તક અનાદિ મુક્તરાજ પૂજ્ય શ્રી નારાયણભાઈની દિવ્ય પ્રેરણા અને ઉપદેશામૃતને આધારે તૈયાર કરવામાં આવ્યું છે.

અંતમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરમ કૃપાળુ બાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુઓ તથા અનાદિમુક્ત પૂ. શ્રી નારાયણભાઈની અસીમ કૃપા આ પુસ્તકનો સદુપયોગ કરનાર વાચકવૃંદ ઉપર સદાય વરસતી રહીને તેમના ચૈતન્યની ઊર્ધ્વગતિ સાધવામાં સહાયરૂપ બને એવી અંતરની અભ્યર્થના.

અસ્તુ !

સં. ૨૦૭૧, મહા વદ બારસ<br>
ઈ. સ. ૨૦૧૫, ૧૬ ફેબ્રુઆરી

**પ્રકાશન સમિતિ**<br>
**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

સંત લક્ષણ કહે હરિ હેત શું રે, સુણો હરિજન એકમન ચિત્ત રે;
સેવીયે એવા સંતને રે, સદા શુભ ગુણ શોભે ત્રીસ તનમાં રે;
તેનું વિધવિધ કહું વરતંત રે. સેવીયે૦
કૃપાસિંધુ ન કરે દ્રોહ કોઈનો રે,
ક્ષમાવંત વદન સત્ય વાણ રે;
નિંદા દ્વેષ નહિ ને ઉપકાર અતિ રે,
કામ રહિત જીતી છે ઇંદ્રિય જાણ રે. સેવીયે૦
કોમળ નિર્મળ આચાર અતિ ઘણો રે,
સંગ્રહ રહિત લીયે છે લઘુ આહાર રે;
શીતળ હૃદયે વિચાર પામે ધર્મને રે,
સાવધાન સદા વ્યાપે નહિ વિકાર રે. સેવીયે૦
ધીર ગંભીર દયાળુ દીસે દિલના રે,
ખટ્ ઊર્મિ ન કરે જેને ખેદ રે;
માન રહિત જે દાસપણું દાખવે રે,
સુણ્યા ગતિ દાતા જ્ઞાન અભેદ રે. સેવીયે૦
સગાં સહુના વિવેકી વિશ્વાસી વળી રે,
ભ્રાંતિ રહિત હરિને પરાયણ રે;
અતિ નિરાશી ઉદાસી આ સંસારથી રે,
રટે નિશદિન નામ નારાયણ રે. સેવીયે૦
સંપુરણ લક્ષણ કહ્યા સંતનાં રે,
શ્રીમુખ વચનામૃતમાંય રે;
કહ્યું શ્રીમુખે નિજાશ્રિત આગળ રે,
કહ્યું નિષ્કુળાનંદે તે પદમાંય રે. સેવીયે૦

## આમુખ

મનુષ્ય જીવનના મુખ્યત્વે બે માર્ગ છે. એક પ્રેયનો ને બીજો શ્રેયનો. અર્થાત્ ભુક્તિનો અને મુક્તિનો માર્ગ. પ્રેય એટલે ભૌતિક- વ્યાવહારિક ઉપલબ્ધિઓનો ને વિકાસનો માર્ગ અને શ્રેયનો માર્ગ એટલે ચેતનાની આધ્યાત્મિક ઉન્નતિનો ને પ્રગતિનો માર્ગ. બાળકના જીવનના પ્રારંભિક વિકાસ અને સંસ્કારસિંચનમાં માતપિતા પ્રથમ ગુરુ સમાન છે, તો તેના શૈક્ષણિક જીવનમાં શિક્ષણનું જ્ઞાન આપનાર શિક્ષકો ગુરુ બને છે અને ત્યાર બાદના સામાજિક, વ્યાવસાયિક અને વ્યાવહારિક જીવનના વિકાસમાં અનેક પ્રકારનાં સલાહ, સૂચન અને માર્ગદર્શન આપનાર દરેકને ગુરુ તરીકે ગણી શકાય. આ બધા પ્રેયમાર્ગે અર્થાત્ વ્યાવહારિક ભૌતિક ક્ષેત્રે વિકાસ સાધવા માટેના માર્ગદર્શક ગુરુઓ છે. ચૈતન્યની આધ્યાત્મિક ઉન્નતિ કરાવવારૂપ શ્રેયમાર્ગમાં ઊર્ધ્વગતિ કરાવનાર પરમાત્માનું સર્વોત્કૃષ્ટ માધ્યમ એવા સાચા સંત એ જ ખરા માર્ગદર્શક અને એ જ ખરા ગુરુ.

શ્રેયમાર્ગમાં ચેતનાની જાગૃતિ, વિકાસ અને પ્રગતિ સધાવી શકે એવા ગુરુની સાચી પરખ થવી અતિ મુશ્કેલ છે, કારણ કે સાચા-ખોટાની પરખ ન હોય તો વ્યક્તિ આધ્યાત્મિક માર્ગે વિકાસ નહિ સાધી શકતા ગમે ત્યાં અટવાઈ પડે છે અથવા પોતાની ચેતનાની ઊર્ધ્વગતિને બદલે અધોગતિ નોતરી

બેસે છે. ઉપર ઉપરનો સંતનો પહેરવેશ, બાહ્ય દેખાવ, વાક્ચાતુર્ય, વશીકરણ, સંમોહન, મેલીવિદ્યા, તંત્રમંત્રના મલિન પ્રયોગો વગેરે દ્વારા ભોળી પ્રજાને આકર્ષિને પોતાની ચુંગલમાં ફસાવી તેનું શારીરિક, માનસિક ને આર્થિક એમ સર્વપ્રકારે શોષણ કરવામાં માહિર એવા દંભી સંતો-ગુરુઓનો આ કળિયુગમાં કોઈ તોટો જ નથી. એવા અનેક કહેવાતા બાબાઓ, ગુરુઓ ને સંતો સમાજમાં મળી રહેશે, પરંતુ કોઈની પાસેથી કોઈ પણ પ્રકારની ઈચ્છા, અપેક્ષા, આશા ન હોય, પોતાનો કોઈ અંગત સ્વાર્થ સાધવાનો હેતુ ન હોય એવા નિઃસ્વાર્થ, નિર્દંભ, નિઃસ્પૃહી, નિરાસક્ત ને નિષ્કામ અને કેવળ જીવોનું  આત્યંતિક શ્રેય કરવાની જ ખેવના ધરાવનાર સંત મળવા અતિ દુર્લભ છે.

અનેક જન્મોનાં પુણ્યકર્મોના સંસ્કારોથી પ્રભુપ્રાપ્તિની તીવ્ર અભિપ્સા ને મુમુક્ષુતા જેમનામાં પ્રગટેલી હોય એવા મુમુક્ષુને પ્રભુની કૃપા દ્વારા પૂર્ણ સંતની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી એવા પૂર્ણ સંતની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સાચા મુમુક્ષુઓએ નિરંતર ભાવપૂર્વક પ્રભુની પ્રાર્થના કર્યા કરવી જોઈએ. એવી હૃદયપૂર્વકની પ્રાર્થનાથી પ્રભુની કૃપા થવાથી સાચા સંતની પ્રાપ્તિ ચોક્કસ થાય છે અને સાચા ગુરુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મુમુક્ષુઓએ સત્કાર્યો, સેવા-ભક્તિ, સત્સંગ, પ્રાર્થના, ભજન-સ્મરણ-કીર્તન વગેરે સત્શાસ્ત્રો દ્વારા દર્શાવેલ સાધન કર્યા કરવાં, પણ દંભી-કપટી ગુરુઓમાં ફસાઈ જઈ અમૂલ્ય જીવન બરબાદ ન થઈ જાય તેની હંમેશાં તકેદારી રાખવી જોઈએ. હજારો – લાખો માણસો જેમનાં ચરણોમાં

આળોટતાં હોય ને તન-મન-ધન ન્યોચ્છાવર કરતાં હોય એવા બાબાઓ પણ કેવી ભ્રષ્ટ પાપલીલાઓમાં રાચતા હોય છે તેનો સમાચાર માધ્યમો દ્વારા પર્દાફાશ થતો રહે છે, માટે સાધકે આવા દંભી ગુરુઓથી સદાય ચેતતા રહેવું જોઈએ. જેમનામાં સાચી મુમુક્ષુતા નથી અને કેવળ ભૌતિક સુખ-સુવિધાઓ, મનોરંજન ને વિષયભોગની પ્રાપ્તિની વાસના છે એવા મનુષ્યોનાં ટોળેટોળાં ઘેટાં-બકરાંની જેમ આવા દંભી ગુરુઓને વળગે છે. 'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે' એ લોકોક્તિ અનુસાર આવા ગુરુઓનો ગોરખધંધો પણ જ્યાં સુધી તેની પોલ ન પકડાય ત્યાં સુધી ચાલે રાખે છે, પરંતુ જેને ખરેખર પ્રભુની પ્રાપ્તિ કરવાની અભિલાષા છે, વાસ્તવિક શ્રેયસિદ્ધિ કરવી છે તેને ચેતવાની જરૂર છે.

સત્શાસ્ત્રોએ સાચા સંતની પરખ કરવાની સંતનાં બત્રીસ લક્ષણરૂપ ગુરુચાવી પણ આપેલી છે. એ બત્રીસ લક્ષણ સાચા-ખોટા સંતની પરખ કરવાની પારાશીશી છે. એ બધા જ ગુણો જેમના જીવનમાં આત્મસાત્ થયેલા હોય એવા પૂર્ણ સંત જ સાચા આધ્યાત્મિક ગુરુ બનવા માટે યોગ્ય છે. એમાં કોઈ કચાશ કે ઊણપ હોય તો તેને પૂર્ણ સંત ન કહી શકાય. જ્યાં સુધી પૂર્ણ સંતરૂપ ગુરુ ન મળે, ત્યાં સુધી પણ દંભી ગુરુઓ કરતાં જે વ્યક્તિ આધ્યાત્મિક સાધનામાં ઉચ્ચ સાધનદશામાં હોય તેનો જોગ કરવો વધુ હિતાવહ ને સલામત છે, કારણ કે તે સાચી દિશા બતાવી શકે છે, પણ દંભી ગુરુઓની જેમ સાધકને ગેરમાર્ગે દોરતી નથી.

અહીં સંત એટલે ભગવા કે ગેરૂઆ વસ્ત્ર પરિધાન કરેલ

વ્યક્તિ એવી ગેરસમજ દૂર કરવાની છે. સંત ભગવા કે સફેદ ગમે તે વસ્ત્રમાં હોઈ શકે છે. અર્થાત્ ગૃહસ્થાશ્રમ કે ત્યાગાશ્રમ ગમે તે આશ્રમમાં સંત હોઈ શકે છે. તેને માટે વિશિષ્ટ વસ્ત્રો કે વિશિષ્ટ આશ્રમની આવશ્યકતા નથી. શ્રીહરિ પણ કહે છે કે, ''જેની સમજણ મોટી તે મોટો. એમાં ત્યાગી-ગૃહીનો કોઈ મેળ નથી.''

શ્રીહરિ વચનામૃત ગઢ. પ્ર. ૭૭માં જણાવે છે, ''જેને ભગવાનનો આશરો હોય તેમાં તો ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે અને જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં તો (ભાગવતના) એકાદશ સ્કંધમાં કહ્યા એવા જે સાધુનાં બત્રીસ લક્ષણ તે આવે છે. માટે જેમાં બત્રીસ લક્ષણ સંતનાં ન હોય તેને પૂરો સાધુ ન જાણવો અને જેને ભગવાનનો નિશ્ચય હોય તેના હૈયામાં તો પ્રભુના કલ્યાણકારી ગુણ જરૂર આવે અને પ્રભુના ગુણ સંતમાં આવે ત્યારે તે સાધુ બત્રીસ લક્ષણે યુક્ત હોય.''

આ જ વચનામૃતમાં અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી વિરચિત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાના ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં બાપાશ્રીએ બત્રીસ લક્ષણ સંક્ષેપમાં કહ્યાં છે. તે લક્ષણના અર્થને વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય એવા હેતુથી અહીં થોડા વિસ્તૃતરૂપે મૂક્યા છે. આ પ્રયાસમાં અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈની પ્રેરણા ને ઉપદેશામૃતનો સહારો લીધો છે.

સંતનાં લક્ષણો શ્રીમદ્ ભાગવત સ્કંધ - ૧૧, અ. ૧૧માં આ પ્રમાણે કહ્યાં છે :–

कृपालु अकृतद्रोहस्तितिक्षुः सर्वदेहिनाम् ।
सत्यासारोऽनवद्यात्मा समः सर्वोपकारकः ॥ २९ ॥
कामैरहतधीदान्तो मृदुः शुचिरकिंचनः ।
अनिहो मितभुक्शान्तः स्थिरो मच्छरणो मुनिः ॥ ३० ॥
अप्रमत्तो गंभीरात्मा धृतिमान्जितषड्गुणः ।
अमानी मानदः कल्पो मैत्रः कारुणिकः कवि ॥ ३१ ॥

આ બધાં લક્ષણો આપણે એક પછી એક સવિસ્તાર જોઈશું.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | કૃપાળુ | ૧ |
| ૨. | અકૃતદ્રોહ | ૭ |
| ૩. | તિતિક્ષુ | ૧૩ |
| ૪. | સત્ય | ૧૭ |
| ૫. | અનવદ્યાત્મા | ૨૩ |
| ૬. | સમ | ૨૬ |
| ૭. | સર્વોપકારક | ૩૧ |
| ૮. | કામૈરહતધી | ૩૬ |
| ૯. | દાન્ત | ૪૨ |
| ૧૦. | મૃદુ | ૪૬ |
| ૧૧. | શુચિ | ૫૦ |
| ૧૨. | અકિંચન | ૫૪ |
| ૧૩. | અનીહ | ૫૮ |
| ૧૪. | મિતભુક્ | ૬૨ |
| ૧૫. | શાન્ત | ૬૭ |
| ૧૬. | સ્થિર | ૭૧ |
| ૧૭. | મચ્છરણ | ૭૬ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૧૮. | મુનિ | ૮૨ |
| ૧૯. | અપ્રમત્ત | ૮૬ |
| ૨૦. | ગંભીરાત્મા | ૯૧ |
| ૨૧. | ધૃતિમાન્ | ૯૭ |
| ૨૨. | જીતષડ્ગુણ | ૧૦૪ |
| ૨૩. | અમાની | ૧૦૯ |
| ૨૪. | માનદ | ૧૧૪ |
| ૨૫. | કલ્પ | ૧૧૯ |
| ૨૬. | મૈત્ર | ૧૨૩ |
| ૨૭. | કારુણિક | ૧૨૭ |
| ૨૮. | કવિ | ૧૩૨ |
| ૨૯. | સત્તમ | ૧૪૧ |
| ૩૦. | ભક્તતમ | ૧૪૫ |
| ૩૧. | અજાતશત્રુ | ૧૫૦ |
| ૩૨. | સાધુભૂષણ | ૧૫૫ |

# સંતનાં લક્ષણ

# ૧. કૃપાળુ = પરદુઃખને સહન નહિ કરનારા

સંતનાં બત્રીસ લક્ષણોમાંનો આ પ્રથમ ગુણ છે. પરમ કૃપાળુ અબજીબાપાશ્રીએ 'વચ. ૨હ. પ્રદીપિકા'માં કૃપાળુનો અર્થ પરદુઃખને સહન નહિ કરનારા એવો કર્યો છે. આ સંસાર જગતમાં આધિ-વ્યાધિ-ઉપાધિથી પીડિત વ્યક્તિને દુઃખી ગણવામાં આવે છે. અ. મુ. સ. ગુ. પ્રેમાનંદ સ્વામીએ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે ગાયું છે કે

'કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય.
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણાદૃષ્ટિએ રે દેખી વાન જ વાળે.'

એમ ભક્તનું કોઈ પણ પ્રકારનું દુઃખ પરદુઃખભંજન એવા પરમાત્મા દેખી નથી શકતા. એમને દીન-દુઃખી ઉપર તરત જ કરુણા ઊપજે છે અને ભક્તની આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ ત્રિવિધ તાપમાં રક્ષા તેમ જ સહાય કરે છે.

કૃપાનો સામાન્ય અર્થ આપણે દયા એવો કરતા હોઈએ છીએ, પરંતુ કૃપાનો અર્થ ઘણો વિશદ્ છે. દયાપાત્ર અર્થાત્ દયાને પાત્ર હોવું. કોઈ ધનવાન વ્યક્તિ ગરીબને લાચાર-દુઃખિયો જાણી તેની ઉપર દયા લાવી તેને થોડી આર્થિક મદદ કરે તે દયા છે. તેમાં દયા યાચકની લાચારી અને તેની ઉપર દયા કરનારની 'મેં કંઈક આપ્યું' એવી દાતા બનવાની સૂક્ષ્મ

અહંકારવૃત્તિ ભળેલી હોય છે. આ પ્રકારના વ્યવહારમાં દયા મેળવનારની યોગ્યતા જોવામાં આવતી નથી, તેની લાચારી જોવામાં આવે છે, જ્યારે કૃપા મેળવવા માટે યોગ્યતા-પાત્રતા હોવી આવશ્યક છે. વ્યક્તિમાં કૃપા ઝીલવાની પાત્રતા આવે એટલે સત્પુરુષનો કૃપાપ્રસાદ વણમાગ્યો મળી રહે છે, તેને માટે વ્યક્તિએ માગણી કરવી પડતી નથી. દયા મેળવવા માટે વ્યક્તિએ ભટકવું પડતું હોય છે. દયા એટલે mercy અને કૃપા એટલે grace. આટલો મોટો તફાવત છે. There is vast difference between mercy and grace.

સાચા સંત એવા દયાળુ હોય છે કે કોઈક સેવા કરે એના ઉપર જ દયા કરે અને સેવા ન કરે એના ઉપર દયા ન કરે એવું નથી. તેમને તો સર્વ જીવો ઉપર સહેજે જ કરુણાભાવ નિપજે છે. તેમને કોઈ સ્વાર્થી હેતુ સાધવાનો છે જ નહિ. પરમાત્માનો જે સર્વજીવ ઉપર નિષ્કારણ કરુણા વરસાવવાનો ભાવ છે એવો જ ભાવ સંતમાં પણ હોય છે. એટલા માટે જ પરમાત્મા તથા સંતને સર્વજીવહિતાવહ કહેવામાં આવે છે.

કૃપાળુ એ પરમાત્માનો દિવ્ય ગુણ છે. પરમાત્માની પ્રાપ્તિ કરેલા સત્પુરુષમાં જ એ ગુણ પૂર્ણરૂપે આત્મસાત્ થયેલો હોય છે. કૃપા એટલે અનુગ્રહાશક્તિ, એ દિવ્યશક્તિ છે. સત્પુરુષના માધ્યમ દ્વારા પરમાત્મા જ એ શક્તિનું પાત્ર થયેલા સાધક ઉપર અવતરણ કરે છે. સંતના યોગમાં કે દૃષ્ટિમાં આવનાર જીવોના અનંત જન્મોનાં કર્મબંધન દૂર થઈ તેમાં આત્યંતિક કલ્યાણનું બીજ રોપાઈ બીજબળ થાય છે, એ પણ સંતકૃપાથી શક્ય બને છે. જે મુમુક્ષુ સાધક પ્રભુપ્રાપ્તિ

માટેના, પ્રભુપ્રસન્નતાના સાધન દ્વારા પાત્રતા કેળવે છે અને એની ઉપર સંતની અનુગ્રહાશક્તિ ઊતરે છે અને સાધક તેનો કૃપાસ્પર્શ પામે છે એ વિશિષ્ટ પ્રકારની હોય છે. એ કૃપાશક્તિ દ્વારા ચૈતન્યની ઊર્ધ્વગતિ થઈ બધા જ પ્રકારનાં કર્મબંધનો તથા મૂળઅજ્ઞાન – અવિદ્યાનાં આવરણો, બાધિતાનુવૃત્તિનાં આવરણો સંપૂર્ણપણે દૂર થઈ સાધકચૈતન્યમાં આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. પછી એ સાધક પણ સિદ્ધ, મુક્ત, પૂર્ણ સંત બની જાય છે. જેમ જ્યોતથી જ્યોત જલે, એમ સંતની અનુગ્રહાશક્તિ દ્વારા સાધક પણ એવો અનુગ્રહ કરનાર સંત જેવો સંત બની જાય છે. જેમ પારસથી પારસ બને એમ. આ જ કૃપાળુનું પરાકાષ્ઠારૂપ સર્વોચ્ચ લક્ષણ છે. પૂર્ણ મુક્તને માધ્યમ બનાવી પરમાત્મા જ પાત્ર સાધક ઉપર સ્પર્શ દ્વારા, દૃષ્ટિ દ્વારા, વાણી દ્વારા અથવા કેવળ સંકલ્પ દ્વારા પણ કૃપા ઉતારે છે.

સાંસારિક દુઃખો એ જ માત્ર દુઃખ નથી, પરંતુ મુમુક્ષુ સાધકને આધ્યાત્મિક સાધનામાં નડતા લય-વિક્ષેપ-કષાય-રસાસ્વાદ વગેરે વિક્ષેપો, વિઘ્નો ને અપૂર્ણતા એ પણ મોટા દુઃખો છે. સાધકનાં એ દુઃખોને નહિ સહન કરવારૂપ પોતાના સહજ સ્વભાવને લઈને કૃપાળુ સંત સાધક ઉપર વિશિષ્ટ કૃપા પ્રદાન કરી તેને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી પૂર્ણ બનાવે છે, પરંતુ આવી કૃપા મેળવવા માટે સાધકની પાત્રતા અનિવાર્ય છે. પાત્રતા આવ્યા સિવાય એ કૃપાશક્તિ ઝીલી શકાતી જ નથી, એટલે બાપાશ્રી કહે છે કે, ‘‘આશીર્વાદ (કૃપા) તો મૂર્તિમાંથી નીકળ્યા જ કરે છે, પણ

તેને કોઈ ઝીલનાર ન હોય તો તે પાછા મૂર્તિમાં જતા રહે છે.'' માટે આવી અનુગ્રહાશક્તિ - કૃપાશક્તિ ઝીલવા માટેની પાત્રતા કેળવવા માટે મુમુક્ષુએ સતત જાગૃત રહી પુરુષપ્રયત્ન કરવો જોઈએ.

એવી પાત્રતા માટે પ્રભુપ્રસન્નતાનાં સાધન જે ધ્યાન-ભજન, સેવા-ભક્તિ, પ્રભુની સર્વોપરી ઉપાસના, નિયમધર્મ તથા પંચ વર્તમાનનું પાલન અને સત્પુરુષના જોગ-સમાગમ-સેવા-અનુવૃત્તિ એ સાધનો નિષ્ઠાપૂર્વક કર્યાં કરવા જોઈએ. કૃપાળુ એવો સંતનો ગુણ જે સ્વયં પરમાત્માનો જ કલ્યાણકારી દિવ્યગુણ છે એ સંતસમાગમથી જ, સત્સંગથી જ અને એ પણ સંતકૃપા દ્વારા જ સાધકમાં આવે છે. એ સિવાય બીજો કોઈ Short cut — ટૂંકા માર્ગરૂપ ઉપાય નથી.

અનાદિમુક્ત પૂ. શ્રી નારાયણભાઈ જણાવતા કે, ''દયાપાત્ર હોવું, કૃપાપાત્ર હોવું અને કૃપામય હોવું તેમાં ઘણો તફાવત છે.'' ગરીબ, લાચાર, દુઃખી વ્યક્તિ દયાપાત્ર ગણાય. ધ્યાન - ભજન - આજ્ઞા - ઉપાસના વગેરે પ્રભુપ્રસન્નતાનાં સાધનો કરી મુક્તપુરુષનો જોગ - સમાગમ - સેવા કરી પ્રભુકૃપા ઝીલવા સક્ષમ થાય તે કૃપાપાત્ર કહેવાય. કૃપાપાત્ર એ એકાંતિકની સ્થિતિ છે અને કૃપામય એટલે પ્રભુરૂપ થયેલા, પ્રભુનું પરમ સાધર્મ્ય પામેલા સિદ્ધમુક્તો, જેમને માધ્યમ બનાવી પ્રભુ પોતાની અનુગ્રહા — કૃપાશક્તિ કૃપાપાત્ર થયેલા ઉપર ઊતારે છે તેને કૃપામય કહેવાય.

શ્રીજીમહારાજ વચ. સા. ૧૧માં જણાવે છે કે :— ''સદ્‌ગુરુ, ને સત્શાસ્ત્રને વચને કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય

અને દૃઢ શ્રદ્ધાવાન હોય અને અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્ય તેને અતિ દૃઢ પાળતો હોય અને અહિંસાધર્મને વિશે દૃઢ પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય તો તેને માથેથી જન્મ-મરણની નિવૃત્તિ થઈ જાય છે. જેમ શાળને માથેથી ફોતરું ઊતર્યું તે શાળ પાછી ઊગે નહિ, તેમ કહ્યા એવે ગુણે કરીને જે યુક્ત હોય તે જન્મ-મરણ થકી રહિત થાય છે ને આત્મસત્તાને પામે છે. આટલું પુરુષપ્રયત્ને કરીને થાય છે અને પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણેયુક્ત હોય તે ઉપર જ થાય છે ને જ્યારે પરમેશ્વરની કૃપા થાય, ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે.''

આ રીતે પુરુષપ્રયત્ન દ્વારા સાધક કૃપાપાત્ર થાય ત્યારે જ તેની ઉપર પ્રભુની અથવા પૂર્ણ સંતની કૃપા થાય એટલે એ મુક્તદશાને પામે છે. સાચા સંત પણ પહેલાં સકામ ભાવવાળાને આવશ્યકતા જણાય તો થોડું ભૌતિક સુખ આપીને પરમાત્માના આત્યંતિક દિવ્યસુખની સાચી સમજણ આપી સર્વોપરી ઉપાસનાની દૃઢતા કરાવી ધીમે ધીમે નિષ્કામ બનાવી પ્રભુપ્રાપ્તિ કરાવે છે. કષ્ટો ને દુઃખો દૂર કરવા, ભૌતિક સુખ પ્રદાન કરવું તે સામાન્ય કૃપા છે, પરંતુ સાધકને પણ સિદ્ધ મુક્તદશા પ્રદાન કરવી એ વિશિષ્ટ કૃપા છે. એવી કૃપા કરનાર જ સાચા કૃપાળુ સંત !

શ્રીજીમહારાજ તથા તેમના સમકાલિન સ. ગુ. ગોપાળાનંદ સ્વામી, સ. ગુ. મુક્તાનંદ સ્વામી, સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી, સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુશ્રીઓના કૃપાળુપણાનો ગુણ દર્શાવતાં અસંખ્ય

ઉદાહરણો છે. શ્રીજીસંકલ્પ સ્વરૂપ પરમ કૃપાળુ બાપાશ્રીએ સ. ગુ. ઈશ્વરચરણદાસજી સ્વામી, સ. ગુ. વૃંદાવનદાસજી સ્વામી, સ. ગુ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, સ. ગુ. મુનિસ્વામી કેશવપ્રિયદાસજી સ્વામી, નિર્ગુણાનંદ બ્રહ્મચારી વગેરે સંતોને તથા દેવરાજબાપા, મનસુખબાપા વગેરે અનેક હરિભક્તોને શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી અનાદિમુક્તની આત્યંતિક સ્થિતિ પ્રાપ્ત કરાવી છે.

સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાના સ્થાપક અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈ પણ અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિ ધરાવતા હોવાથી પોતાના જોગમાં આવનાર તથા દૃષ્ટિમાં આવનાર અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ થાય એવો દિવ્ય સંકલ્પ કરતા. તેમાં ઘણા મુમુક્ષુઓને તેમની પાત્રતા પ્રમાણે દિવ્ય અનુભવો પણ થયેલા છે.

પરમ કૃપાળુ પરમાત્મા તથા તેમના દિવ્યસ્વરૂપમાં રસબસ સ્થિતિ ધરાવનારા અનાદિમુક્તો દ્વારા કૃપાવર્ષા સતત થયા જ કરે છે. તેને પામવા મુમુક્ષુએ પાત્ર થવા જાગૃત રહી સંનિષ્ઠ પ્રયત્ન કરવો એ જ એનું કર્તવ્ય છે.

# ૨. અકૃતદ્રોહ = સર્વે પ્રાણીમાં કોઈનો દ્રોહ નહિ કરનારા

દ્રોહ એટલે મન - કર્મ - વચનથી કોઈનું શારીરિક, માનસિક કે આધ્યાત્મિક એમ કોઈ પણ પ્રકારે રાગ-દ્વેષથી પ્રેરાઈને કે પોતાનો સ્વાર્થ સાધવાના હેતુથી અહિત કરવું, કોઈનો અવગુણ – અભાવ લેવો, મિથ્યાપવાદ આરોપણ કરવો વગેરે અપરાધ કર્મો એ દ્રોહ છે ને એ સૂક્ષ્મ હિંસા છે. અંગ્રેજીમાં દ્રોહને offence કહે છે.

આત્મા – પરમાત્માના સાક્ષાત્કારવાળા પૂર્ણ સંતને સર્વ પ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન થતાં હોવાથી અને પોતાને પરમાત્માના દિવ્યસ્વરૂપ સાથે સર્વત્ર વ્યાપક અનુભવતા હોવાથી દરેક જીવપ્રાણીમાત્ર આત્મવત્ લાગે છે. તેઓ જાણે છે કે સર્વ જીવનો ચૈતન્ય તો મૂળભૂત રીતે શુદ્ધ ને નિર્મળ જ છે, કેવળ મૂળમાયાનાં, અજ્ઞાન- અવિદ્યાનાં, કર્મસંસ્કારોનાં આવરણોને લઈને તેનામાં દોષો ને મલિનતા ભાસે છે. જેવા એ બધાં આવરણો ખસી જાય તો ચૈતન્ય નિર્મળ ને નિર્દોષ બની જાય છે. પૂર્ણ પરબ્રહ્મ પરમાત્માનો એવો સંકલ્પ જ છે કે દરેક જીવાત્મા પૂર્ણ બને. એટલે મોડા-વહેલા દરેક જીવ ચોક્કસ પૂર્ણતાને પામવાના જ છે. આવું જ્ઞાન હોવાથી સત્પુરુષને ક્યારેય પણ કોઈનો અવગુણ - અભાવ આવતો જ નથી. અરે! કોઈને વિશે અશુભ સંકલ્પ પણ થતો નથી તો

મન-વચન-કર્મે કોઈનો દ્રોહ કરવાનો તો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એવા પૂર્ણ સંતમાં અકૃતદ્રોહનું લક્ષણ પૂર્ણરૂપે વિકસેલું હોય છે. અ. મુ. સ. ગુ. ગોપાળાનંદ સ્વામી એમ કહેતા હતા કે, ''મને દૈવી કે આસુરી એવા કોઈ પણ જીવમાત્ર વિશે ક્યારેય અભાવ નથી આવતો.'' અ. મુ. પૂ. નારાયણભાઈ પણ કહેતા કે, ''મને સર્વમાં ભગવાન સ્વામિનારાયણનાં દર્શન થાય છે. બધાના ગુણ-દોષનું જાણપણું હોવા છતાં પણ કોઈનો અભાવ-અવગુણ આવતો નથી, કારણ કે હું જાણું છું કે પ્રભુના સૃષ્ટિસર્જનમાં જીવો ઉત્ક્રાંતિમાં આગળ વધતા અંતે પૂર્ણસ્થિતિને જરૂર પામશે.''

આમ સંત અકૃતદ્રોહ હોવાથી કોઈનો દ્રોહ તો કરતા જ નથી, પરંતુ સાધક મુમુક્ષુને તેના દોષો ને નબળાઈઓ પ્રત્યે સભાન બનાવી તેને ટાળવામાં ચોક્કસ સહાય કરે છે. તે માટે સાચી સમજણ ને સદ્‌બોધ આપે છે ને ક્યારેક જરૂર જણાય તો કડક વલણ અપનાવીને પણ શરણાગત સાધકના દોષો દૂર કરવામાં મદદ કરે છે.

અ. મુ. પૂ. નારાયણભાઈ કહેતા કે, ''કેટલીકવાર દ્રોહની વ્યાખ્યા યથાર્થ ન સમજાઈ હોય ત્યારે કોઈ સાધુનું, બ્રહ્મચારીનું, પાર્ષદનું, આચાર્યનું કે હરિભક્તનું અધર્માચરણ જોઈને કેટલાક આંખ આડા કાન કરે છે ને ધર્મલોપ કે પ્રભુની આજ્ઞાનો લોપ ચલાવે છે, કારણ કે તેઓને એવી ગેરસમજ હોય છે કે જો તેમને વિશે અવગુણ- અભાવ લઈશું કે કંઈક વિરોધ પ્રદર્શિત કરીશું તો તેમનો દ્રોહ થઈ જશે ને આપણા જીવનું બગડી જશે, એવા ભયથી ધર્મલોપ કરનારનો વિરોધ

કરતા નથી અને પોતાની ઊણપને લઈને પણ વિરોધ કરી શકતા નથી.''

દ્રોહ એટલે મન - વચન - કર્મથી કોઈનું કોઈપણ પ્રકારે અહિત કરવું તે દ્રોહ છે, પરંતુ પ્રભુએ આપેલાં પંચ વર્તમાનરૂપી આજ્ઞાનો લોપ કોઈ જાણી જોઈને કરતું હોય, ધર્મભંગ કરતું હોય તો તેને સાચી સમજણ આપી તેમ કરતાં અટકાવવો તેમાં તેનું હિત સમાયેલું હોવાથી તે દ્રોહ નથી, પણ અદ્રોહ છે. ધર્મલોપ કે આજ્ઞાલોપનો વિરોધ ન કરી તેને ધર્મલોપ કરતાં ન અટકાવવો એ જ દ્રોહ છે, કારણ કે તેમ ન કરવાથી ધર્મલોપ કરનારને છૂટો દોર મળી જાય છે ને તે પોતાની સાથે અન્યની પણ અધોગતિ નોતરે છે. માટે સમર્થ ધર્મપરાયણ અધિકારી વ્યક્તિએ તેનો સમજણપૂર્વક વિરોધ કરી આજ્ઞાલોપ - ધર્મલોપ અટકાવવો જ જોઈએ, નહિતર તે વ્યક્તિના અધર્માચરણમાં મૂક સંમતિ દર્શાવી ગણાય અને તેનો દોષ પણ લાગે. માટે કોઈનો ધર્મલોપ અટકાવવા પ્રયત્ન કરવો એ દ્રોહ નથી, પણ અદ્રોહ છે. શ્રીજીમહારાજે વચનામૃત ગઢ. પ્ર. ૧૮માં આ બાબતનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. તેમાં આજ્ઞાલોપ ચલાવનાર અધિકારીવર્ગને બ્રહ્મરાક્ષસનો દેહ આવશે એવી ચીમકી પણ આપી છે.

સાચા સત્પુરુષને ક્યારેય કોઈનો અવગુણ - અભાવ આવતો નથી, પરંતુ કોઈ જીવનું અહિત થતું હોય તેવો ધર્મલોપ - આજ્ઞાલોપ અટકાવવા પ્રેમપૂર્વક સમજ આપીને અથવા આવશ્યક કડક વલણ દ્વારા પણ પ્રયત્ન જરૂર કરે છે, કારણ કે ચૈતન્યનું ઊર્ધ્વીકરણ કેમ થાય એ ઉપર જ તેમની

દૃષ્ટિ હોય છે. આમ અકૃતદ્રોહનું લક્ષણ યથાર્થ પરિપ્રેક્ષ્યમાં સમજવું ઘટે.

અકૃતદ્રોહનું લક્ષણ સિદ્ધ કરેલા સંત વિશે આપણે જાણ્યું. હવે સાધક સંતને અકૃતદ્રોહનો ગુણ સિદ્ધ કરવા માટે દ્રોહ નહિ કરવા વિશેના શ્રીહરિનાં વચનો જોઈએ. શ્રીહરિએ વચ. વ. ૧૧માં કહ્યું છે કે, ‘‘ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ અને ગરીબ – આટલાનો ક્યારેય દ્રોહ ન કરવો.’’ તે વચનામૃતના રહસ્યાર્થમાં અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી આ વાતની સ્પષ્ટતા કરતાં કહે છે :–

‘‘શ્રીજીમહારાજને નિરાકાર તથા અકર્તા જાણે ને તેમની બાંધેલી જે પંચ વર્તમાન સંબંધી આજ્ઞા તે ન પાળે તેણે શ્રીજીમહારાજનો દ્રોહ કર્યો કહેવાય અને આજ્ઞા યથાર્થ પાળતા હોય ને ધ્યાન-ભજન કરતા હોય તેને ધ્યાન-ભજન કરવામાં વિક્ષેપ કરે, દુઃખ દે, તાડન કરે ને એનું ભૂંડું થવાનો સંકલ્પ કરે, એવી રીતે ભક્તનો દ્રોહ થાય છે અને બ્રાહ્મણનાં લક્ષણેયુક્ત એવા બ્રાહ્મણને ભયંકર વચને કરીને ડારો દે તથા આજીવિકા તોડે એમ દુઃખવે તે બ્રાહ્મણનો દ્રોહ કર્યો કહેવાય અને ગરીબને વિના વાંકે પીડે તથા વઢે, તાડન કરે એમ દુઃખ દે તે ગરીબનો દ્રોહ કર્યો કહેવાય.’’

શ્રીજીમહારાજ વચ. ગ. છે. ૨૨માં પણ જણાવે છે :–

‘‘પંચ મહાપાપ કરનારનો તો કોઈ કાળે છૂટકો થાય છે, પણ ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરે તે રાક્ષસ થઈ જાય છે અને પરિપક્વ દ્રોહી ન થયો હોય તેની દ્રોહબુદ્ધિ મોટા પુરુષને સંગે ટળે છે, અને પરિપક્વ દ્રોહીની કોઈ યોગે

દ્રોહબુદ્ધિ ટળતી નથી અને ભગવાનના ભક્તનો દ્રોહ કરનાર ઉપર ભગવાનનો અતિશય કુરાજીપો થાય છે ને તેણે ભગવાનને વશ કર્યા હોય ને જેમ હાથ સેવા કરે, તેમ હાથની પેઠે સેવા કરતો હોય તો પણ ભગવાન તેનો ત્યાગ કરી દે છે અને જેનો દ્રોહ કર્યો હોય તેને રાજી કરે તો જ દ્રોહથી મુકાય છે. માટે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો.''

શિક્ષાપત્રીમાં પણ શ્રીહરિ પોતાનો તથા પારકાનો દ્રોહ થાય એવું સત્યવચન ન બોલવાનો પણ વિવેક શિખવે છે.

મનુષ્યજન્મ મળ્યા છતાં ગમે તેવા ધર્મરહિત, અનિષ્ટ ને પાપમય આચરણ દ્વારા પોતાના આત્માની આત્યંતિક મોક્ષની ઊર્ધ્વગતિ અવરોધવી એવું આત્મઘાતી વલણ એ પણ પોતાનો દ્રોહ છે. માટે પ્રભુની આજ્ઞાપરાયણ સદ્‌ધર્મયુક્ત વાણી - વ્યવહાર ને આચરણ દ્વારા પોતાનો દ્રોહ થતો પણ અટકાવવો એ સાધક માટે અનિવાર્ય છે.

અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી કહે છે કે :—

''જ્યારે મહારાજ આપણું પ્રારબ્ધ છે, ત્યારે આપણે કોઈને ગાળ દેતાં પણ વિચાર કરવો, કારણ કે સુખ-દુઃખ શ્રીજીમહારાજની ઇચ્છાથી જ આવે છે. જો આપણે કોઈનું અનિષ્ટ ઇચ્છીએ તો શ્રીજીમહારાજના નિશ્ચયમાં એટલો ફેર છે અને મહારાજને સર્વકર્તા જાણતા નથી.''

*— બાપાશ્રીની વાતો, ભાગ - ૨, વાર્તા - ૩૫*

આ રીતે શ્રીજીમહારાજ તથા તેમના મુક્તનાં વચનો પણ સાધકને અકૃતદ્રોહ બનવામાં અતિ ઉપયોગી ને સહાયરૂપ

છે. આમ કોઈ પણ પ્રકારે કોઈનો દ્રોહ ન થાય તે અકૃતદ્રોહનું લક્ષણ છે. એવા લક્ષણને સિદ્ધ કરેલા સંતનો સમાગમ કરી તેમની આજ્ઞા - અનુવૃત્તિમાં વર્તી તેમની પ્રસન્નતા મેળવે ને કોઈનો દ્રોહ મન - વચન - કર્મે પણ ન થાય તેવી સદાય જાગૃતિ રાખે તો સાધક સંતમાં પણ આ અકૃતદ્રોહનું લક્ષણ આત્મસાત્ થઈ જાય છે.

# ૩. તિતિક્ષુ = ક્ષમાવાન

તિતિક્ષુનો શબ્દકોષ પ્રમાણે ક્ષમાવાન, સહિષ્ણુ, સહનશીલ એવો અર્થ થાય છે. આ જીવાત્માને મનુષ્યજન્મ આવે ત્યારે જીવનમાં અનેક પ્રકારની વિટમણાઓ, કષ્ટો, પીડાઓ, મુશ્કેલીઓ વગેરે સહન કરવાનું આવે છે. આધિ - વ્યાધિ - ઉપાધિ, અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રિવિધ તાપો સહન કરવાં પડે છે. આધિ એટલે મન સંબંધી તકલીફો જેવી કે ચિંતા, હતાશા, મનોવ્યથા વગેરે. વ્યાધિ એટલે વિવિધ પ્રકારની શારીરિક બીમારીઓ, રોગો અને ઉપાધિ એટલે અનેક પ્રકારની આફતો, મુશ્કેલીઓ. આધિભૌતિક અર્થાત્ પાર્થિવ, શારીરિક રોગાદિ તકલીફો તથા અન્ય જીવો દ્વારા સર્જાયેલી તાડન, શિક્ષા, સજા વગેરે તકલીફો. આધ્યાત્મિક અર્થાત્ મનસંબંધી, અંતઃકરણ સંબંધી તકલીફો તથા આધિદૈવિક એટલે આસુરી અદૃષ્ટ શક્તિઓ દ્વારા આવતી આફતો જેમ કે ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ તથા કુદરતી હોનારતો જેવી કે દુષ્કાળ, ભૂકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર, વાવાઝોડાં વગેરે. આ બધું તો જન્મ ધર્યો એટલે સહન કરવું જ પડે તેમાં છૂટકો નથી. આવાં બધાં દુઃખોને સામાન્ય માનવી સતત રોષ પ્રગટ કરતો, અન્ય પાસે દુઃખોની ફરિયાદો કરતો, રુદન કરતો ભોગવતો રહે છે. પોતાના નસીબને કોસીને પરમાત્માને પણ ગાળો દ્વારા નવાજતો હોય છે. તેને કોઈ પણ

આપત્તિ કે કષ્ટમાં પોતાની ભૂલો દેખાતી જ નથી. બધા દોષોનો ટોપલો બીજા ઉપર ઠાલવી દેવાની તેની આદત હોય છે.

સામાન્ય માનવીની કષ્ટો અને આપત્તિઓને સહન કરવાની આ રીતથી સંતપુરુષોની કષ્ટો સહન કરવાની રીત બિલકુલ વિપરિત હોય છે. તેઓ બધાં પ્રકારનાં કષ્ટોને, પીડાઓને પ્રસન્ન ચિત્તે સહન કરે છે. તેમણે આત્મનિષ્ઠા ને ભગવન્નિષ્ઠા દ્વારા પોતાના ઇંદ્રિયો અંતઃકરણ ઉપર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધેલું હોવાથી ત્રિવિધ તાપમાં ક્યારેય તપતા નથી અર્થાત્ ઉદ્વિગ્ન થતા નથી, વિચલિત થતા નથી. આ જગતની દ્વંદ્વાત્મક પરિસ્થિતિ જેવી કે માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક, લાભ-હાનિ, નિંદા-સ્તુતિ અનુકૂળતા-પ્રતિકૂળતા, શીત-ઉષ્ણ, પ્રિય-અપ્રિય, શુભ-અશુભ વગેરેમાં સ્થિર અને સ્થિતપ્રજ્ઞ રહી શકે છે. ગમે તેવા અજ્ઞાની ને આસુરી જીવોના અપરાધોને પણ સહન કરી ક્ષમા પ્રદાન કરે એવા ક્ષમાવાન હોય છે.

શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં કહે છે :—

गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीय हितं च तैः ॥ २०१ ॥

અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. શિ. શ્લો. ૨૦૧

આમ તિતિક્ષુ ગુણ કેળવી સાધુમાંથી સાચા સંત બનવા માટે શ્રીહરિએ ઉપર્યુક્ત આજ્ઞા કરી છે. ગમે તેવા અજ્ઞાની, આસુરી જીવો ગાળો દે, અપમાન કરે કે માર મારે તો તે બધું સહન કરવું, પણ સામે ગાળ ન દેવી તથા પ્રતિકારરૂપે સામે મારવું પણ નહિ. આટલું જ માત્ર નહિ, પણ તેનું હિત થાય એવું જ ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો સંકલ્પ પણ ન કરવો. આ વચનો વાંચવામાં જેટલાં સરળ લાગે છે એટલાં જ વર્તનમાં ઊતારવા મુશ્કેલ છે. આ તિતિક્ષુના ગુણની પરાકાષ્ઠા છે ને બહુ જ કઠીન તપશ્ચર્યા છે. પરમાત્માનો તિતિક્ષારૂપ આ ગુણ પરમાત્મારૂપ થયેલા સંતમાં જ પૂર્ણપણે વિકસિત હોય છે. જીવાત્માના ગમે તેવા નિકૃષ્ટ અપરાધોને પણ ક્ષમા અર્પવી એવા સર્વોચ્ચ ક્ષમાવાન તો પરમાત્માના સિદ્ધ મુક્તો જ હોય છે.

શ્રીજીમહારાજે તથા તેમના સમકાલિન સંતો - હરિભક્તોએ અજ્ઞાની ને આસુરી જીવોના અનેક પ્રકારનાં અપરાધો ને કષ્ટોને સહન કરીને ક્ષમા આપી છે એવાં હજારો ઉદાહરણો સત્સંગના ઈતિહાસમાં નોંધાયેલા છે. શ્રીજીમહારાજ આણંદ ગામમાં પધારેલા ત્યારે દ્વેષીજનોએ કાદવ, છાણાં, પથ્થરો મારી ખૂબ જ અપમાન કરેલું. એ વખતે વડતાલના ભયંકર લૂંટારા એવા જોબનપગી તથા અન્ય શૂરવીર કાઠી હરિભક્તો સાથે હતા, તો પણ શ્રીહરિએ તે સર્વેની પ્રતિશોધની ભાવના ત્યાગ કરાવી ક્ષમા કરતાં શિખવાડ્યું હતું. અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ માનકૂવા ગામની સભામાં કોઈ દ્વેષીએ પથ્થર માર્યો તેને પણ ક્ષમા

આપી તેના આત્યંતિક કલ્યાણનો સંકલ્પ કરેલો.

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' ક્ષમા એ વીર પુરુષનું ભૂષણ અર્થાત્ ઘરેણું છે. નિર્બળ વ્યક્તિનો કોઈ અપરાધ કરે ત્યારે એ સામે પ્રતિકાર ન કરી શકે એ ક્ષમા નથી. એ તો પોતાની નબળાઈ કે કાયરતાને લીધે પ્રતિકાર કરી શકતો નથી અને સમસમીને બેસી રહે છે, પણ મનમાં ક્રોધનો દાવાનળ ભભૂકતો રહે છે. જ્યારે વીર અને સમર્થ વ્યક્તિ પ્રતિકાર કરવા માટે પૂર્ણ રીતે સક્ષમ હોવા છતાં અપરાધીને હૃદયથી ક્ષમા પ્રદાન કરે છે. આ બહુ મોટો તફાવત છે. આમ અપરાધીને ક્ષમા અર્પવાથી ક્ષમા આપનારનાં પાપકર્મો અપરાધીને વળગે છે ને અપરાધીનાં પુણ્યકર્મો ક્ષમાવાનને મળે છે. સાચા સંત હંમેશાં ક્ષમાવાન રહે છે.

ક્ષમા એ સાત્ત્વિક શક્તિ છે. તે હકારાત્મક શક્તિ અર્થાત્ positive energy છે. ક્ષમા આપવાથી સાધકનું ચિત્ત ઉદ્વિગ્ન થતું નથી એટલે આધ્યાત્મિક સાધનામાં વિક્ષેપ રહિત એકાગ્ર થઈ શકે છે અને ક્ષમાનો ગુણ વિકસિત થયેલો ન હોય તો ચિત્ત ઉદ્વિગ્ન થઈ તમોગુણ વ્યાપે તેથી સાધનામાં વિક્ષેપ આવે અને ક્રોધ, તિરસ્કાર, ધિક્કાર, વૈમનસ્ય વગેરે નિકૃષ્ટ ભાવના ઉદ્ભવવાથી સાધકની આધ્યાત્મિક ઊર્ધ્વગતિ અવરોધાય એટલે સાધક માટે ક્ષમાવાન બનવું અતિ આવશ્યક છે. આવો ગુણ કેળવવા માટે સાધકને સાંખ્યજ્ઞાને કરીને આત્મનિષ્ઠા અને ભગવન્નિષ્ઠા દૃઢ કરવાથી તિતિક્ષુનું લક્ષણ સિદ્ધ થાય છે.

## ૪. સત્ય = સત્ય એ જ છે સાર (બળ) જેને

સત્યનો શબ્દકોષમાં અર્થ છે વાસ્તવિક, સાચું, ખરું, યથાર્થ, યોગ્ય. રાજયોગ અર્થાત્ અષ્ટાંગ યોગનાં આઠ અંગો છે – યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ. તેમાંનું પ્રથમ અંગ યમ છે. આ યમ પાંચ છે – અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ. તેમાંનું બીજું છે સત્ય. હકીકતોને જેવી હોય તેવી યથાર્થ જણાવવી તેનું નામ સત્ય. આપણે કરેલાં કર્મોનાં ફળ સત્ય દ્વારા પ્રાપ્ત થાય છે. એમ પાતંજલિ મુનિ જણાવે છે, ‘‘સત્યમાં સર્વકંઈ પ્રતિષ્ઠિત છે. સત્ય દ્વારા સર્વકંઈ મળે છે.’’ પાતંજલ યોગસૂત્રોમાં પાતંજલિ મુનિ કહે છે :–

सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ॥ ३६ ॥

અર્થાત્ સત્યમાં પ્રતિષ્ઠિત થવાથી સાધક કર્મો કર્યા વગર કર્મનું ફળ પ્રાપ્ત કરવાની સિદ્ધિ મેળવે છે. સ્વામી વિવેકાનંદજી આ વિશે જણાવે છે કે, ‘‘જ્યારે સત્યની શક્તિ સાધકમાં દૃઢ થાય, ત્યારે સાધક સ્વપ્નમાં પણ જૂઠું નહિ બોલે. મન-વચન-કર્મથી હંમેશાં સત્યનું જ આચરણ કરશે. તે સાધકમાં વચનસિદ્ધિની શક્તિ ઉદ્ભવશે. એ જે કંઈ બોલશે તે તત્કાળ સિદ્ધ થઈ જશે. એટલે જ સંત જે આશીર્વાદ આપે તે પ્રમાણે તરત જ થઈ જતું હોય છે. અનાદિમુક્ત પૂ. શ્રી નારાયણભાઈનાં વચનો તત્કાળ સિદ્ધ થઈ જતાં એવાં

અસંખ્ય ઉદાહરણો છે.

સત્ય એ મહાવ્રત છે. પ્રત્યેક વ્રત સાધકની સહિષ્ણુતા, ધૈર્ય, ત્યાગ અને મૂલ્ય ચૂકવવાની એની કેટલી તૈયારી છે તેની કસોટી કરે છે. મોટા ભાગના મનુષ્યને મતે સત્ય એટલે કેવળ સાચું બોલવું, પરંતુ મહાભારતમાં વ્યાસ મુનિએ સત્યનાં (૧૩) તેર રૂપ ગણાવ્યાં છે. તે છે : સત્યપરાયણતા, ન્યાયાચરણ, આત્મસંયમ, આડંબરહીનતા, ક્ષમા, નમ્રતા, સહિષ્ણુતા, અનસૂયા (ઈર્ષ્યા-દ્વેષનો અભાવ), દાક્ષિણ્ય, પરોપકાર, આત્મવિજય, દયા અને અહિંસા આ તેર પ્રકારે જે વ્યક્તિ આચરણ કરે તે સત્યાચરણ છે. સત્યનો માર્ગ ઉપરથી સરળ લાગે, પણ તે તલવારની ધાર ઉપર ચાલવા જેટલો કઠિન માર્ગ છે. સત્ય એ પરમ સત્ય પરમાત્માનું જ સ્વરૂપ હોવાથી સત્યના સંપૂર્ણ આચરણ વગર પરમાત્માની પ્રાપ્તિ શક્ય જ નથી બનતી. સત્ય શાશ્વત અને પૂર્ણ છે. તેનું અસ્તિત્વ નિત્ય અને શાશ્વત છે. સત્સંગનો ખરો અર્થ જ એ છે કે સત્યસ્વરૂપ એવા આત્માનો પરમ સત્યસ્વરૂપ એવા પરમાત્મા સાથે સંગ. માયા ભ્રાંતિરૂપ હોવાથી મિથ્યા તત્ત્વ છે. કેવળ આત્મા અને પરમાત્મા જ સત્યસ્વરૂપ છે. પરંતુ એ પારમાર્થિક સત્યને પામવા માટે જીવનવ્યવહારમાં પણ સાધકે મન-વચન-કર્મથી સત્યનું આચરણ કરવું અતિ આવશ્યક છે. સત્યના આચરણ સિવાય પ્રભુપ્રાપ્તિ કરવાની પાત્રતા શક્ય નથી.

સત્યનો સાચો ઉપાસક એ સિદ્ધાંતથી ચાલે છે કે ભલે મારો નાશ થઈ જાય, પણ સત્યનો તો વિજય જ થવો જોઈએ.

સત્યાગ્રહીને મન જીવન એ પવિત્રતાની આરાધના છે, તેથી એ એવું કોઈ પણ કર્મ નહિ કરે જે પોતાને પ્રભુપ્રાપ્તિના માર્ગેથી વિચલિત કરે. એવો સાધક નૈતિકતાને મહત્ત્વ આપે છે, તે કોઈ પ્રલોભન કે આસક્તિને વશ થઈ જતો નથી. પરિગ્રહી ન બનતાં સંતોષને જ સાચી સમૃદ્ધિ માને છે. એ સિદ્ધાંતનિષ્ઠ હોવાથી કોઈની દયા કે ગેરમાર્ગે મળેલા ધનને સ્વીકારતો નથી. પોતાના સ્વાર્થ કે સુખ-સગવડ ખાતર ભ્રષ્ટાચાર આચરતો નથી. અનીતિ, અસત્ય, અન્યાય કે અત્યાચાર સામે ઝૂકતો નથી અને સત્યની રક્ષા કાજે પ્રાણ ન્યોચ્છાવર કરવામાં પણ પાછીપાની કરતો નથી. આવા સત્યના ઉદ્દાત્ત માર્ગે ચાલનારની ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરવાની ગજબની શક્તિ અને તૈયારી હોય છે. એવો સાધક કષ્ટ અને પીડાને પ્રભુ તરફથી મળેલો પુરસ્કાર માને છે. જે કંઈ થાય છે તે મારા હિત માટે પ્રભુની ઇચ્છાથી જ થાય છે એમ દૃઢપણે માને છે. સર્વકર્તા-હર્તાપણું એક પરમાત્માનું જ સમજે છે. એનો આ માર્ગ સ્વયંસ્વીકૃત હોઈ કોઈ પણ વિપદાને ક્યારેય દુઃખદ માનતો નથી, જ્યારે અસત્ય આચરનાર પોતાના સ્વાર્થ માટે ધન-વૈભવની પ્રાપ્તિ માટે અધર્મ, અનીતિ, અનાચાર આચરીને તે બધું મેળવે છે, પણ એ બધાં ભૌતિક સુખો એને ક્યારેય ચિત્તની શાંતિ ને પ્રસન્નતા આપતાં નથી. એનું આંતરિક જીવન અંધકારમય હોય છે. અસત્યને માર્ગે ચાલનારને અંતે દુઃખ, મનોવ્યથા, પશ્ચાત્તાપ અને પોતાના આત્મા પર અસહ્ય બોજ સિવાય કંઈ જ પ્રાપ્ત નથી થતું ! તે વધુ ને વધુ અંધકારની ગર્તામાં ઊતરતો

જાય છે.

સ્વામી વિવેકાનંદજીએ સત્યનાં ગુણગાન કરતાં કહ્યું છે, ‘‘સત્ય માટે સર્વસ્વનો ત્યાગ કરી શકાય, પરંતુ કોઈ વસ્તુ માટે સત્યનો ત્યાગ કરી શકાય નહિ, સત્યનું બલિદાન આપી શકાય નહિ.’’ મહાત્મા ગાંધીજીએ સત્ય ને અહિંસાના બળે આખી બ્રિટિશ સલ્તનતને ઝુકાવી દીધેલી. તેઓ કહેતા, ‘‘આવો, આપણે ઈશ્વરથી ડરીને ચાલીએ, જેથી મનુષ્યથી ડરવાનો વારો ન આવે !’’

સત્ય બોલનારના મનમાં શાંતિ, નિર્ભયતા, હૃદયમાં સાહસિકતા, વાણીમાં નિખાલસતા અને દૃષ્ટિમાં તેજ હોય છે. અસત્ય બોલનારમાં આમાંનું કંઈ જ હોતું નથી. અસત્યનો સહારો લેનારને પોતાના આર્થિક વ્યવહારમાં, પ્રણયસંબંધ, દાંપત્યજીવન, સ્નેહીઓ, સંબંધીઓ સાથેના વ્યવહારમાં અનેક પ્રકારનો ભય સતત સતાવતો રહે છે કે રખેને પોતાનું અસત્ય, પ્રપંચ, દંભ કે છળ-કપટ પકડાઈ જાય ! અસત્યને સદાય માટે ઢાંકી શકાય એવો પડદો હજુ સુધી શોધી શકાયો નથી. એટલે જ કહેવાયું છે કે ‘સત્યમેવ જયતે’, સત્યનો જ હંમેશાં જય થાય છે.

અનાદિમુક્ત પૂ. નારાયણભાઈ પણ કહેતા કે, ‘‘કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં વિચારવું કે આ કાર્ય પ્રભુને ગમશે ? જો અંતરમાં ‘હા’ પડતી હોય તો તે કાર્ય કરવું અને ‘ના’ પડતી હોય તો તે કાર્ય ન કરવું. અર્થાત્ પ્રભુને ગમતી ક્રિયા એ જ પુણ્ય છે, સત્યાચરણ છે તેમ જ ધર્માચરણ છે. પ્રભુને ન ગમતી ક્રિયા એ જ પાપ છે, અસત્યાચરણ ને અધર્માચરણ

છે.'' કેટલી સરળ વ્યાખ્યા ! જે વ્યક્તિને કોઈ પણ પ્રકારનો ભય સતાવતો હશે તે વ્યક્તિ સંપૂર્ણપણે સત્યનિષ્ઠ નહિ બની શકે. પ્રાણાંતના ભય વખતે પણ નિર્ભય રહી જે સત્યને જ ગ્રહણ કરે છે તે વ્યક્તિ વિરલ છે ને પ્રભુકૃપાનું પાત્ર છે.

સાંભળેલી કે જોયેલી કોઈક ઘટના અંગે કે કોઈ વ્યક્તિ અંગે વધુ પડતું કહેવું કે ઓછું કહેવું, વાસ્તવિકતા હોય તેનાથી અતિશયોક્તિ કરવી કે અલ્પોક્તિ કરવી અથવા વ્યંગાત્મક રીતે કહેવું, ગોળ ગોળ અસ્પષ્ટ કહેવું આ બધા અસત્યના જુદા જુદા પ્રકારો છે. વાણીમાં રાગ-દ્વેષ અહંકાર કે અસત્ય ભળે તો તે વ્યક્તિની વાણીને નિર્બળ ને નિર્વીર્ય બનાવે છે. માટે સાધકે સત્યનો આશરો લેવો અતિ આવશ્યક છે. વ્યક્તિમાં સત્ય કાંઈ આપમેળે ટકી રહેતું નથી, તેણે તે પ્રયત્નપૂર્વક ટકાવી રાખવું પડે છે. પ્રભુમાં ને પૂર્ણસ્થિતિવાળા સત્પુરુષમાં અચલ શ્રદ્ધા એ સત્યને ટકાવવાનું પ્રેરક બળ છે. અન્યાય, અધર્મ, અનીતિ ને અસત્યનો જરૂર પડે સંઘર્ષ સાથે પ્રતિકાર કરવો કે અસ્વીકાર કરવો એ પણ સત્યના આચરણનું એક મહત્ત્વનું અંગ છે. અન્યાય, અધર્મ ને અસત્યનું આચરણ જેમ અપરાધ છે, તેમ અસત્ય ને અન્યાય સામે ઝૂકી જવું કે તેને તાબે થઈ જવું તે પણ કાયરતાપૂર્ણ અપરાધ છે. અન્યાય ને અસત્ય સામે શૂરવીર થઈ તેનો યોગ્ય રીતે પ્રતિકાર કરવો તે સત્યનું જ આચરણ છે. આપણને જે સત્ય લાગતું હોય એ ખરેખર અસત્ય પણ હોઈ શકે ને જે અસત્ય લાગતું હોય તે જ ખરેખર સત્ય હોય, માટે પ્રભુ અથવા સત્પુરુષ જેને પ્રમાણ કરે છે તે જ સત્ય છે, કારણ કે તેઓ સંપૂર્ણ સત્યસ્વરૂપ છે.

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે :–

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ॥ श्लो. २६ ॥

અર્થાત્ પોતાનો કે પારકાનો દ્રોહ થાય એવું સત્યવચન ક્યારેય ન બોલવું. અહીં વાતવાતમાં દ્રોહ થઈ જાય છે એમ માની સત્ય ન બોલવું એવું અર્થઘટન બિલકુલ કરવાનું નથી. હંમેશાં સત્ય જ બોલવું જોઈએ, પરંતુ કોઈક વખત કોઈ કટુ સત્યવચનથી પોતાની કે અન્યની પ્રાણહાનિ થવાની સંભાવના હોય કે કોઈ મોટી માનવસમૂહની કે સામાજિક હાનિ સર્જાતી હોય એ વખતે સત્યવચન ન બોલવું, પણ પ્રેમથી સમજદારીપૂર્વક વ્યાવહારિક સમસ્યાનો ઉકેલ લાવવો એવો હેતુ સમાયેલો છે. પ્રાણની રક્ષા થવાથી મનુષ્યજીવનમાં મોક્ષપ્રાપ્તિનાં સાધન થઈ શકે છે, જે બીજી યોનિમાં શક્ય નથી, માટે પ્રાણનો ક્ષય થતો હોય ત્યારે જડતાપૂર્વક સત્યવચન ન બોલાય તે હિતાવહ છે. સત્યવચન પણ હંમેશાં પ્રિય હોવું ઘટે. પરસ્પર વૈમનસ્ય વધે, સંપ તૂટે, શ્રદ્ધામાં ડગમગાટ થાય એવાં સત્યવચન ન બોલાય. તે અહિતકારી બને છે. આ વાત પણ લક્ષ્યમાં રાખવી જોઈએ.

સત્પુરુષે તો આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરેલો હોય છે. તેમનાથી કદીયે અસત્યાચરણ થતું જ નથી. એવા સત્પુરુષના જોગથી એમના જેવી આત્મનિષ્ઠા ને સ્વરૂપનિષ્ઠાની દૃઢતા થાય છે. સર્વોપરી પરમાત્મા જ એક અંતિમ સત્ય છે એવું અનુભવજ્ઞાન પણ સત્પુરુષના અનુગ્રહથી જ થાય છે. ઉપનિષદનો ઋષિ તેથી જ તો કહે છે – ૐ અસતોમા સદ્ગમયઃ । ઊંડા અંધારેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા !

## ૫. અનવદ્યાત્મા = અસૂયાદિ દોષે રહિત

અનવદ્યાત્માના બીજા અર્થ છે અનિંદ્યપણું, નિર્દોષતા અને શુદ્ધતા, અર્થાત્ એવી સંતવિભૂતિ કે જેનાં વાણી-વર્તન, આચરણ શુદ્ધ હોય. તેની વાસ્તવિકરૂપે કોઈ નિંદા-ટીકા કરે એવું અયોગ્ય આચરણ ન હોય. જેણે રાગ-દ્વેષ, ઈર્ષ્યા, મત્સર, લોભ-લાલચ, દંભ-કપટ તથા દેહાભિમાન વગેરે મનોવિકારો ઉપર પૂર્ણરૂપે વિજય મેળવ્યો હોય એવા શુદ્ધ (સંત) આત્માને અનવદ્યાત્મા કહેવાય.

કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા, દ્વેષ, વૈમનસ્ય, લોભ, મોહ, દંભ, કપટ, સ્વાર્થ, નિંદા, કૂથલી, પ્રમાદ વગેરે આંતરદોષો આત્મોન્નતિના માર્ગમાં અતિ વિઘ્નરૂપ બને છે. એટલે એને અંતરશત્રુ અથવા અંતરરિપુ કહેવામાં આવે છે. આવા મનોવિકારો મનની સ્થિરતા કરવામાં, મનનો નિગ્રહ કરવામાં બાધારૂપ છે. માયાના રજ અને તમ ગુણોના વેગમાં આવીને કરેલાં કર્મો દ્વારા જીવને તીવ્ર પાશ લાગવાથી આવા દોષોની અંતઃકરણમાં ગ્રંથિ પડી જાય છે. તે કારણશરીરમાં સંસ્કારોરૂપે દૃઢ થયેલી હોય છે. ઈંદ્રિયોના અશુદ્ધ આહાર દ્વારા તથા સંગદોષે કરીને પણ આવા અનિષ્ટ દોષોને પોષણ મળ્યા કરે છે એટલે તેમના ઉપર વિજય મેળવવાનું સાધક માટે અતિ દુષ્કર બની જાય છે.

સત્પુરુષના જોગ-સમાગમ-સેવા દ્વારા સાધક તેમને રાજી

કરી તેમની કૃપા સંપાદન કરી ધ્યાન-ભજન-ભક્તિ-ઉપાસના વગેરે પ્રભુપ્રસન્નતાનાં સાધન કરે, પ્રભુની આજ્ઞારૂપ નિયમ-ધર્મનું પાલન કરે, પંચ વર્તમાનનું સ્થૂળ-સૂક્ષ્મ અર્થમાં પાલન કરે તો રજોગુણ ને તમોગુણ મંદ પડી જઈ સત્ત્વગુણની વૃદ્ધિ થતી જાય. પરિણામસ્વરૂપે રજ-તમયુક્ત કર્મો પણ ન થાય અને તેના અનિષ્ટ સંસ્કારો પણ ચિત્તમાં અંકિત ન થાય, તેથી અંતઃકરણની શુદ્ધિ થતી જાય. અંતઃકરણ શુદ્ધ થવાથી અંતરદોષો વિઘ્ન-વિક્ષેપ કરતા બંધ થાય એટલે આત્મા-પરમાત્માના ધ્યાન-ચિંતનમાં મનની એકાગ્રતા સિદ્ધ થાય. મનની એકાગ્રતા સિદ્ધ થવાથી આધ્યાત્મિક ચેતનાનું ઊર્ધ્વગમન થાય. અંતે સત્પુરુષ અને પરમાત્માની કૃપાથી આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય એટલે મુક્તદશા આવે અને ત્યારે અનવદ્યાત્માનું લક્ષણ પૂર્ણરૂપે વિકસિત થાય.

કામ-ક્રોધાદિક દોષો છે તે Negative energy એટલે નકારાત્મક ઊર્જા છે, જેનાથી આધ્યાત્મિક ચેતનાનું અધોગમન-પતન થાય છે, જ્યારે પરમાત્માના કલ્યાણકારી સદ્‌ગુણો એ Positive energy એટલે સકારાત્મક ઊર્જા છે, જેના દ્વારા આધ્યાત્મિક ચેતનાનું ઊર્ધ્વગમન થાય છે. આ હેતુ માટે અતિ પુરુષપ્રયત્ન કરીને પણ સાધક માટે અંતરદોષોને જીતવા અતિ આવશ્યક છે. પૂર્ણ સંત આત્મા – પરમાત્માના સાક્ષાત્કારવાળા હોવાથી આવા કલ્યાણકારી ગુણો તેમનામાં સહજ રીતે જ પ્રગટ થયેલા હોય છે.

ભગવાન સ્વામિનારાયણે વચ. લોયા પ્ર. ૬માં કહ્યું છે :–

‘‘દેહાભિમાનરૂપી દોષ છે તેમાં સર્વે દોષ રહેલા છે ને

તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે અને હું તો દેહથી નોખો જે આત્મા તે છું, એવો જે આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વે ગુણમાત્ર આવે છે.'' આમ સાધકે પોતાને દેહરૂપ નહિ માનતા પોતે આત્મારૂપ છે, બ્રહ્મરૂપ છે, પરમાત્મારૂપ છે એવું નિરંતર ચિંતન કર્યા કરવું જોઈએ તો બ્રહ્મ-પરબ્રહ્મના ગુણો તેનામાં આવીને પ્રકાશે છે. પૂર્ણસ્થિતિવાળા સત્પુરુષમાં સંપૂર્ણપણે નિર્દોષભાવ કલ્પવાથી, તેમની સાથે આત્મબુદ્ધિ કરવાથી તેમના બધા ગુણો સાધકમાં આવે છે. માટે સત્પુરુષમાં પ્રયત્નપૂર્વક માહાત્મ્ય સમજીને નિર્દોષબુદ્ધિ ને આત્મબુદ્ધિ દૃઢ કર્યા કરવી એ દોષો ઉપર વિજય મેળવવાનો સચોટ ઉપાય છે. સત્પુરુષના જોગ-સમાગમ-સેવા જેવો અન્ય નિર્વિઘ્ન બીજો કોઈ માર્ગ નથી.

શ્રીહરિ વચનામૃત ગઢ. પ્ર. ૭૩માં જણાવે છે :–

''તે એવા રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે, મોટા પુરુષને વિશે જે નિર્દોષબુદ્ધિ રાખે છે તે પોતે સર્વે દોષ થકી રહિત થાય છે અને જે મોટા પુરુષને વિશે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે.''

તે માટે સાધકે અનવદ્યાત્માનું લક્ષણ સિદ્ધ કરેલા એવા સત્પુરુષમાં દેવબુદ્ધિ એટલે ભગવાનપણાની બુદ્ધિ, નિર્દોષબુદ્ધિ રાખીને તેમનો જોગ - સમાગમ - સેવા કર્યા કરવા અને સદાય તેમની અનુવૃત્તિમાં રહી પ્રભુપ્રસન્નતાનાં સાધનો કર્યાં કરવાં, જેથી તે પણ અનવદ્યાત્મા સંત જેવા લક્ષણેયુક્ત બની જાય.

## ૬. સમ = સ્વ - પરમાં સમદૃષ્ટિવાળા

સંસ્કૃતમાં એક સૂત્ર છે : 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति सः पंडितः ।' અર્થાત્ દરેક જીવપ્રાણીમાત્રને પોતાના આત્મા તુલ્ય જોનાર જ જ્ઞાની છે, વિદ્વાન છે. જે સંતને પોતાના આત્માનો બ્રહ્મરૂપે સાક્ષાત્કાર થાય છે તેને દરેક જીવમાં પોતાના આત્માની જ અનુભૂતિ થાય છે. પરમાત્માની સાથે એકતા થવાથી પોતાને સર્વ જગતમાં વ્યાપકરૂપે અનુભવે છે. એટલે બધા પ્રત્યે તેને સમદૃષ્ટિ ઉદ્‌ભવે છે. પૂર્ણ સંતને સમગ્ર સૃષ્ટિમાં પરમાત્માનાં જ દર્શન થતાં હોવાથી દૈવી કે આસુરી, પાત્ર કે કુપાત્ર એવા કોઈ પણ જીવ પ્રત્યે કદીયે દ્વેષ ઉત્પન્ન થતો નથી અને સર્વ પ્રત્યે પોતાની અકારણ કૃપા ને કરુણાની સરિતા વહાવે છે.

અનાદિ મુક્તરાજ બાપાશ્રી પણ કહે છે કે મહારાજના અનાદિમુક્ત પાત્ર-કુપાત્ર જોયા સિવાય બધા ઉપર સરખી જ કૃપાદૃષ્ટિ કરે છે, પરંતુ પાત્ર હોય તે કૃપાને ઝીલીને પોતાના ચૈતન્યની ઊર્ધ્વગતિ સાધી લે છે અને પાત્ર ન હોય તેવા જીવોને પણ આત્યંતિક કલ્યાણનું બીજબળ તો થઈ જ જાય છે. જેમ સૂર્ય બધાને સરખો જ પ્રકાશ આપે છે, પણ પ્રકાશનો સદુપયોગ કરી સત્કાર્યો કરવાં કે તેનો દુરુપયોગ કરી દુષ્કાર્યો કરવાં તે વ્યક્તિની પોતાની પાત્રતા ઉપર નિર્ભર છે, પરંતુ સૂર્યને કોઈ પ્રત્યે પક્ષપાત નથી કે નથી કોઈ રાગ-દ્વેષ. તેમ

સાચા સંતને પણ કોઈ જીવ પ્રત્યે પક્ષપાત કે રાગ-દ્વેષ ન હોવાથી તે સમદૃષ્ટિએ વર્તે છે. એમનું મનુષ્યરૂપે વિચરણ સર્વજીવહિતાવહ હોવાથી બધા પ્રત્યે પોતાની કરુણા વરસાવે છે. બધા જીવોની આધ્યાત્મિક ચેતનાનું ઊર્ધ્વીકરણ થઈ આત્યંતિક શ્રેયની પ્રાપ્તિ થાય એવો જ તેમનો દિવ્ય સંકલ્પ હોય છે. એવા સત્પુરુષ દ્વારા પરમાત્મા પોતે જ કૃપા - અનુગ્રહાશક્તિ વહાવે છે. તે અનુગ્રહાશક્તિનો પાત્રતા પ્રમાણે જેને જેને સ્પર્શ થાય તેટલી તેની ઊર્ધ્વગતિ થાય છે. પૂર્ણ પાત્રતાવાળાને તેમની કૃપાથી પૂર્ણસ્થિતિ પ્રાપ્ત થઈ જાય છે.

સમદૃષ્ટિવાળા સંતને કોઈ પણ વ્યક્તિ કે ભૌતિક પદાર્થને વિશે લેશ માત્ર મોહ કે આસક્તિ ન હોવાથી તેમને નથી કોઈ પોતાનું કે નથી કોઈ પારકું. તેમના હૃદયમાં ઘૂઘવતો નિઃસ્વાર્થ, નિર્મળ પ્રેમનો ને કરુણાનો સાગર સૌને સુખ, શાંતિ ને આનંદનો અનુભવ કરાવે છે. સ. ગુ. ગોપાળાનંદ સ્વામીને એક વાર કોઈએ પૂછ્યું કે, 'સ્વામી ! તમને કોઈને વિશે, કોઈ હરિભક્તને વિશે ક્યારેય મનુષ્યભાવ આવે છે?' ત્યારે તેના ઉત્તરમાં સ્વામીએ કહ્યું કે, ''ના, મને કોઈ પણ વ્યક્તિને વિશે મનુષ્યભાવ નથી આવતો કે કોઈનો અભાવ - અવગુણ પણ નથી આવતો. ગમે તેવા પાપી જીવ વિશે પણ અભાવ નથી આવતો, કારણ કે મને સર્વમાં મહાપ્રભુજી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જ દર્શન થાય છે.'' અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈ પણ એવી દિવ્યસ્થિતિ ધરાવતા હોવાથી એમ જણાવતા કે મારી ઉપર શ્રીજીમહારાજની એવી કૃપા છે કે મને ક્ષણમાત્ર પણ મહારાજની મૂર્તિનું વિસ્મરણ નથી થતું અને એમની

મૂર્તિનું દિવ્ય સુખ અખંડ આવે છે. એટલે વ્યક્તિના આચરણનું જાણપણું હોવા છતાં ક્યારેય કોઈનો અવગુણ - અભાવ આવતો નથી. આમ પૂર્ણસ્થિતિવાળા અનાદિમુક્તો 'સમ' ગુણની પરાકાષ્ઠારૂપ હોય છે.

શ્રીજીમહારાજ શિક્ષાપત્રી શ્લો. ૭૫માં કહે છે :–

''समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यितिक्रमः ॥

અર્થાત્ જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે સન્માન કરવું, પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ.''

સંતને સમ અર્થાત્ સમદૃષ્ટિવાળા કહ્યા છે, કારણ કે એમને વિશે ભેદદૃષ્ટિ નથી. એમની દૃષ્ટિમાં પાત્ર-કુપાત્ર, દૈવી-આસુરી, શત્રુ-મિત્ર, જ્ઞાની-અજ્ઞાની, ગરીબ-તવંગર, ઊંચ-નીચ એવો ભેદભાવ નથી, પણ સાર-અસારની વિવેકશક્તિ નથી એવો અર્થ નથી સમજવાનો. સત્પુરુષમાં બધું જ જાણપણું હોવા છતાં અને ઉત્તમ વિવેકશક્તિ હોવા છતાં એ સર્વેને સમાનદૃષ્ટિથી જુએ છે ને સમાન રીતે કૃપા વરસાવે છે, એ એમનું આધ્યાત્મિક કાર્ય છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં એ રીતની સમદૃષ્ટિ આવકાર્ય છે, પરંતુ પોતાની વિવેકશક્તિનો ઉપયોગ કરીને સાધકમુમુક્ષુએ વ્યવહારજગતમાં કેવી રીતે વર્તવું તે પણ સુપેરે શિખવે છે. એટલે જ શ્રીહરિ શિક્ષાપત્રીમાં જણાવે છે કે યોગ્યતા પ્રમાણે વ્યક્તિનું સન્માન કરવું એ જ અવરભાવમાં સર્વપ્રકારે હિતાવહ છે. સન્માન કરવાની વિક્તિ જણાવતા તેઓ કહે છે : –

'સમદૃષ્ટિ રાખીને એટલે સર્વને વિશે એક જ બ્રહ્મ છે એ પ્રકારની બુદ્ધિ રાખીને પૂજાસેવાના યથાયોગ્ય વિવેકનું ઉલ્લંઘન કરવું નહિ, કારણ કે સારા અને નરસા પુરુષોનું સમાન રીતે સન્માન - સત્કાર કરવામાં આવે તો સત્ - અસત્‌ના વિવેકનો નાશ થઈ જાય' એવો વિવેક હરિગીતા - સ. જી. પ્ર. ૧, અ. ૩૩માં શ્રીહરિએ પોતાનાં માતુશ્રી પ્રેમવતીને આ પ્રકારે કહેલો છે :—

''હે માતા ! ભગવાનના એકાંતિક ભક્તો સર્વની અપેક્ષાએ અતિશય પૂજ્ય છે. તેમને સત્કારપૂર્વક માન આપવામાં, તેમનો પક્ષ રાખી તેમનું રક્ષણ કરવામાં, ચંદનપુષ્પાદિકથી તેમનું પૂજન અને નમસ્કારાદિ કરવામાં સર્વજીવોથી તેમને અધિક જાણવા.'' એ જ અધ્યાયમાં એકાંતિક ભક્તનું (મુક્તનું) શ્રેષ્ઠપણું જણાવતા કહે છે :—

''પશુઓ થકી મનુષ્યો ઉત્તમ છે ને તે મનુષ્યોમાં ચાર વર્ણ શ્રેષ્ઠ છે. તે ચાર વર્ણમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. તે બ્રાહ્મણ મધ્યે સ્વધર્મેયુક્ત બ્રાહ્મણ શ્રેષ્ઠ છે અને સ્વધર્મનિષ્ઠોમાં જ્ઞાનનિષ્ઠ એવા એકાંતિક ભક્ત શ્રેષ્ઠ છે અને તે ભગવાનના એકાંતિક ભક્તથી (સિદ્ધમુક્તથી) કોઈ પણ શ્રેષ્ઠ નથી, કેમ કે શ્રીહરિ જે ભગવાન તે એકાંતિક ભક્તને વિશે સદાય નિવાસ કરીને રહે છે. આ પ્રકારે તારતમ્યપણું જાણીને મારા એકાંતિક ભક્તને બહુ પ્રકારે માનવા. જે પુરુષ એ પ્રકારે નથી જાણતો અને સત્ - અસત્‌ને વિશે સરખી બુદ્ધિ રાખે છે તે મોટા દોષને પામે છે. તે હેતુ માટે ભગવાનના ભક્તે આવો વિવેક સમજવો.''

આ રીતે ભગવાન તથા સત્પુરુષ સમદૃષ્ટિનો વાસ્તવિક અર્થ સમજાવી વિવેક પણ શિખવે છે. માટે સાધકે સત્પુરુષ થકી સાચી સમજણ ગ્રહણ કરી તેમના આ 'સમ' ગુણને પોતાના જીવનમાં આત્મસાત્ કરવા પ્રયત્ન કર્યા કરવો તો સત્પુરુષની કૃપા થયે આ 'સમ' ગુણ પૂર્ણ રીતે વિકસે છે.

# ૭. સર્વોપકારક = સર્વને ઉપકાર કરનારા

ઉપકાર એટલે આભાર, અહેસાન, પાડ, કૃપા, મહેરબાની, બદલાની આશા વગરની ભલાઈ – આટલા અર્થ થાય છે. લૌકિક ને વ્યાવહારિક સ્વાર્થ ધરાવનાર વ્યક્તિ બદલો મેળવવાની આશાથી કોઈને આર્થિક કે અન્ય કોઈ પણ પ્રકારે સહાય કરે એને માટે વ્યાવહારિક રીતે ભલે ઉપકાર કર્યો એવો શબ્દ પ્રયોજાતો હોય, પણ વાસ્તવમાં એ ઉપકાર નથી, કારણ કે એમાં પોતાનો અંગત સ્વાર્થ કે હેતુ સાધવાની કે બદલો મેળવવાની ભાવના સમાયેલી છે. સત્પુરુષને તો કોઈની પાસે કોઈ પણ પ્રકારની આશા કે અપેક્ષા હોતી નથી. તેઓ તો પૂર્ણકામ છે એટલે તેઓ નિષ્કારણ નિઃસ્વાર્થભાવે ને નિરપેક્ષભાવે સર્વજીવો ઉપર કેવળ ઉપકાર જ કરે છે. એવા સંતની દરેક ક્રિયા એ કેવળ જીવના આત્યંતિક શ્રેય માટેની જ હોય છે. નાનામાં નાના ક્ષુદ્ર જીવથી માંડીને મોટા ચક્રવર્તી રાજા હોય તો પણ સર્વે ઉપર તેમની કૃપા સરખી રીતે જ વરસતી રહે છે. અરે ! વનસ્પતિમાં રહેલા જીવો ઉપર પણ તેઓ કૃપા વરસાવે છે. આત્મા - પરમાત્મા જ સત્ય છે ને જગત મિથ્યા છે એવું પૂર્ણ અનુભવજ્ઞાન હોવા છતાં પણ દરેક જીવ ઉપર તેમની કેવળ કરુણા જ વહે છે, એનાથી મોટું બીજું કયું આશ્ચર્ય હોઈ શકે ? સત્પુરુષે કરેલા ઉપકારરૂપ કૃત્યને ભૂલી જઈને અપકાર કરનારા સ્વાર્થી ને કૃતઘ્ની જીવો ઉપર

પણ જેમને લેશ માત્ર દ્વેષ કે અવગુણ - અભાવની ભાવના નથી એવા સંત જ પૂર્ણરૂપે સર્વોપકારક છે.

શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં 'कृतघ्नसङ्गस्त्यक्तव्यो' કૃતઘ્નીના સંગનો ત્યાગ કરવાનું કહે છે. એનું કારણ સાધકને પોતાના આધ્યાત્મિક માર્ગમાં કોઈ પ્રકારનું વિઘ્ન કે વિક્ષેપ ઊભો ન થાય એ હેતુ છે. જો કૃતઘ્નીના સંગનો ત્યાગ ન કરે તો તે પોતાનો અંગત સ્વાર્થ સાધવા સંતનો પણ દુરુપયોગ કર્યા કરે અને સંતના સમય ને શક્તિ તેની પાછળ વ્યર્થ ખર્ચાઈ જાય છે કે જેનો સદુપયોગ અન્ય પાત્ર જીવોના શ્રેય માટે કરવાનો હોય છે. માટે એવા કૃતઘ્નીના સંગને વર્જવાની શ્રીહરિ આજ્ઞા કરે છે. તેમ છતાં એવા કૃતઘ્ની ને સ્વાર્થી જીવને માટે પણ સંત તો તેનું સર્વપ્રકારે ભલું જ થાય, હિત થાય એવો જ શુભ સંકલ્પ કરે છે, પણ તેનું ભૂંડું થાય, અમંગળ થાય એવું લેશ માત્ર ચિંતવતા નથી. આ જ તેમનું સર્વોપકારત્વ છે.

આમ્રવૃક્ષ ઉપકારત્વ ગુણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તે વૃક્ષ વિવિધ પ્રકારનાં પક્ષીઓ માટેનું આશ્રયસ્થાન છે. તેની શીતળ છાયા માનવી તથા પશુઓને ઉનાળાના તીવ્ર તાપથી અને વરસાદમાં છત્ર બની રક્ષા કરે છે. તેનાં મધુર ફળ (કેરી) અનેક પોષક તત્ત્વથી ભરપૂર હોવાથી માનવીને પોષણ ને સંતુષ્ટિ આપે છે. તેને પથ્થર મારનારને પણ કેરી આપે છે. તેનાં પાન, મૂળ, છાલ વગેરે ઔષધીય ગુણોથી ભરેલાં છે. લાકડું પણ બળતણ તેમ જ ઈમારતી ઉપયોગમાં વપરાય છે. આમ્રવૃક્ષને ફળ આવે ત્યારે તે નીચે નમી પડે છે. એવી રીતે

સંતમાં પણ આ પ્રકારના સર્વોપકારક સદ્‌ગુણો રહેલા છે. એ સદ્‌ગુણો વ્યક્તિમાં આવે ત્યારે જેમ આમ્રવૃક્ષ ફળ આવવાથી નમે છે, તેમ વ્યક્તિ પણ વિનમ્ર ને વિનયી બને છે. સંતની દરેક ક્રિયા જીવોને સુખ, શાંતિ, આનંદ ને પરમશ્રેય પ્રદાન કરે છે. સંતનું બોલવું - ચાલવું, ખાવું - પીવું, સ્પર્શવું - જોવું વગેરે દરેક ક્રિયા કેવળ જીવોના કલ્યાણ માટે જ હોય છે, કારણ કે સંતને પરમાત્મા સાથે સંપૂર્ણ તાદાત્મ્ય ને ઐક્ય હોવાથી તે સંત દ્વારા સ્વયં પરમાત્મા જ બધી ક્રિયા કરે છે. પરમાત્મા સંતને માધ્યમ બનાવી જીવોનાં કલ્યાણ કરે છે.

અનાદિમુક્ત પૂ. શ્રી નારાયણભાઈ કહેતા કે :–

‘Anadi Mukta always obliges, but never gets obliged’ અર્થાત્ અનાદિમુક્ત – સત્પુરુષ બધાને ઉપકૃત કરે છે, પરંતુ તેઓ કોઈનાથી ઉપકૃત થતા નથી. તેમના ઉપયોગમાં જે કોઈ પદાર્થ આવે છે તે પદાર્થને બનાવનાર, વેચનાર, ખરીદનાર તથા ભાવે કરીને સંતને અર્પણ કરનાર આ બધાનું પરમ શ્રેય થાય એવો તેમનો દિવ્ય મંગલકારી સંકલ્પ હોય છે અને તે દિવ્ય સંકલ્પશક્તિ દ્વારા તે બધાનું શ્રેય ચોક્કસપણે થઈ જાય છે. વ્યક્તિ સંતને જે કંઈ ભાવથી અર્પણ કરે છે તેનાથી અર્પણ કરનારનું જ સર્વપ્રકારે હિત થાય છે, તે સંત ઉપર કોઈ ઉપકાર નથી કરતો, કારણ કે સંત તો આત્મા - પરમાત્માના સુખથી પરિપૂર્ણ - પૂર્ણકામ હોવાથી તેમને કોઈની પાસે કંઈ પણ મેળવવાની અપેક્ષા નથી. તેમ છતાં જે કોઈ ભાવથી કોઈ પણ પદાર્થ અર્પણ કરે છે તેનો સ્વીકાર તે અર્પણ કરનારની સેવારૂપે ગ્રહણ કરીને તેને અનેક

ગણું પ્રદાન કરી તેનું પરમ કલ્યાણ કરે છે.

શ્રીજીમહારાજે સ. ગુ. રામાનંદ સ્વામી પાસે બે વરદાન માગ્યાં કે અમારો હરિભક્ત ક્યારેય દુ:ખી ન થાય. તેના પ્રારબ્ધમાં રામપાત્ર (દારિદ્ર) લખ્યું હોય તો તે અમને આવો, પણ ભક્ત અન્ન - વસ્ત્રે સુખી થાઓ અને એક વીંછીની વેદના ભોગવવાનું પ્રારબ્ધ હોય તો અમને રુંવાડે રુંવાડે કોટિ ગણી વીંછીની વેદના થાઓ, પણ ભક્તને તે વેદના ના થાઓ. આવું હજુ સુધી કોઈએ વરદાન માગ્યું હોય એવો ઈતિહાસમાં કોઈ દાખલો નથી. સર્વોપકારત્વનું આ પરાકાષ્ઠારૂપ સર્વોત્કૃષ્ટ દૃષ્ટાંત છે. એવા સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણનું પરમ સાધર્મ્ય પામેલા સંતમાં એ ગુણ પૂર્ણપણે વિકસેલો હોય છે. શ્રીજી સમકાલિન સંતોમાં એવા ગુણોને પ્રકાશતાં અસંખ્ય ઉદાહરણો છે.

અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પણ અપકાર કરનાર અજ્ઞાની જીવો ઉપર પણ પૂર્ણ દયા કરી તેમનો ઉદ્ધાર કરતા અને પ્રભુના સુખને પમાડતા. અનેક અજ્ઞાની અને દ્વેષીઓને અંત વખતે શ્રીજીમહારાજને સાથે લાવી દર્શન આપી ધામમાં લઈ ગયેલાનાં અનેક ઉદાહરણો છે.

અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈના જીવનમાં પણ એવા કિસ્સા બનેલા હતા કે જેમાં નિકટમાં રહીને તેમના આશીર્વાદ મેળવી આ લોકમાં સુખી થયા પછી, ‘મારું સારું થયું હોય ને તેમના આશીર્વાદથી સુખી થયો હોઉં તો એ આશીર્વાદ પાછા લઈ લે.’ એવું કહેનારા અજ્ઞાની જીવો ઉપર પણ અ. મુ. પૂ. નારાયણભાઈ પૂર્ણ દયા કરી, તેને ક્ષમા પ્રદાન કરી તેનું

રૂડું થવાનો જ સંકલ્પ કરતા. પૂર્ણ સંત આવા સર્વોપકારક હોય છે.

સાધક જ્યારે આધ્યાત્મિક પંથે પ્રગતિ કરવા પ્રયત્ન કરે ત્યારે નિઃસ્વાર્થભાવે જીવોને મદદ કરવાની ભાવના કેળવવાથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય, સંકુચિત મનોદશામાંથી બહાર નીકળી દરેક માટે સહૃદયતા, અનુકંપા, પ્રેમ વગેરે ગુણો વિકાસ પામતા આપોઆપ જ સ્વાર્થ, લોભ, લાલચ, તિરસ્કાર, ઘૃણા જેવા દુર્ભાવો દૂર થઈ સાધક ઉપરના સદ્‌ગુણોથી સભર બની જાય છે.

જેણે સર્વોપકારત્વનું લક્ષણ સિદ્ધ કર્યું હોય તેવા સંતના જોગ - સમાગામ - સેવા અને તેમની અનુવૃત્તિમાં રહેવાથી સાધકમાં પણ આવા ગુણો સરળતાથી આત્મસાત્ થઈ શકે છે.

# ૮. કામૈરહતધી = વિષયને વિશે ક્ષોભ નહિ પામનારા

જીવાત્મા ઇંદ્રિયો દ્વારા જે વિષયને ભોગવે છે તે વિષય અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ. મુખ્યતયા આ પાંચ પ્રકારના વિષય છે. આ પંચવિષય ઇંદ્રિયો દ્વારા ગ્રહણ કરી જીવાત્મા તે સંબંધી સુખ - દુઃખ ભોગવે છે. વિષયોમાં પણ કેટલાક શુભ છે ને કેટલાક અશુભ છે. કેટલાક સુખદાયી છે ને કેટલાક દુઃખદાયી છે. પરમાત્માએ જીવોને માનવ દેહ આપ્યો છે તે પણ જીવાત્માને પોતાના સ્વરૂપનું અને પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય અને આ ભવબંધનમાંથી મુક્ત થાય તે માટે જ આપ્યો છે. બાહ્ય વિષયોને ગ્રહણ કરવા માટે ઇંદ્રિયો - અંતઃકરણરૂપ સાધનો પણ આપ્યાં છે. પૂર્વજન્મોનાં ને આ જન્મનાં કર્મોનો ભોગવટો કરવા માટે આ ઉપકરણો છે.

અહીં આ વિશે વધુ સ્પષ્ટતા કરીએ.

આપણું અંતઃકરણ ચાર પ્રકારનું છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. તેમાં ચિત્તમાં આપણા અનેક જન્મોનાં કર્મો સંસ્કારરૂપે બીજરૂપે કારણ અવસ્થામાં પડેલાં છે. દરેક કર્મોની તે કર્મ શુભ હોય કે અશુભ એ દરેક ક્રિયાની પ્રતિક્રિયારૂપે આપણા ચિત્તમાં એની છાપ અંકિત થઈ જાય છે એને સંસ્કાર કહેવામાં આવે છે. હું આ સ્થૂળ શરીરરૂપ છું એમ અનેક

જન્મોથી જીવાત્માને દેહાત્મબુદ્ધિ દૃઢ થઈ છે એ અહંકાર છે. તેમાં અહંમમત્વની ભાવના તથા કર્તૃર્વૃત્તિ (કર્તાપણાની ભાવના) રહેલાં છે. રાગ-દ્વેષરૂપ કષાયો અર્થાત્ અનંત પ્રકારની વાસનાઓથી ચિત્ત ભરેલું છે. સ્થૂળ - સૂક્ષ્મ શરીર દ્વારા જાગૃત અથવા સ્વપ્નાવસ્થામાં જે જે પ્રકારનાં સ્થૂળ - સૂક્ષ્મ કર્મો થાય છે તેના સંસ્કાર ચિત્તમાં બંધાઈ જાય છે. આ સંસ્કારો પરમાત્માની સર્વવ્યાપી બ્રહ્મરૂપ - ચિદાકાશરૂપ શક્તિ દ્વારા કારણ શરીર સાથે વળગી જાય છે.

ક્રિયમાણ, સંચિત ને પ્રારબ્ધ એ ત્રણ પ્રકારનાં કર્મો છે. તેમાં ક્રિયમાણ કર્મો એટલે કોઈ પણ પ્રકારની ક્રિયા ને તેનું ફળ તત્કાળ મળે અને અમુક પ્રકારનાં કર્મો તરત ફળ ન આપે, પણ સંચિતમાં પડી રહે તે સંચિત કર્મો કહેવાય અને એ પરિપક્વ થઈને ફળ આપે એવા થાય એ પ્રારબ્ધ કર્મો છે. તે પ્રારબ્ધ કર્મો તેના ભોગવટા સિવાય બળતાં નથી. કર્મફળપ્રદાતા એવા પરમાત્મા જીવોને તે કર્મફળ સુખ-દુઃખરૂપે ભોગવાવે છે. કેવળ પરમાત્મા અથવા પૂર્ણ સત્પુરુષ જ જીવોનાં પ્રારબ્ધકર્મોનો નાશ કરી શકે, બાકી તે જીવાત્માને કર્મોનાં ફળ અવશ્ય ભોગવવાં જ પડે. આ કર્મની philosophy તેનું વિજ્ઞાન ઘણું વિશાળ ને ગહન છે. તેનો સમાવેશ આ ગ્રંથમાં શક્ય ન હોવાથી અહીં સંક્ષિપ્તમાં જ મૂકવાનો પ્રયાસ કર્યો છે.

બાહ્ય વિષયોની ઉત્તેજના દ્વારા કર્માશયમાં પડેલી સંસ્કારરૂપ વાસના જાગી ઊઠે છે અને મન ઇંદ્રિયો દ્વારા બહાર આવીને વિષયોને ગ્રહણ કરે છે અને આત્મા સામે તેને પ્રગટ કરે છે તેથી આત્માને દેહાત્મબુદ્ધિ - અહંકારને લઈને તેના

સુખ - દુઃખનો અનુભવ થાય છે. આત્મા પોતે જ આનંદરૂપ, સુખરૂપ હોવાથી તેનો પોતાનો જ આનંદ ઇંદ્રિયો - અંતઃકરણ દ્વારા પંચવિષયરૂપે પ્રતિબિંબિત થવાથી તેને એ આનંદ બહારના વિષયમાંથી મળેલો લાગે છે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં દષ્ટાંત આપ્યું છે કે કૂતરું જેમ હાડકું ચાવે છે, ત્યારે પોતાના જ દાંતમાંથી લોહી નીકળે છે અને એનો સ્વાદ આવે છે અને તે અજ્ઞાનથી એમ માને છે કે મને હાડકામાંથી લોહીનો સ્વાદ આવ્યો. એમ અજ્ઞાન અવસ્થામાં જીવને બાહ્યવિષયો દ્વારા પ્રતિબિંબિત થયેલો પોતાના સ્વરૂપનો જ આનંદ બહારથી મળેલો લાગે છે.

આંખ એ દર્શનેંદ્રિય છે. એ કોઈ રૂપ જુએ છે ત્યારે આંખના રેટીના (પડદા) ઉપર દશ્યનું પ્રતિબિંબ પડે છે અને મન દ્વારા તે પ્રતિબિંબનો સંદેશો મગજમાં રહેલા દર્શનકેન્દ્રમાં (ઇંદ્રિયના ગોલકમાં) પહોંચે છે ત્યારે જીવાત્માને બાહ્યરૂપનું જ્ઞાન થાય છે. આ ક્રિયા ખૂબ જ ઝડપથી થાય છે. ઘણી વાર માણસ ઊંઘી ગયો હોય ને આંખો ઉઘાડી રહી ગઈ હોય તો બહારના દશ્યનું આંખના પડદા પર પ્રતિબિંબ પડે છે, પણ તેની સાથે મન જોડાયેલું ન હોવાથી એ દશ્યનું ભાન જીવને થતું નથી. એટલે કોઈ પણ ઇંદ્રિયની સાથે મન જોડાય ત્યારે બાહ્ય વિષયનું ગ્રહણ થાય છે, ત્યાર બાદ બુદ્ધિ તત્ત્વ દ્વારા સારા-નરસાનું જ્ઞાન અને નિશ્ચય થાય છે પછી કર્તાપણાની વૃત્તિને લઈને, અહંકારને લઈને તે ક્રિયાની છાપ ચિત્તમાં અંકિત થઈ જાય છે. જેમ કમ્પ્યૂટરમાં હાર્ડડિસ્કમાં જે કાંઈ માહિતી રેકોર્ડ કરવી હોય તે તેના ચોક્કસ પ્રકારના (કમાન્ડ)

આદેશો આપીને કરી શકાય છે. પછી જ્યારે તેને ફરી પ્રગટ કરવી હોય તો અમુક આદેશો દ્વારા કમ્પ્યૂટરના સ્ક્રીન (પડદા) ઉપર પ્રગટ કરી શકાય છે. એવું જ આપણા ચિત્તનું છે.

અજ્ઞાન અવસ્થામાં જીવ બાહ્ય વિષયોમાં રાગને લઈને આકર્ષાય છે ને ઇંદ્રિયો અંતઃકરણ દ્વારા તેને ગ્રહણ કરીને તેમાં સુખ માનીને રચ્યોપચ્યો રહે છે. વારંવારના બાહ્ય વિષયભોગથી તેની વિષયોમાં આસક્તિ વધુ ને વધુ દૃઢ થવાથી તે તેમાં બંધાઈ રહે છે. જ્યારે સંતને આ બધું જ્ઞાન થઈ ચૂક્યું હોવાથી તેને આત્મા-પરમાત્માના આનંદ સિવાય બીજા કોઈ બાહ્ય વિષયના આનંદની ચાહના કે આસક્તિ ન રહેવાથી બાહ્ય પંચવિષયો દ્વારા તેઓ ક્યારેય ક્ષોભ પામતા નથી, અર્થાત્ સંપૂર્ણ વૈરાગ્ય ઉદય થયો હોવાથી આસક્ત થતા જ નથી. તેમના જોગમાં આવેલા જીવોને પણ પરમાત્માના સુખનું માહાત્મ્ય જ્ઞાન કરાવી પંચવિષયની આસક્તિ દૂર કરી દે છે.

શ્રીજીમહારાજ કહે છે કે આ જીવ પંચવિષય વગર રહી શકતો નથી. એટલે સત્પુરુષ દ્વારા સાચી સમજણ ગ્રહણ કરી ભૌતિક પંચવિષયમાં રાચતી ઇંદ્રિયો-અંતઃકરણની વૃત્તિને પરમાત્મા સંબંધી પંચવિષયમાં વાળી દેવાથી તે ભૌતિક આનંદની આસક્તિમાંથી પરમાત્માના દિવ્યસુખની પ્રાપ્તિ પ્રત્યે આકર્ષિત થઈ જાય છે. ઉદાહરણ તરીકે ચક્ષુઇંદ્રિય દ્વારા ભૌતિક સ્ત્રીઆદિકનાં રૂપને ન જોતાં ભગવાન અથવા પવિત્ર સંતનાં દર્શન કરવા. સ્પર્શેન્દ્રિય દ્વારા ભૌતિક સ્પર્શ વર્જીને ભગવાન તથા સંતનો સ્પર્શ કરવો. શ્રવણેન્દ્રિય દ્વારા

ભગવાનની કથા-વાર્તા-કીર્તન તથા સંતની વાણીનું શ્રવણ કરવું. નાસિકા દ્વારા રજોગુણી - તમોગુણી વ્યક્તિએ ધારણ કરેલાં પુષ્પો કે અત્તરાદિક પદાર્થનો સુગંધ ન લેતાં ભગવાન અથવા સંતને ચડાવેલાં પુષ્પહાર કે ચંદનાદિકનો સુગંધ લેવો. રસનાઇંદ્રિય દ્વારા રજોગુણી - તમોગુણી સ્વાદને ત્યાગીને પ્રભુનો તથા સંતનો દિવ્ય પ્રસાદ લેવો. આ રીતે પંચવિષય પરમાત્મા સંબંધી થવાથી ભૌતિક પદાર્થની વાસનાનો ક્ષય થઈ પરમાત્મા સંબંધી બધી ક્રિયાઓ થવાથી તે ક્રિયાઓ ભક્તિરૂપ થઈ જાય છે. આ રીતે પરિપક્વ સ્થિતિ થતાં સાધકમાં પણ સંતની આ કામૈરહતધીનું લક્ષણ આત્મસાત્ થાય છે.

પૂર્ણસ્થિતિવાળા સંતને તો પરમાત્મા સંબંધી દિવ્યાનંદની અખંડ અનુભૂતિ થતી હોવાથી વિષયભોગ સંબંધી વાસનાના ચિત્તમાં સંસ્કારરૂપ બીજ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા હોવાથી તેનો સંકલ્પરૂપ તરંગ જ ઉદ્ભવતો નથી. તેથી તેઓને કામૈરહતધીનું લક્ષણ પૂર્ણ રીતે વિકસિત હોય જ તેમાં શંકા નથી, પરંતુ સાધક પણ એવા સત્પુરુષનો જોગ - સમાગમ - સેવા કરી, ઇંદ્રિયો - અંતઃકરણના આહારને શુદ્ધ કરી ચિત્તમાંથી ઉદ્ભવતા વાસનારૂપ વૃત્તિના તરંગોને તેની કારણ અવસ્થામાંથી ઊઠતાં જ દબાવી દે, તેની ઉપર નિયંત્રણ લાવી દે, તો ધીમે ધીમે તેની પણ સઘળી ભૌતિક સુખની વાસનાનો ક્ષય થઈ જાય અને તે પણ આ લક્ષણ દૃઢ કરી સંત બની જાય.

શ્રીજી મહારાજ વચ. છે. ૨૭માં કહે છે :–

‘‘શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય સંબંધી

સુખ તે દિવ્યમૂર્તિ એવા જે ભગવાન પુરુષોત્તમ તેની જે સુખમય મૂર્તિ તે રૂપ જે એક સ્થળ તેને વિશે રહ્યું છે. તે જો ભગવાનની મૂર્તિનાં દર્શન કરતાં હોઈએ તો રૂપનું સુખ પ્રાપ્ત થાય ને બીજા સ્પર્શાદિક ચાર વિષય તેનું સુખ પણ પ્રાપ્ત થાય તે એક જ સમયને વિશે થાય છે અને બીજા માયિક જે પંચવિષય છે તેમાં તો એક વિષયનો સંબંધ થાય ત્યારે એક વિષયનું જ સુખ પ્રાપ્ત થાય, પણ બીજાનું ન થાય. માટે માયિક વિષયમાં ભિન્ન ભિન્નપણે સુખ રહ્યાં છે, અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત છે ને અંતે અપાર દુઃખનું કારણ છે અને ભગવાનમાં તો સર્વે વિષયનું સુખ એક કાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહા અલૌકિક છે અને અખંડ અવિનાશી છે. તે સારુ જે મુમુક્ષુ હોય તેને માયિક વિષયમાંથી સર્વ પ્રકારે વૈરાગ્ય પામીને અલૌકિક સુખમય એવી જે ભગવાનની દિવ્યમૂર્તિ તેને વિશે સર્વ પ્રકારે જોડાવું.'' એ જ શ્રેયસ્કર છે.

## ૯. દાન્ત = શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ એ જ્ઞાનેન્દ્રિયો તથા વાક્, પાણિ, પાદ, પાયુ ને ઉપસ્થ એ કર્મેન્દ્રિયો તેને શ્રીજીમહારાજની આજ્ઞામાં યથાર્થ વર્તાવનારા

જેણે પોતાની ઇંદ્રિયોનું દમન કર્યું છે, ઇંદ્રિયો ઉપર નિયંત્રણ મેળવ્યું છે તેને દાન્ત કહેવાય. પાંચ જ્ઞાનેન્દ્રિયો ને પાંચ કર્મેન્દ્રિયો એમ દશ ઇંદ્રિયો દ્વારા જીવાત્મા બહારના વિષયો ગ્રહણ કરે છે. અંતઃકરણની વૃત્તિઓ ઇંદ્રિયો દ્વારા બહારના ભૌતિક જગત સાથે અનુસંધાન સાધી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય ગ્રહણ કરી તેમાં જીવાત્મા ઓતપ્રોત થઈ, તેમાં આસક્ત થઈ તેનો ભોગ ભોગવે છે અને તે વિષય સંબંધી સુખ-દુઃખનો અનુભવ કરે છે.

જે વ્યક્તિ રજોગુણી, તમોગુણી શબ્દને વિશે આસક્ત ન થાય અને ભગવાનની ને સંતની જ વાણીમાં પ્રીત અને મહિમા રાખે, પ્રભુનાં જ લીલાચરિત્રો, કથા - વાર્તા - કીર્તનમાં રુચિ રાખે તેણે શ્રવણેન્દ્રિય જીતી કહેવાય. ત્વક્ અર્થાત્ ત્વચા દ્વારા રજોગુણી - તમોગુણી વ્યક્તિ કે પદાર્થના સ્પર્શનો ત્યાગ રાખી એક ભગવાન અને સંતનો જ સ્પર્શ ગમે અને તેમાં જ ત્વક્નો ઉપયોગ કરે તો ત્વક્ ઇંદ્રિય જિતાઈ જાય. ચક્ષુઇંદ્રિય દ્વારા રજોગુણી - તમોગુણી વ્યક્તિ કે અનિષ્ટ

પદાર્થના રૂપમાં આસક્ત ન થતાં પ્રભુ અને તેમના સંતનાં દર્શન કરવામાં જ અભિરુચિ રહે તો ચક્ષુઇંદ્રિય જિતાઈ જાય. રસનાઇંદ્રિયને પણ રજોગુણી - તમોગુણી ખાદ્ય પદાર્થના સ્વાદમાંથી નિરાસક્ત કરી પ્રભુને ધરાવેલ પ્રસાદ તથા સંતનો પ્રસાદ ગ્રહણ કરવામાં રુચિ રાખી નિઃસ્વાદી વર્તમાન પાળે તો રસના જિતાય છે. ઘ્રાણેન્દ્રિયને પણ ભૌતિક રજોગુણી - તમોગુણી વ્યક્તિએ ઉપયોગ કરેલ અત્તરાદિક પદાર્થમાં સુગંધની આસક્તિ ન રહે ને એક પ્રભુ અને તેમના સંતે ગ્રહણ કરેલાં પુષ્પહાર કે ચંદનાદિકનો જ સુગંધ લેવામાં અભિરુચિ થાય તો ઘ્રાણેન્દ્રિય જિતાઈ જાય. આવી રીતે કર્મેન્દ્રિયોને (હાથ-પગને) પણ ભગવાન ને સત્પુરુષની સેવામાં તથા સદ્કાર્યોમાં જોડવાથી તે ઇંદ્રિયોને વિશે અનિષ્ટ ક્રિયાઓની આસક્તિ દૂર થઈ જાય તો કર્મેન્દ્રિયો જિતાઈ જાય. આ રીતે દશેય ઇંદ્રિયો જિતવાથી સત્ત્વગુણની વૃદ્ધિ થઈ અંતઃકરણ નિર્મળ બને છે ને ભગવાનના સ્વરૂપમાં સહેલાઈથી જોડાઈ શકાય છે.

ઇંદ્રિયોની વિષયાભિમુખ વૃત્તિઓ કેવી રીતે કાર્ય કરે છે ને તેના સંસ્કારો ચિત્તમાં કેવી રીતે બંધાય છે તે બાબતની આપણે કામૈરહિતધીના લક્ષણમાં સ્પષ્ટતા કરી છે એટલે આ લક્ષણમાં તેના પુનરાવર્તનની આવશ્યકતા નથી, કારણ કે આ વિષય ઉપરતો એક અલગ જ ગ્રંથ થઈ શકે એટલો વિશાળ ને ગહન આ વિષય છે.

સાધકે એટલી જ વાત ધ્યાનમાં રાખવાની છે કે શ્રીજીમહારાજે કહ્યું છે તેમ દરેક ઇંદ્રિયના આહાર શુદ્ધ

રાખવા. ઇંદ્રિયો અંતઃકરણને નિયમમાં વર્તાવી પ્રભુની આજ્ઞાપરાયણ રાખવાથી ઇંદ્રિયોની ભૌતિક પદાર્થની વાસના ને આસક્તિ દૂર થઈ અંતઃકરણ શુદ્ધ થવાથી એક પરમાત્માના સ્વરૂપની જ આસક્તિ રહે છે. સાચા સંતની અનુવૃત્તિમાં રહી પ્રભુ સંબંધી જ પંચવિષય ભોગવવા માટે ઇંદ્રિયો - અંતઃકરણની વૃત્તિને વાળવાથી જ પ્રભુમાં આસક્ત થાય છે ને પ્રભુપ્રાપ્તિનો માર્ગ સરળ બને છે.

પૂર્ણસ્થિતિવાળા સંતના ઇંદ્રિયો અંતઃકરણ તો પ્રભુની આજ્ઞા મુજબ જ પ્રવર્તતા હોય છે. ક્યારેય ભૌતિક પંચવિષયાભિમુખ થતા જ નથી, પણ તેમના જોગમાં આવેલા મુમુક્ષુના પણ ઇંદ્રિયો - અંતઃકરણ પ્રભુ સન્મુખ થાય છે ને તેને પણ ધીમે ધીમે દાન્ત લક્ષણ આત્મસાત્ થઈ જાય છે.

શ્રીહરિ વચ. ગ. પ્ર. ૧૮માં જણાવે છે :–

''તે સારુ એ પંચેઇંદ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે અને પંચ ઇંદ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે અને જો પંચે ઇંદ્રિયોના આહારમાંથી એકે ઇંદ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે.''

તથા વચ. ગ. પ્ર. ૮માં પણ શ્રીહરિ કહે છે :–

''ઇંદ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન ને તેના ભક્તની સેવાને વિશે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે

ને અનંતકાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે અને જો ઇંદ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિક વિષયોમાં પ્રવર્તાવે છે, તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે ને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે. માટે શાસ્ત્રમાં જે રીતે વિષય ભોગવવાનું કહ્યું છે, તેવી રીતે નિયમમાં રહીને વિષય ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરીને ભોગવવા નહિ અને સાધુનો સંગ રાખવો ને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે, ત્યારે એને દેહને વિશે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે, અને દેહના સંબંધીને વિશે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે, ને ભગવાનને વિશે અસાધારણ પ્રીતિ થાય છે, ને ભગવાન વિના અન્યને વિશે વૈરાગ્ય થાય છે.''

શ્રીજીમહારાજના આ વચન પ્રમાણે ઇંદ્રિયોને નિયમમાં પ્રવર્તાવીને બધી જ ઇંદ્રિયોના આહાર શુદ્ધ રાખે તો દાન્ત લક્ષણ દૃઢ થાય. માટે જેને સંત થવું હોય તેણે આવી બધી સૂક્ષ્મ વાતો જાગ્રતપણે લક્ષ્યમાં રાખી પ્રભુપ્રસન્નતાનાં સાધનો કર્યાં કરવાં.

# ૧૦. મૃદુ = કોમળ ચિત્તવાળા

જેના ચિત્તમાં કોઈને વિશે દ્વેષભાવ, શત્રુભાવ ન હોય, સર્વજીવો પ્રત્યે સદાય દયા ને કરુણા વહેતા હોય એવા સંતને મૃદુ કહેવાય. રાગ-દ્વેષરૂપ કષાયોથી રહિત તથા કામ, ક્રોધ, લોભ, મોહ, માન વગેરે અંતરશત્રુઓથી રહિત થવાથી ઇંદ્રિયો - અંતઃકરણની શુદ્ધતા થાય છે. અંતઃકરણની શુદ્ધ સત્ત્વમય એવી શુદ્ધિ આવવાથી ચિત્તમાં કોમળતા, મૃદુતા આવે છે. આવા મૃદુ સ્વભાવના સંતમાં ક્યારેય કોઈ પ્રત્યે તેમનાં વાણી ને વર્તનમાં કટુતા પ્રગટ થતી નથી. બધા પ્રત્યે તેમનો નિરાસક્ત પ્રેમ અને કરુણા વહેતા રહે છે. અમુક મર્યાદિત વ્યક્તિ કે પદાર્થમાં આસક્તિરૂપ સંકુચિત પ્રેમ એ અશુદ્ધ પ્રેમ છે. જ્યારે બધા પ્રત્યે સહૃદયતા, વાત્સલ્ય, વિશ્વબંધુત્વની વિશાળ ભાવના કેળવાય, ત્યારે તેનો વિશુદ્ધ પ્રેમ સમગ્ર વિશ્વને આવરી લે છે. એવો વિશુદ્ધ પ્રેમ ચિત્તને નિર્મળ બનાવે છે. પરમાત્મા પ્રત્યેના તીવ્ર અનુરાગ સિવાય આવો પ્રેમ સંભવી શકતો નથી. પરમાત્માના સ્વરૂપમાં જ્યારે પરાપ્રેમ - પરાભક્તિ પ્રગટ થાય, ત્યારે સાધકહૃદયમાં રહેલો સંકુચિત પ્રેમ વિરાટ મહાસાગર બની સમગ્ર વિશ્વને આવરી લે છે ત્યારે જ ચિત્તની મૃદુતા વિકસિત થાય છે.

મૃદુ સંતમાં વાણી તેમ જ વર્તનમાં વિનમ્રતાનો ગુણ પ્રગટેલો હોય છે. ક્યાંય કોઈની પ્રત્યે કડવાશ, વૈમનસ્ય કે

બદલાની ભાવના ઉદ્‌ભવતી નથી, કારણ કે તેમનું ચિત્ત રાગ-દ્વેષ રહિત હોવાથી કોઈ પ્રત્યે તિરસ્કારની કે ઘૃણાની ભાવના જન્મતી નથી. બધા પ્રત્યે અપાર પ્રેમ અને કરુણાની સરવાણી સદાય વહેતી રહે છે. તેમના સાંનિધ્યમાં રહેનારના પણ દ્વેષ, નિષ્ઠુરતા, અહિંસા, ક્રૂરતા વગેરે દોષોના અંકુરો બળી જાય છે.

પૂર્ણસ્થિતિવાળા સંતને આત્મા-પરમાત્માનો અખંડ સાક્ષાત્કાર હોવાથી દરેક અણુ-પરમાણુમાં, દરેક વ્યક્તિ કે પદાર્થમાં સર્વત્ર પરમાત્માનાં દર્શન થતાં હોવાથી પરમાત્માના અનંત કલ્યાણકારી ગુણો તેમનામાં પૂર્ણરૂપે વિકસેલા હોય છે. એટલે મનુષ્યરૂપે વિચરતા સત્પુરુષમાં સાહજિક રીતે જ સ્વભાવમાં મૃદુતા અને સરળતા રહેલા હોય છે. અપકાર કરનાર અજ્ઞાની જીવો ઉપર પણ તેઓ ઉપકાર જ કરતા હોય છે. કૃતઘ્નીના સંગનો ત્યાગ કરવાની શ્રીહરિની આજ્ઞા છે, તેમ છતાં સત્પુરુષો એવા કૃતઘ્ની ઉપર પણ કરુણા વરસાવે છે ને તેમનું સર્વપ્રકારે હિત થાય એવું જ શુભચિંતન કરે છે.

પરમાત્મા વિશે કહેવાય છે કે, ‘કોમળતા કુસુમ થકી ન્યારી ને કઠોરતા વજ્ર થકી ભારી.’ આમાં કહેવા એ માગે છે કે ભગવાનની ભક્તિ કરતા હોય, ભગવાનની આજ્ઞા અણિશુદ્ધ પાળતા હોય, ભગવાનની પ્રસન્નતાનાં ધ્યાન - ભજન - ઉપાસના વગેરે સાધનો કરતા હોય એવા ભગવાનને અતિ વહાલા ભક્તો માટે પ્રભુ કુસુમ અર્થાત્ પુષ્પ જેવા કોમળ રહે છે, પરંતુ એવા અનન્ય ભક્તનો કે સિદ્ધ મુક્તપુરુષનો કોઈ અજ્ઞાની - અસુરી જીવ દ્રોહ કરતો હોય,

કોઈ પણ પ્રકારે કષ્ટ આપતો હોય ત્યારે ત્યાં પ્રભુ કોમળતા ન રાખતાં તેવા અજ્ઞાની - આસુરી જીવને કઠોરપણું વાપરી શિક્ષા પણ કરે છે. શ્રીહરિ કહે છે કે એવા ભક્તના અપરાધીનો અપરાધ અમે માફ નથી કરતા. બીજું બધું માફ કરીએ છીએ, પણ ભગવાન ભક્તનો દ્રોહ કરવારૂપ અપરાધ માફ નથી કરતા. કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન કરી, ધર્મમાં ન વર્તતા હોય એવા સ્વચ્છંદી મનુષ્યોને પણ પ્રભુ કઠોરતા વાપરી, ક્રોધ પ્રદર્શિત કરી તેના દોષોને સુધારવા કઠોરપણું પ્રગટ કરે છે. આવશ્યક શિક્ષા કરીને પણ તેને સુધારે છે. આમ પ્રભુનો મૃદુ સાથે કઠોરતાનો પણ ગુણ છે, પરંતુ તે જીવના હિત માટે જ છે, જીવના ઊર્ધ્વીકરણ માટે જ છે.

પૂર્ણ સંતમાં પણ પરમાત્માનું સાધર્મ્યપણું હોવાથી મૃદુ સાથે ક્યારેક કઠોરપણાનો ગુણ પણ જણાય છે. જેથી જીવો ધર્મમાં ને પ્રભુની આજ્ઞામાં યથાર્થ રીતે વર્તી પોતાનું ઊર્ધ્વીકરણ સાધી શકે.

અનાદિમુક્ત પૂ. નારાયણભાઈ પણ પોતાના અંતરંગ શિષ્યોને જણાવતા કે, ‘‘મારામાં ક્રોધનો અંશ પણ નથી, પરંતુ તમારા બધાના અમુક દોષોને દૂર કરવા શ્રીજીમહારાજ મારામાં રહીને તમને ક્રોધનાં દર્શન કરાવે છે !’’ એટલે સત્પુરુષ મૃદુ હોવા છતાં ભક્તોના દોષો અને દુર્ગુણોને દૂર કરવા ક્યારેક કઠોરપણું પણ જણાવે છે, પરંતુ તે કઠોરતા ભક્તને અધોગતિને માર્ગે જતા અટકાવતી હોવાથી ભક્તો માટે તો તે મૃદુતા જ ગણાય. કઠોરતાની સાથે સાથે અપાર પ્રેમ આપી મુમુક્ષુને પ્રભુપ્રાપ્તિને માર્ગે પ્રગતિ કરાવે છે તે

તેમની વિશિષ્ટતા છે. આ વાત સૂક્ષ્મબુદ્ધિવાળો મુમુક્ષુ જ સમજી શકે છે. બીજા દેહાભિમાની જીવોને સત્પુરુષનું કડક વર્તન અપમાનજનક લાગે છે ને તેથી તે સત્પુરુષમાં મનુષ્યભાવ પરઠી અભાવ લે છે તેથી તેને લાભને બદલે હાનિ થાય છે. એવા જીવો ઉપર પણ સત્પુરુષ તો કરુણા જ વરસાવી તેનું સર્વપ્રકારે મંગલ જ ઇચ્છે છે.

સાધકને આ મૃદુનું લક્ષણ કેળવવા માટે મૃદુગુણ કેળવેલા સત્પુરુષનો જોગ - સમાગમ - સેવા કરી તેમની વાણી - વર્તનનું બારીકાઈથી અવલોકન કરી પોતાના જીવનમાં તેનો અમલ કરે તો સાધકમાં પણ મૃદુગુણ વિકાસ પામી શકે છે.

## ૧૧. શુચિ = બાહ્ય શૌચ જે સ્નાનાદિક ક્રિયા કરવી તથા સ્પર્શ કરવા યોગ્ય નહિ તેના સ્પર્શે રહિત અને અંતરમાં શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ રહિત થઈને મૂર્તિનું ચિંતવન કરનારા

શુચિનો શાબ્દિક અર્થ શુદ્ધિ, પવિત્રતા એવો થાય છે. પૂર્ણસ્થિતિવાળા સંતમાં અખંડ પરમાત્મા બિરાજતા હોવાથી આંતર-બાહ્ય એમ બંને રીતે શુચિનો ગુણ પૂર્ણરૂપે વિકસેલો હોય જ છે, પરંતુ બીજા સાધકોને પણ તેઓ પોતાના અણિશુદ્ધ વર્તન દ્વારા આ ગુણ શિખવે છે.

નિયમિત રીતે કુદરતી હાજત, દંતમંજન, પવિત્ર જળથી સ્નાન, હસ્ત-પાદ-મુખ પ્રક્ષાલન કરવું. સ્વચ્છ ને ધોયેલાં વસ્ત્રો પહેરવાં, પવિત્ર ને શુદ્ધ આસન ઉપર બેસી પૂજા-પાઠ, જપ-તપ, ધ્યાન-ભજન-ઉપાસના વગેરે કરવું. પાપી ને દુરાચારી વ્યક્તિનો સ્પર્શ વર્જવો વગેરે બાહ્યશુદ્ધિનાં સાધનો છે. આ રીતે બાહ્યશુદ્ધિ દ્વારા મન શુદ્ધ, સાત્ત્વિક ને નિર્મળ બને છે. તેથી આત્મા – પરમાત્માના સ્વરૂપમાં મનની એકાગ્રતા સરળતાથી સધાય છે. દરેક કાર્ય પરમાત્માએ સોંપેલું છે ને તેમની પ્રસન્નતાર્થે તે કાર્ય થાય છે એમ માની પૂરી એકાગ્રતા ને સ્વચ્છતા – સુઘડતા સાથે એ કાર્ય કરવું જોઈએ.

નિરાડંબરતા, નિર્દંભતા, સાદગી વગેરે શુચિના સ્વાભાવિક ગુણો છે. જેટલી આવશ્યકતા બાહ્યશુદ્ધિની છે તેના કરતાં અનેક ગણી આંતરિકશુદ્ધિની આવશ્યકતા છે, પરંતુ સાધનકાળમાં બાહ્યશુદ્ધિ આવવાથી ધીમે ધીમે આંતરશુદ્ધિ પણ આવતી જાય છે. જેમ બાહ્યશુદ્ધિનાં સાધનો નિયમિત કરવાં પડે છે, તેમ આંતરશુદ્ધિનાં સાધનો પણ નિયમિત કરતાં રહેવું જોઈએ.

સંતના માર્ગદર્શન મુજબ જ્ઞાન - ધ્યાન - ઉપાસના - જપ - તપ, સ્વાધ્યાય, બાહ્ય પૂજા - માનસી પૂજા, સત્પુરુષના જોગ - સમાગમ - સેવા - સત્સંગ વગેરે પ્રભુ પ્રસન્નતાનાં સાધનો શ્રદ્ધા અને ભક્તિની દૃઢતા સાથે નિયમિત કરતા રહેવાથી આંતરશુદ્ધિ પ્રગટે છે અને આંતરશુદ્ધિ દ્વારા પ્રભુની તથા સત્પુરુષની પ્રસન્નતા થવાથી સાધકના હૃદયમાં પ્રભુ પ્રત્યે પરાપ્રેમ - પરાભક્તિનો ઉદય થાય છે ને પ્રભુના સ્વરૂપમાં જોડાવાથી તેમના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થવાની પાત્રતા આવે છે.

દરેક વ્યક્તિ અને પદાર્થમાંથી વિવિધ તરંગો વહે છે. તેમાં કેટલાક તરંગો શુદ્ધ ને પવિત્ર હોય છે. તેમને અમુક પ્રકારના રંગો અને તરંગલંબાઈ પણ હોય છે, જે ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી, પરંતુ ધ્યાન યોગની સાધના દ્વારા જેમની સૂક્ષ્મ દૃષ્ટિ થઈ હોય તે જ યથાર્થ જોઈ શકે છે. કેટલાંક આધુનિક કેમેરારૂપ ઉપકરણો દ્વારા તે જોઈ શકાય છે, તેમ છતાં તેને યથાર્થરૂપે તો પૂર્ણ સ્થિતિવાળા સત્પુરુષો જ જોઈ – અનુભવી શકે છે. વ્યક્તિની આસપાસ તેના વિવિધ વિચારો અને ભાવોનું મંડળ હંમેશાં રહેલું હોય છે તેને આભામંડળ કહેવામાં

આવે છે. અપવિત્ર, અશુદ્ધ ને અનિષ્ટ પ્રવૃત્તિ કરનાર, દુરાચારી મનુષ્યમાંથી નીકળતા તરંગો અશુભ રંગના ને અપવિત્ર હોય છે ને સાત્ત્વિક ને પવિત્ર સંતમાંથી અતિ શુદ્ધ ને પવિત્ર તરંગો વહે છે. આ બંનેના સંપર્કમાં આવનાર વ્યક્તિ કે પદાર્થ ઉપર તેની સારી - નરસી, શુભ - અશુભ અસર પડે છે. માટે સાધકે આ જ્ઞાન જાણી લઈ પાપી અને દુરાચારીનો સંગ અર્થાત્ કુસંગ તજી સત્પુરુષનો સંગ કરવો જોઈએ, જેથી તેનામાં પણ સત્ત્વગુણનો ઉદય થાય છે ને પવિત્ર થાય છે. (આ આભામંડળનું વિજ્ઞાન આ સંસ્થા દ્વારા પ્રકાશિત 'પંચ વર્તમાન' પુસ્તકમાં ઊંડાણપૂર્વક વર્ણવ્યું છે, તો તેમાંથી વાચકે જાણી લેવું.)

વચ. ૨૯. પ્ર. ટીકામાં પરમ કૃપાળુ બાપાશ્રીએ શુચિનો અર્થ આ સંદર્ભને ધ્યાનમાં રાખીને જ કર્યો છે. પૂર્ણ સંતને તો ગમે તેવા પાપીનો સ્પર્શ થાય તો પણ તેમને કંઈ સ્પર્શી શકતું જ નથી. બલકે, પાપી જીવ જ સત્પુરુષના સ્પર્શથી પાપરહિત થઈ જાય છે. કોઈ અશુદ્ધિ સત્પુરુષને સ્પર્શતી જ નથી, કારણ કે પોતે પરમાત્મારૂપ હોવાથી શૂચિ ગુણની પરાકાષ્ઠારૂપ છે તેમ છતાં સાધકોની શિક્ષા માટે તેઓ સાર - અસાર, યોગ્ય - અયોગ્યનો વિવેક શિખવે છે.

અંતઃકરણમાં શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પે રહિત થઈને મૂર્તિનું ચિંતવન કરનારા, આ અર્થઘટન પણ સાધનદશાવાળા સંતને લાગુ પડે છે, કારણ કે જ્યાં સુધી આત્મા - પરમાત્માનો સાક્ષાત્કાર થઈ પૂર્ણ સિદ્ધ મુક્તદશા ન આવે ત્યાં સુધી અંતરમાં શ્રીહરિની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થઈ

જવાની પૂરી સંભાવના રહે છે. માટે સાધકે સતત જાગૃતિ સાથે, જાણપણારૂપ દરવાજે ઊભા રહી પ્રભુની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ પણ ન થઈ જાય તેની તકેદારી રાખવી પડે છે. જો એમ ન રાખે તો અંતઃકરણ મલિન ઘાટ - સંકલ્પથી મલિન બની જાય છે અને પ્રભુના સ્વરૂપનું એકાગ્રપણે ચિંતવન ન થઈ શકે તો સાક્ષાત્કારમાં વિલંબ થઈ જાય, માટે આ બાબતે સાધકે વિશેષ જાણપણું રાખવું આવશ્યક છે. સાચા સત્પુરુષના સંગથી અને તેમની કૃપાથી જ આવો શુચિ ગુણ આત્મસાત્ થઈ શકે છે. અન્યથા તે દુષ્કર છે.

પાતંજલિ મુનિના યોગસૂત્રમાં દર્શાવ્યું છે કે :—

शौचात्स्वांगजुगुप्सा परैरसंसर्गः ॥ ४० ॥

અર્થાત્ — બાહ્ય અને આંતરિક શૌચ દૃઢ થવાથી પોતાના શરીર પ્રત્યે ઘૃણા ઊપજે છે ને બીજાઓ સાથે સંસર્ગ ન રાખવાની વૃત્તિ પેદા થાય છે.

જ્યારે બાહ્ય તેમ જ આંતરિક શુદ્ધિ આવે છે, ત્યારે પોતાના પંચભૌતિક શરીર પ્રત્યે ઉપેક્ષા ઉદય થાય છે, તેથી તે શરીરને પંચવિષય દ્વારા પોષણ આપવાની આસક્તિ તૂટી જાય છે ને પોતાની દેહાત્મબુદ્ધિ ક્ષીણ થઈ જાય છે. એટલે સંતમાં શુચિનો ગુણ સિદ્ધ થયેલો હોવાથી તેઓ દેહાતીત અવસ્થામાં વર્તે છે. તેથી સાધકે પણ આંતર - બાહ્ય શુદ્ધિ કરી દેહભાવ રહિત થવા પ્રયત્ન કરવો જોઈએ.

# ૧૨. અકિંચન = ધનાદિક પરિગ્રહ રહિત (ધન  જે સુવર્ણ, રૂપું, તામ્ર, મુદ્રા, નોટ આદિ કોઈ પણ પ્રકારના દ્રવ્યનો સંગ્રહ કરનાર - કરાવનાર નહિ એવા)

અકિંચનનો શબ્દકોષમાં અર્થ છે દરિદ્ર અથવા ધનવિહિનતા. અહીં અકિંચનનો અર્થ છે પરિગ્રહ રહિત. પાતંજલિ મુનિના 'યોગસૂત્ર'માં કહ્યું છે :—

अपरिग्रहस्थैर्ये जन्मकथन्तासंबोधः ॥ ३९ ॥

અર્થાત્ — અપરિગ્રહમાં દૃઢ થવાથી પાછલા જન્મોની સ્મૃતિ થાય છે. યોગનાં આઠ અંગમાં યમ એટલે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ. આ અપરિગ્રહ એટલે જ અકિંચનપણું જે સંતમાં આત્મસાત્ થયેલું હોય છે. મનુષ્ય જ્યારે બીજા પાસેથી કંઈ સ્વીકારતો નથી ત્યારે તે બીજાઓના ઉપકાર નીચે આવતો નથી, પણ સ્વતંત્ર અને મુક્ત રહે છે. બીજાના ઉપકાર તળે ન આવવાથી તેનું મન પવિત્ર થાય છે. જ્યારે જ્યારે પોતાના સ્વાર્થ માટે બીજા પાસેથી દાન લેવામાં આવે છે, ત્યારે ત્યારે દાન લેનારનું મન દેનારાના ખરાબ સંસ્કારથી ખરડાય છે ને તે બંધનમાં આવે છે. જો માણસ દાન ન લે તો તેનું મન પવિત્ર થાય છે અને અપરિગ્રહ જ્યારે સિદ્ધ થાય છે, ત્યારે તેને પાછલા જન્મની

સ્મૃતિ થાય છે, એવી રીતે પાછલા જન્મોની સ્મૃતિ થવાથી તે પોતાના આદર્શમાં સંપૂર્ણપણે સ્થિર થાય છે. તે અનુભવે છે કે પોતે અનેક વાર જન્મ ધર્યા છે અને સંસારનાં સુખ-દુઃખ ભોગવ્યાં છે, તેથી તેને આ જન્મે જ મુક્ત થવાની તીવ્ર મુમુક્ષુતા જાગૃત થાય છે.

અપરિગ્રહી રહેવાથી ધનની લાલસા અને લોભવૃત્તિ પણ દૂર થાય છે. શ્રીજીમહારાજે સાધકને નિરાસક્ત બનાવવા માટે જે કેટલાક નિયમ - ધર્મોના પાલન માટે આજ્ઞાઓ કરેલી છે. જેમ કે ત્યાગીને ૧૧ જ વસ્ત્ર રાખવાં. તુંબડી - પત્તર રાખવું ભગવાનને ભૂલી જવાય એવું દેહના સુખ માટે કાંઈ જ ન રાખવું. વેપાર, ખેતી, ધંધો વગેરે જેમ ગૃહસ્થ કરે છે, તેમ ત્યાગીએ ન કરવું. ગાય, ભેંશ, ઘોડા વગેરે પશુ પણ ત્યાગીએ ન રાખી શકાય. ટૂંકમાં પોતાના માટે આર્થિક ઉપાર્જન માટેની કોઈ જ પ્રવૃત્તિ ન કરી શકાય. આ રીતે શ્રીહરિની આજ્ઞા યથાર્થ પાળે તો તે ત્યાગી અકિંચન ગણાય.

સંતના લક્ષણવાળા ગૃહસ્થ હરિભક્તે પણ પોતાની જરૂરિયાત પ્રામાણિકપણે નક્કી કરી, પૂરી નૈતિક રીતથી જ અર્થોપાર્જન કરવું જોઈએ. અનૈતિક રીતે ભ્રષ્ટાચાર દ્વારા છળ-કપટથી, ચોરીથી, બળજબરીથી, છેતરપિંડીથી, લાંચ - રિશ્વત વગેરે કોઈ પણ અધાર્મિક પ્રકારે કમાણી કરી પરિગ્રહ કરે તો તેને સંસારનાં બંધનમાંથી નીકળવું દુષ્કર થઈ જાય. શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ધર્મના પાલન દ્વારા, નૈતિક રીતે કરેલી કમાણી જ આવકાર્ય છે. તેમાં પણ આવશ્યકતાથી વિશેષ હોય તો તેનો પરિગ્રહ નહિ કરતાં પ્રભુનાં સેવાકાર્યોમાં સદુપયોગ કરવો જોઈએ. પોતાની આવકમાંથી દસમો કે

વીસમો ભાગ પ્રભુની આજ્ઞા પ્રમાણે ધર્માદો કાઢી પ્રભુને અર્પણ કરવો જોઈએ. આ રીતે ગૃહસ્થ વર્તે તો તે પણ અકિંચન ગુણ સિદ્ધ કરી શકે.

સંત સાધનદશામાં પોતાના સ્વાર્થ માટે બીજા પાસેથી દ્રવ્ય તેમ જ વિવિધ પદાર્થો ગ્રહણ કર્યા કરે તો જેણે જેણે દાન આપ્યું હોય તેનાં કર્મોનું ફળ દાન લેનારને ભોગવવું પડતું હોય છે. ઘણી વાર દાન આપનારે અનૈતિક માર્ગે દ્રવ્ય મેળવ્યું હોય તો તેની દાન ગ્રહણ કરનારના મન ઉપર પણ વિપરિત અસર થવાની જ. દાન આપનારને મનમાં એમ રહેતું હોય છે કે આપણે અધર્મ આચરીને કે અનૈતિક માર્ગે કમાણી કરીશું ને તેમાંથી થોડું કોઈ સંતને કે સંસ્થાને દાન આપી દઈશું તો પાપમાંથી છૂટી જઈશું ! આવો હેતુ ધરાવનારની અશુભ ભાવના દાન ગ્રહણ કરનાર વ્યક્તિના મનની સાત્ત્વિકતા હણે છે. ઘણી વખત દાન ગ્રહણ કરનાર દાન આપનારના ઉપકારના બોજા હેઠળ આવી જવાથી દાન આપનાર દાન ગ્રહણ કરનાર પાસે પોતાનું ધાર્યું કામ બળજબરીથી કે યુક્તિપૂર્વક કઢાવી લે છે. પછી તે કાર્ય ગમે તેવું અનૈતિક પણ હોઈ શકે. મહાભારતમાં દુઃસાશન જ્યારે દ્રૌપદીનાં વસ્ત્ર હરણ કરતો હતો ત્યારે ભીષ્મપિતાની હાજરી હોવા છતાં તે પોતાનો વિરોધ પ્રદર્શિત ન કરી શક્યા, કારણ કે તે દુર્યોધનના ઉપકારના બોજ નીચે દબાયેલા હતા. અંતે તેને બાણશૈયાની પીડારૂપી કર્મફળ ભોગવવું પડ્યું. માટે સંતમાં અપરિગ્રહીપણું અતિ આવશ્યક છે.

આત્મા - પરમાત્માના સાક્ષાત્કારવાળા સંત ક્યારેક કોઈ ભક્તો પાસે કોઈ પદાર્થ ગ્રહણ કરે છે તે કેવળ સેવારૂપે

તે ભક્તના કલ્યાણ માટે જ ગ્રહણ કરે છે અને તેમાં તેમને પોતાનો કોઈ અંગત સ્વાર્થ સાધવાનો હેતુ નથી હોતો. એવા પૂર્ણ સંત તો સેવા ગ્રહણ કરી જીવના અનેક જન્મનાં કર્મોને વિદારીને તેનો મોક્ષ કરે છે. એમ સેવા ગ્રહણ કર્યા છતાં પણ તેઓ સંપૂર્ણપણે અલિપ્ત હોવાથી તેમને કોઈ કર્મબંધન નડી શકતું નથી, કારણ કે તેમના દ્વારા સેવા ગ્રહણ કરનાર સ્વયં પરમાત્મા હોય છે. જે સંત સાધનદશામાં અન્ય પાસેથી ગ્રહણ કરે છે તેમાં સ્વાર્થ, રાગ ને આસક્તિ ભળેલાં હોવાથી તેને કર્મબંધન થાય છે, પછી તેવા બંધનમાંથી છૂટવું મુશ્કેલ થઈ જાય છે.

મંદિરમાં રહેલા સંતો ગૃહસ્થો પાસેથી મળેલાં દાન દ્વારા જ પોતાનું ગુજરાન ચલાવે છે, પરંતુ તેમાં પણ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ત્યાગી સંતોએ તે ગૃહસ્થોને બદલારૂપે જ્ઞાનોપદેશ આપવો, તેમના માટે શુભસંકલ્પ સાથે માળા ફેરવવી, ધર્માચરણ માટેનો બોધ આપવો વગેરે દ્વારા તેનો બદલો આપવો પડે છે. નહિતર તેઓને પણ કર્મબંધન લાગે છે. આવા હેતુથી જ શ્રીહરિએ ગૃહસ્થોને પણ તીર્થમાં જઈ પારકું અન્ન ન ખાવાની ને પોતાની ગાંઠનું ખર્ચ જ કરવાની આજ્ઞા કરી છે, કારણ કે પારકું અન્ન પોતાના પુણ્યને હરિ લે છે. આ માટે આધ્યાત્મિક પથના સાધકે ખૂબ જ જાગૃત રહી અપરિગ્રહ અર્થાત્ અકિંચન ગુણને પોતાના જીવનમાં સિદ્ધ કરવો, જેથી પોતાની ઊર્ધ્વગતિના માર્ગમાં કોઈ વિઘ્ન ન નડે.

# ૧૩. અનીહ = નહિ કરવા યોગ્ય એવી શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ ક્રિયા તેને નહિ કરનારા

અનીહનો શબ્દકોષ પ્રમાણે એક અર્થ તૃષ્ણા - આકાંક્ષા વગરના એવો પણ થાય છે. અહીં અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ અનીહનો અર્થ શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધની હોય એવી અયોગ્ય ક્રિયા નહિ કરનારા એવો કર્યો છે.

પૂર્ણ સંત પોતે પૂર્ણકામ હોવાથી તેમને કોઈ પણ પ્રકારની ભૌતિક પ્રાપ્તિની તૃષ્ણા કે આકાંક્ષા હોતી જ નથી. આ લોકના કોઈ સુખ, સમૃદ્ધિ, વૈભવ કે યશ, કીર્તિ, પ્રસિદ્ધિ મેળવવી, કોઈ સત્તા કે અધિકાર મેળવવો, કોઈની પાસેથી માન - સન્માન મેળવવાં આવી કોઈ જ પ્રકારની આકાંક્ષા કે તૃષ્ણા તેમને હોતી નથી. પ્રભુપ્રાપ્તિની તેમની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ થઈ ગઈ હોવાથી તેમની અન્ય કોઈ આકાંક્ષાની કે સિદ્ધિની ચાહના નિર્મૂળ થયેલી હોય છે.

સાધનકાળમાં રહેલા સંતને પણ જો પ્રભુપ્રાપ્તિ સિવાયની અન્ય કોઈ તૃષ્ણા કે આકાંક્ષા રહે તો પ્રભુની પ્રાપ્તિ શક્ય ન બને. બાપાશ્રીએ કરેલ અર્થ મુજબ શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધની કોઈ ક્રિયા ન કરે એટલે આપોઆપ જ તૃષ્ણાઓનો સંકોચ થતો જાય અને તૃષ્ણા ઉપર સંયમ આવી

જવાથી પ્રભુ સિવાયની બીજી આકાંક્ષા નિર્મૂળ થઈ જાય અને અનીહનું લક્ષણ સિદ્ધ થઈ જાય.

અનાદિમુક્ત પૂ. નારાયણભાઈએ એટલી સરળ વ્યાખ્યા કરી છે કે કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં વિચારવું કે આ ક્રિયા પ્રભુને ગમશે ? જો અંતરમાં તેની 'હા' પડે તો તે ક્રિયા કરવી ને અંતરમાં 'ના' આવે તો તે ક્રિયા ન કરવી. દરેકના અંતરમાં એટલી તો ખબર પડે જ છે કે એ ક્રિયા પ્રભુને ગમે તેવી છે કે નહિ.

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં દરેક મનુષ્યે કેવી રીતે જીવન જીવવું તેની આજ્ઞાઓ કરેલી જ છે. પછી તે સાધુ હોય, ગૃહસ્થ હોય, બ્રહ્મચારી હોય, આચાર્ય હોય, રાજા હોય, સધવા-વિધવા સ્ત્રી હોય ગમે તે હોય બધા માટે સદાચારમય જીવન કેવી રીતે જીવવું તેના આદેશો આપેલા જ છે. એ આજ્ઞા પ્રમાણે બધા જીવન જીવે તો કોઈ જ દુઃખ ન આવે અને સુખે જીવન વ્યતિત થાય. યથાર્થ રીતે વ્યક્તિ પ્રભુની આજ્ઞાઓનું પાલન કરે તો પ્રભુ તેનું કાળ, કર્મ ને માયા એ બધા થકી રક્ષણ કરે છે. એવું એનું બિરુદ છે અને એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો દુઃખ આવે ને તેનું કર્મફળ ભોગવવું પડે એવું પોતે જ કહે છે. સિદ્ધ મુક્તપુરુષો પણ પૃથ્વી ઉપર મનુષ્યરૂપે આવે ત્યારે શ્રીહરિની પંચ વર્તમાનરૂપ આજ્ઞાનું યથાર્થ પાલન કરે છે. તેમને કોઈ કર્મબંધન થવાની સંભાવના ન હોવા છતાં પણ તેઓ ક્યારેય પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. પોતે સાધક ભક્તને શિખવવા માટે પ્રભુની આજ્ઞાનું યથાર્થપણે પાલન કરતા હોય છે. શ્રીહરિની

આજ્ઞાઓનું પાલન તો આધ્યાત્મિક જીવનનો પાયો છે. તેના વગર ચૈતન્યના ઊર્ધ્વીકરણરૂપ ઈમારત શક્ય જ નથી બનતી.

પૂર્ણ સત્પુરુષના જીવનનું બારીકાઈથી અવલોકન કરવામાં આવે તો આપણને ચોક્કસ જણાય છે કે તેઓ હંમેશાં પ્રભુની આજ્ઞાનું પાલન કરતા જ હોય છે, કારણ કે દરેક ક્રિયા પાછળ પ્રભુની શી મરજી છે તે પણ તેઓ પ્રભુકૃપાથી યથાર્થપણે જાણતા જ હોય છે, એટલે તેમને માટે પ્રભુની આજ્ઞા વિરુદ્ધની અયોગ્ય ક્રિયા થવી શક્ય જ નથી. કોઈક જીવને અજ્ઞાનવશ સત્પુરુષની કોઈ ક્રિયામાં ઉપલકિયા દૃષ્ટિએ અયોગ્યપણું જણાય, પણ જો સૂક્ષ્મદૃષ્ટિથી વિચારે તો તેને ખબર પડે છે કે તે ક્રિયા યોગ્ય જ હતી. હા, સાધનકાળમાં રહેલા સંતને પ્રભુ સાથે ઐક્ય સધાયું ન હોય ત્યાં સુધી તેમની ક્રિયા યોગ્ય ન હોય તેવો પૂરો સંભવ છે, પરંતુ સિદ્ધપુરુષમાં તો સ્વયં પરમાત્માનું કર્તાપણું હોવાથી અયોગ્ય ક્રિયા સંભવતી જ નથી. તેથી જ શ્રીહરિ શિક્ષાપત્રી શ્લો. ૭૪માં જણાવે છે :–

पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् ।
कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥ ७४ ॥

'પૂર્વે થયા જે મોટા પુરુષ, તેમણે પણ જો ક્યારેક અધર્માચરણ કર્યું હોય તો, તેનું ગ્રહણ ન કરવું અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું.' કારણ કે ઉચ્ચ સાધનદશાવાળાને પણ મોટા પુરુષ ગણી શકાય. સિદ્ધમુક્તપુરુષ તો મોટા પુરુષ છે જ એ નિઃશંક બાબત છે, પણ સાધનદશામાં ઉચ્ચ સ્થિતિવાળાને પણ મોટા પુરુષ કહી

શકાય. એવા મોટા પુરુષ ક્યારેક પ્રકૃતિવશ થઈ અધર્માચરણ કરી બેસે એવી પૂર્ણ સંભાવના છે. એ માટે શ્રીહરિએ એવી આજ્ઞા કરી છે. સાધનકાળમાં રહેલા સંત જો પૂર્ણ સ્થિતિવાળા સંતના જોગ-સમાગમમાં રહે ને તેમની અનુવૃત્તિમાં રહી પ્રભુપરાયણ જીવન જીવે તો ધીમે ધીમે તેમને પણ અનીહનું લક્ષણ સિદ્ધ થતું જાય. પછી પૂર્ણ સ્થિતિ થયા બાદ તો પ્રભુના કલ્યાણકારી ગુણો આવે તેમાં તો કોઈ શંકાને સ્થાન જ નથી.

# ૧૪. મિતભૂક = ઉદરના ચાર વિભાગપૂર્વક બે ભાગ અન્ને કરીને પૂર્ણ કરનારા

આધ્યાત્મિક પથના સાધકે શુદ્ધ, સાત્ત્વિક અને પૌષ્ટિક આહાર લેવો જોઈએ, તે પણ મિતાહાર હોવો જોઈએ. યોગશાસ્ત્રમાં ઉદરના ચાર ભાગ કલ્પી ફક્ત બે ભાગ ભરાય તેટલો જ શુદ્ધ - સાત્ત્વિક આહાર લેવો જોઈએ. એક ભાગ શુદ્ધ પાણીથી ભરવાનો અને એક ભાગ વાયુના સંચાર માટે ખાલી રાખવો એવો નિયમ છે.

ભગવાન સ્વામિનારાયણ કામ જીતવાના ઉપાયમાં વચ. ગ. મ. પ્રકરણ ૩૩માં જણાવે છે :—

''આહાર - વિહાર યુક્ત રાખવો, પણ અતિશે ખાધાની લોલુપતા ન રાખવી. એવી રીતે વર્તે ત્યારે પ્રાણ નિયમમાં થયો કહેવાય અને પ્રાણ નિયમમાં ન કર્યો હોય તો ખાધાની બહુ મનમાં તૃષ્ણા રહે, પછી અનંત પ્રકારના જે રસ તેને વિશે રસનાઇંદ્રિય છે તે દોડતી ફરે ત્યારે બીજી ઇંદ્રિયો વશ કરી હોય તે પણ સર્વે મોકળી થઈ જાય, માટે આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો.''

પ્રાણ એ સારા ય વિશ્વમાં વ્યાપેલી વૈશ્વિક શક્તિ છે. પરમાત્માની દિવ્યશક્તિમાંથી ઉદ્ભવેલી એ પ્રાણશક્તિ વિશ્વમાં પ્રવર્તતી વીજ-ચુંબકીયશક્તિ, વીજશક્તિ, ગુરુત્વાકર્ષણશક્તિ, અણુશક્તિ, ધ્વનિશક્તિ વગેરે અનેક

શક્તિનો કુલ સરવાળો એટલે પ્રાણશક્તિ. શાસ્ત્રમાં કહ્યું છે કે આ કળિયુગમાં શરીરમાં રહેલ પ્રાણનો આધાર આહાર છે. આ શરીરનો આધાર પ્રાણશક્તિ છે ને પ્રાણનો આધાર આહાર છે. શરીરમાં રહેલી પ્રાણશક્તિ બાહ્ય આહાર ઉપર નિર્ભર છે. સૂર્યપ્રકાશ દ્વારા ઉદ્ભવતી ને કાર્યરત થઈ પ્રાણશક્તિ વનસ્પતિ પોતાનામાં ગ્રહણ કરે છે ને પ્રાણીઓ વનસ્પતિનો આહાર કરી તે શક્તિ પોતાનામાં પચાવે છે ને તેમના શરીરમાં રહેલો પ્રાણ તેના આધારે ટકી રહે છે. કેટલાક ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત યોગીઓ એવી સિદ્ધિ ધરાવતા હોય છે કે સ્થૂળ આહાર લીધા વગર સીધી સૂર્યપ્રકાશમાંથી અને વાયુમંડળમાંથી પ્રાણશક્તિ ખેંચી લે છે ને તેમને સ્થૂળ આહારની આવશ્યકતા રહેતી નથી, પરંતુ આ વાત બધા મનુષ્યો માટે શક્ય નથી. માટે સાધકે તો મિતાહારી રહી પ્રભુપ્રાપ્તિ માટેની યોગસાધના કરવી એ સરળ માર્ગ છે. મિતભૂક અર્થાત્ મિતાહારી રહેવાથી ઇંદ્રિયો - અંતઃકરણમાં સાત્ત્વિકતા પ્રગટવાથી પ્રભુના સ્વરૂપમાં સરળતાથી એકાગ્રતા સિદ્ધ થઈ શકે છે. ઇંદ્રિયોમાં સંયમ આવે છે તેથી ઇંદ્રિયોની વિષયાભિમુખ વૃત્તિઓ પ્રભુ તરફ સરળતાથી વાળી શકાય છે. પૂર્ણ સિદ્ધમુક્ત જેમને આત્મા - પરમાત્માનો અખંડ સાક્ષાત્કાર છે ને પ્રભુ સંબંધી અખંડ દિવ્ય સુખનો આહાર કરનારા છે, તેમનું મનુષ્યરૂપે વિચરણ તે ફક્ત દેખાવમાત્ર ને જીવોના આત્યંતિક કલ્યાણ માટે જ હોય છે તેઓ તો મિતભૂક સહજ રીતે જ હોય છે. એમને માટે તેઓએ કોઈ પ્રયાસ કરવો પડતો નથી. તેમની આહાર - વિહાર, નિદ્રા વગેરે ક્રિયાઓ લીલામાત્ર જ હોય છે. અનાદિમુક્ત પૂ. નારાયણભાઈ કહેતા

કે અનાદિમુક્તને તો ચૈતન્યના સંકલ્પમાત્રથી જ દેહ ચાલે છે. વાસ્તવિક રીતે તેમને સ્થૂળ આહારની આવશ્યકતા નથી હોતી, પણ જીવોની સેવા ગ્રહણ કરી તેમની ચેતનાની ઊર્ધ્વગતિ કરવા માટે તથા સમાસ માટે મનુષ્ય ચરિત્ર હોય છે, પરંતુ સાધનદશાવાળા સંતને મિતભૂકનું લક્ષણ કેળવવું અતિ આવશ્યક છે.

શ્રીકૃષ્ણ ભગવાન ભગવદ્‌ગીતામાં પણ જણાવે છે કે :—

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
न चाति स्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥ १६ ॥

— ભગવદ્‌ગીતા અધ્યાય-૬

‘‘હે અર્જુન ! આ યોગ ખૂબ ખાનારનો સિદ્ધ થતો નથી તેમ જ બિલકુલ ન ખાનારનો પણ સિદ્ધ થતો નથી તથા ઘણું ઊંઘનારનો સિદ્ધ થતો નથી, તેમ જ હંમેશાં જાગનારનોયે સિદ્ધ થતો નથી. તે માટે સાધકે તો રસાસ્વાદ ઉપર વિજય મેળવી મિતાહારી બનવું જ યોગ્ય છે. આ સ્થૂળ શરીરમાં પ્રાણશક્તિનું વહન વાયુ દ્વારા થાય છે. એક જ પ્રાણશક્તિ વિવિધ પાંચ પ્રકારે શરીરમાં કાર્ય કરતી હોવાથી તેના પાંચ પ્રકાર છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન. પ્રાણ નાભિકેન્દ્રથી ઊર્ધ્વ રહીને શરીરનું પોષણ કરતો મસ્તક સુધી વ્યાપેલો છે. નાભિકેન્દ્રથી નીચે રહેલો અપાન વાયુ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. વ્યાન નામનો વાયુ શરીરની ક્રિયાઓ કરે છે ને સર્વે સંધિઓમાં તથા મર્મસ્થાનોમાં રહે છે. ઉદાનવાયુ કંઠમાં રહેલો છે. ખોરાકના ઘટકોને પચાવી શરીરના કોષોના અગ્નિને ઉદ્દીપન્ન કરનારો સમાન વાયુ

નાભિમાં રહેલો છે. આ રીતે પ્રાણ પાંચ પ્રકારે રહેલો છે ને શરીરનાં કાર્યો કરે છે.

સ્વાદ ખાતર અકરાંતિયાની માફક વધુ પડતું ખાનારનું પેટ તણાવાથી તે વ્યક્તિને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડે છે અને તેની મોટા ભાગની ઊર્જા ખાધેલું પચાવવામાં વેડફાઈ જવાથી તથા આળસ નિદ્રા ઉત્પન્ન થવાથી આધ્યાત્મિક સૂક્ષ્મ સાધનામાં તેની એકાગ્રતા સધાતી નથી. મનની ક્રિયાઓનો આધાર પણ પ્રાણ છે. પ્રાણ અને મનને ઘનિષ્ઠ સંબંધ છે. અહીં-તહીં વિષયોમાં દોડતું મન પ્રાણને પણ સ્થિર થવા દેતું નથી અને પ્રાણની અનિયમિતતા મનને સ્થિર થવા દેતી નથી. પ્રાણનું નિયમન કરવાથી મનને સહજ રીતે જીતી શકાય છે તેમ જ મનને ધ્યાનયોગ દ્વારા સ્થિર કરવાથી પ્રાણને પણ જીતી શકાય છે. માટે જ શ્રીહરિ કહે છે કે જેમ અષ્ટાંગયોગ દ્વારા પ્રાણનો નિરોધ કરવાથી ચિત્તનો નિરોધ થાય છે તેમ જ ચિત્તનો ભગવાનના સ્વરૂપમાં ધ્યાન - ચિંતન દ્વારા નિરોધ કરવાથી પ્રાણનો નિરોધ પણ સધાય છે. તેથી ચિત્તને નિરોધે કરીને પણ સમાધિ થાય છે.

મિતાહારી રહેવાથી શરીરનું આરોગ્ય જળવાઈ રહે છે. મોટા ભાગના રોગો રાજસી અને તામસી આહારથી અને આહારના અતિરેકથી જ થતા હોય છે. જઠરને ઠાંસી - ઠાંસીને ભરવાથી પ્રાણનો સંચાર વ્યવસ્થિત થતો નથી. જઠરાગ્નિ મંદ પડી જવાથી પાચનક્રિયા પણ મંદ પડે છે એટલે કાચો આમ અથવા અપક્વ અન્ન પેટના અને આંતરડાના રોગો તથા અન્ય અનેક રોગો ઉત્પન્ન કરે છે. શરીરની શક્તિ ખોરાકને

પચાવવામાં વ્યર્થ વેડફાઈ જાય છે. લોહીનું પરિભ્રમણ પેટના લીવર (યકૃત) વગેરે પાચનતંત્રનાં અંગો તરફ વધી જવાથી મગજ તરફ લોહીનો પ્રવાહ ઘટે છે, તેથી ઊંઘ, આળસ, પ્રમાદ વધે છે ને મનમાં શુષ્કતા આવવાથી કોઈ એક વિષય ઉપર મનની એકાગ્રતા સાધી નથી શકાતી. રજોગુણી - તમોગુણી ને અતિ આહારથી વિષય વાસના પણ વધે છે. તેથી ઇંદ્રિયોની વૃત્તિ વિષયાભિમુખ થવાથી ચેતનાને અધોગતિ તરફ દોરી જાય છે. તે માટે સાધકે મિતભૂક થવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

મિતભૂકનો વધુ સૂક્ષ્મ અર્થ જોઈએ તો મનુષ્ય પોતાની સ્વાદેન્દ્રિય પોષવા માટે તો ભૂખ્યો હોય છે જ, પણ સાથે સાથે તેને કામવિષયની ભૂખ, ધન - વૈભવપ્રાપ્તિની ભૂખ, યશ - કીર્તિ - પ્રસિદ્ધિની ભૂખ, માન - સન્માનની ભૂખ, પોતાનો સ્વાર્થી હેતુ સાધવા માટે અન્યનું શોષણ કરવાની ભૂખ આ પ્રકારની તૃષ્ણાઓરૂપી ભૂખ ઉપર નિયંત્રણ મેળવવું એ પણ મિતભૂક લક્ષણમાં આવી જાય છે.

આમ જોતાં મિતભૂક લક્ષણને સિદ્ધ કરવાથી સાધક ભગવાનના સ્વરૂપમાં સરળતાથી જોડાઈ શકે છે.

# ૧૫. શાન્ત = મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ અંતઃકરણોને શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તાવનારા

જેમ દાન્ત લક્ષણમાં બાહ્ય દસ ઇંદ્રિયોને (પાંચ જ્ઞાનેન્દ્રિય ને પંચ કર્મેન્દ્રિય) વશ કરીને પ્રભુની આજ્ઞામાં વર્તાવવાની વાત હતી, એમ શાન્ત લક્ષણમાં મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ ચાર અંતઃકરણોને શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તાવે એવા સંતનાં લક્ષણની વાત છે. દાન્તમાં ઇંદ્રિયોનું દમન છે, તો શાન્તમાં અંતઃકરણનું શમન છે.

મન સંકલ્પ - વિકલ્પરૂપી તરંગોનું ઉપાદાન ક્ષેત્ર છે. 'मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।' મન એ જ જીવાત્મા માટે બંધન અથવા મોક્ષનું કારણ છે. મનમાં પંચવિષય સંબંધી ઘાટ - સંકલ્પ ઉત્પન્ન થઈ તેના વહેણમાં ઇરાદાપૂર્વક મનને વહેવા દેવું; કામ, ક્રોધ, લોભ, માન, મોહ, મત્સર, દંભ, કપટ, નિંદા - કુથલી, ઈર્ષ્યા, વૈમનસ્ય વગેરે દોષો અને મનોવિકારોને મનમાં પાંગરવા દેવા, વ્યભિચાર, હિંસા, ભ્રષ્ટાચાર વગેરે કુભાવોને મનમાં ઊઠવા દેવા, જાણવા છતાં સજાગપણે મનમાં એવા કુભાવોનું મનન કરવું વગેરે મનને દૂષિત અને કલુષિત કરે છે. તે માટે સાધકે મનમાં ઉદ્ભવતા એવા કુભાવોને ઊગતા જ ડામી દેવાનો પ્રયત્ન કરવો જોઈએ. શ્રીજીમહારાજ પણ જણાવે છે કે મલિન ઘાટ - સંકલ્પ કરવાથી

તે ઘાટની મૂર્તિ બંધાઈ જાય છે, પછી તેમાંથી નીકળવું મુશ્કેલ થઈ જાય છે, માટે ઘાટને થતાં જ શમાવી દેવા જોઈએ. સાધકે મનને પ્રભુના સ્વરૂપના ધ્યાન - ચિંતન - મનનમાં જોડવું, પ્રભુના નામ - સંકીર્તનમાં, જપમાં રોકી સાત્ત્વિકભાવથી તથા દિવ્યભાવથી મનને ભરી દેવું જોઈએ. સત્પુરુષની વાણીમાં સત્શાસ્ત્રોના પઠન - શ્રવણ - વાંચનમાં મનનો સદુપયોગ કરવો. આ રીતે પ્રભુની આજ્ઞામાં જ તેને વર્તાવવાની ટેવ પાડવાથી મનનું વલણ સદ્પ્રવૃત્તિમાં જ વળગેલું રહેવાથી તે સ્થિર, સાત્ત્વિક ને શાંત થાય છે. આ રીતે પ્રભુની આજ્ઞામાં મનને વર્તાવવાથી તેનો નિગ્રહ સહેલાઈથી થઈ શકે છે.

મનુષ્યશરીરની એક વિશિષ્ટતા એ છે કે પ્રભુએ માનવશરીરમાં રહેલી મનની ચેતનાને વિકસિત કરીને તેને બુદ્ધિની ભૂમિકાએ પહોંચાડ્યું છે. એ બુદ્ધિ દ્વારા સાર - અસાર, સાચું - ખોટું, યોગ્ય - અયોગ્ય વગેરેનો નિર્ણય થઈ શકે છે. એ બુદ્ધિનો વ્યર્થ તર્ક-કુતર્કમાં, છળ, કપટ, છેતરપિંડી, દંભ, સ્વાર્થ વગેરેમાં દુરુપયોગ કરવામાં આવે, પ્રભુના સ્વરૂપમાં જે નિશ્ચય થયો હોય તેમાં પણ કુતર્ક દ્વારા અશ્રદ્ધા ને અનિશ્ચય બુદ્ધિ દ્વારા કરે તો બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય, દૂષિત થઈ જાય. માટે બુદ્ધિને સત્પુરુષના ઉપદેશ દ્વારા સત્શાસ્ત્રના અભ્યાસ દ્વારા, આત્મા - પરમાત્માના સ્વરૂપના વિશુદ્ધ જ્ઞાન દ્વારા, સાંખ્યજ્ઞાન અને શુદ્ધ ઉપાસના દ્વારા પરિશુદ્ધ કરવી જોઈએ. સાર - અસાર, યોગ્ય - અયોગ્ય, સત્ય - અસત્યનો વિવેક શીખવો. પરમાત્માના સ્વરૂપનો નિષ્તર્કપણે નિશ્ચય કરવો. સ્થિતપ્રજ્ઞતા, શ્રદ્ધા, ધૈર્ય ને સંયમ વડે બુદ્ધિને વિશુદ્ધ કરવી. સ્વાર્થ, દંભ-પ્રપંચ, કાવાદાવા,

કુતર્ક વગેરેથી દૂર રહી પ્રભુની આજ્ઞા મુજબ બુદ્ધિને દોરવાથી તેની ઉપર વિજય મેળવી શકાય છે.

ભૌતિક રજોગુણી, તમોગુણી, વ્યક્તિ કે પદાર્થોનું જગત સંબંધી પંચવિષય જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ તેનું મનમાં સતત ચિંતન કરવાથી નિર્મળ જણાતું ચિત્ત પણ કલુષિત બને છે. પછી તેમાં પરમાત્માનું ચિંતન કરવું દુષ્કર બને છે. માટે ચિત્તમાં હંમેશાં પરમાત્માના સુંદર સ્વરૂપનું, સત્પુરુષના ઉપદેશામૃતનું, આત્મા - પરમાત્માના સ્વરૂપનું નિરંતર ચિંતન કરવાથી, આ રીતે પ્રભુની આજ્ઞામાં ચિત્તને વર્તાવવાથી ચિત્ત દોષ રહિત, શુદ્ધ ને શાંત થાય છે.

'હું' ટળે હરિ ઢૂંકડા. હું શરીર છું. હું સ્વરૂપવાન, બળવાન, સમૃદ્ધિવાન, ગુણવાન, સર્વગુણ સંપન્ન છું. હું વિદ્વાન, જ્ઞાની, દાની, ભક્તિવાળો, ધાર્મિક, બુદ્ધિશાળી, સત્તાધીશ છું. હું સર્વશ્રેષ્ઠ છું, મારા જેવો બીજો કોઈ જ નથી વગેરે વગેરે. આ પ્રકારનો જીવાત્માનો ક્ષુલ્લક માયિક અહંકાર જીવાત્માની ઊર્ધ્વગતિમાં સૌથી મોટા વિઘ્નરૂપ છે. આવા તુચ્છ અહંકારથી દેહાત્મબુદ્ધિ તથા દેહના સંબંધી વ્યક્તિ અને પદાર્થ પ્રત્યે મમત્વપણું દૃઢ થાય છે. આવા અહંકારને લઈને જ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. આવો અહંકાર દૂર કરવા મનમાં સતત પરમાત્માનું કર્તાપણું માનવું. હું કર્તા નથી. સર્વકર્તા, સર્વશક્તિમાન, સર્વગુણ સંપન્ન, સર્વજ્ઞ, સર્વાંતર્યામી તો એક પ્રભુ જ છે. હું તો તેમનો દાસાનુદાસ છું. પ્રભુ અને તેના સંતનો સેવક છું. ઇંદ્રિયો - અંતઃકરણ, ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણ, ત્રણ કાળ, કર્મ, માયા આ બધાથી પર

સત્ - ચિત્ત - આનંદમય એવો શ્રીહરિની મૂર્તિમાં સળંગ રસબસભાવે રહેલો પ્રભુરૂપ એવો અનાદિમુક્ત જ છું. આવા ઉત્કૃષ્ટભાવને દૃઢ કરતા રહેવાથી માયિક અહંકારનું રૂપાંતર દિવ્ય અહંકારમાં થઈ જાય છે.

શ્રીહરિના પૂર્ણસંતમાં તો ઈંદ્રિયો - અંતઃકરણ સંપૂર્ણપણે પ્રભુમાં જોડાયેલા હોવાથી શાન્તનું લક્ષણ તેમને સહજ સિદ્ધ જ હોય છે, પરંતુ તેમના જોગ - સમાગમ - સેવામાં આવનાર સાધકને પણ સત્પુરુષના અનુગ્રહ દ્વારા શાન્તનું લક્ષણ આવે છે.

સત્પુરુષનું અંતઃકરણ પરમાત્માના સ્વરૂપમાં અખંડ જોડાયેલું હોવાથી તે પરમશાંતિ અનુભવે છે.

ભગવદ્ગીતા અધ્યાય ૬, શ્લો. ૧૫માં કહ્યું છે :—

युञ्जनैवं सदात्मानं योगी नियतमानसः ।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ॥

અર્થાત્ — ''વશ કરેલા મનનો યોગી આ રીતે આત્માને મારા (પરમેશ્વરના) સ્વરૂપમાં જોડતો મારામાં રહેલી પરમ આનંદની પરાકાષ્ઠારૂપ શાંતિને પામે છે.''

સત્પુરુષ તો પરમાત્મા સંબંધી દિવ્ય સુખ ને પરમ શાંતિ અનુભવે છે, પણ તે શાંતિ તેમના વ્યક્તિત્વમાંથી બાહ્ય વ્યવહાર જગતમાં પણ પ્રસરે છે ને તેના સંપર્કમાં આવનારને પણ મનની અલૌકિક શાંતિનો અનુભવ થાય છે. અ. મુ. પૂ. નારાયણભાઈના સાંનિધ્યમાં બેસવા માત્રથી જ પરમ શાંતિનો અનુભવ અનેક લોકોએ કર્યો છે તે વાત સુવિદિત છે.

# ૧૬. સ્થિર = ત્યાગી - ગૃહી પોતપોતાના આશ્રમના ધર્મ પ્રમાણે યથાર્થ વર્તનારા

શબ્દકોષ પ્રમાણે સ્થિર એટલે સ્થાયી, નિષ્ક્રિય, દૃઢ, મક્કમ એવા અર્થ થાય છે. સ્થિર એટલે હલન-ચલન વગરનું. અહીં અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ પોતપોતાના ધર્મમાં દૃઢતાથી વર્તનારને સ્થિર કહ્યા છે. સ્થિર લક્ષણવાળા સંત ત્યાગાશ્રમમાં રહ્યા હોય કે ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય, પરંતુ જેઓ શ્રીહરિની આજ્ઞા મુજબ પોતપોતાના આશ્રમધર્મમાં દૃઢતાપૂર્વક યથાર્થ વર્તતા હોય તેને સ્થિર લક્ષણવાળા કહ્યા છે.

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં ત્યાગાશ્રમમાં રહેલા સાધુઓ માટેના અલગ ધર્મ - નિયમો આપેલા છે ને ગૃહસ્થાશ્રમમાં રહેલા હરિભક્તો માટે પણ અલગ ધર્મ - નિયમો આપેલા છે. ત્યાગાશ્રમમાં રહેલા સાધુ-બ્રહ્મચારીઓએ સ્ત્રીઓનાં દર્શન - ભાષણાદિકના પ્રસંગનો ત્યાગ કરવો, સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો, કામાદિક અંતરશત્રુઓને જીતવા, સર્વે ઇંદ્રિયોને જીતવી, રસનાને વિશેષપણે જીતવી, દ્રવ્યનો સંગ્રહ કરવો-કરાવવો નહિ, કોઈની થાપણ ન રાખવી, ધીરજતાનો ત્યાગ ન કરવો, પોતાની જાયગામાં સ્ત્રીનો પ્રવેશ ન થવા દેવો. આપત્કાળ સિવાય એકલા ન ચાલવું, રજોગુણી, મૂલ્યવાન, રંગબેરંગી વસ્ત્રો પહેરવાં-ઓઢવાં નહિ, ભિક્ષા કે સભાપ્રસંગ સિવાય ગૃહસ્થના ઘરે જવું નહિ. ભક્તિ વગરનો

વ્યર્થ કાળ કાઢવો નહિ, તાંબુલ, અફીણ, તમાકુ વગેરે દુર્વ્યસનોનો ત્યાગ રાખવો, કોઈ અજ્ઞાની જીવ ગાળ દે કે મારે તો તેનો પ્રતિકાર ગાળથી કે મારથી કરવો નહિ, તેનું હિત જ ચિંતવવું, પણ ભૂંડું થાય એવો સંકલ્પ પણ ન કરવો, નિષ્કપટપણે વર્તવું, અહંબુદ્ધિ ન કરવી, સ્વજનાદિકને વિશે મમતા ન કરવી, દૂતપણું કે ચાડિયાપણું ન કરવું વગેરે - વગેરે જે ત્યાગીના નિયમધર્મ છે તેમાં ત્યાગીએ સજાગપણે વર્તવું. એવી રીતે યથાર્થપણે વર્તે તો તે ત્યાગીમાં સ્થિરનું લક્ષણ દૃઢ થાય.

ગૃહસ્થોને આપેલા ધર્મનિયમો જેવા કે — પોતાના સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો, યુવાવસ્થામાં યુવાન અવસ્થાએ યુક્ત મા, બહેન, દીકરી સંગાથે આપત્કાળ સિવાય એકાંતમાં ન રહેવું, પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. રાજા અથવા હાલના સંજોગોમાં રહેલા રાજકીય સત્તાધીશો - અધિકારીઓ - નેતાઓ વગેરે સાથે વ્યાવહારિક પ્રસંગવાળી સ્ત્રીનો પ્રસંગ ન રાખવો, અતિથિનું સામર્થ્ય પ્રમાણે સન્માન કરવું. દેવકર્મ ને શ્રાદ્ધાદિક પિતૃકર્મ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું, માતા-પિતા-ગુરુ તથા રોગીની સામર્થ્ય પ્રમાણે જીવનપર્યંત સેવા કરવી, વર્ણાશ્રમને ઘટિત ઉદ્યમ - ધંધો - વ્યવસાય વગેરે કરવાં, આવશ્યકતા મુજબ અન્ન-દ્રવ્યનો પરિગ્રહ કરવો, સાક્ષીએ સહિત લખત કર્યા વિના પુત્ર - મિત્રાદિક સાથે પણ લેણ-દેણનો વ્યવહાર ન કરવો, ઉપજ આવક પ્રમાણે જ ખર્ચ કરવો, નિયમિત હિસાબ લખવો, ધર્માદો ચોખ્ખો કાઢવો, મંદિરનું કરજ ન કરવું, તીર્થમાં

પારકું અન્ન ન ખાવું, ધનાઢ્યોએ શ્રીહરિના અહિંસામય યજ્ઞો કરવા, ઉત્સવ કરાવવા, સુપાત્રોને દાન આપવા વગેરે વગેરે જે ગૃહસ્થાશ્રમમાં રહેલા ભક્તોના ધર્મનિયમ છે તે પ્રમાણે ગૃહસ્થ હરિભક્તોએ જાગૃતપણે વર્તવું.

આ રીતે ત્યાગી - ગૃહી ભક્તો શ્રીહરિની આજ્ઞા મુજબ ધર્મનિયમમાં વર્તે તો ઉત્તમ પ્રકારનું ચારિત્ર્ય નિર્માણ થાય અને જીવન સુખ-શાંતિ ને આનંદમય વિતે. પ્રભુની પ્રસન્નતા થવાથી આધ્યાત્મિક ઉત્કર્ષમાં આવતાં સર્વ દુઃખો, કષ્ટો ને વિઘ્નોથી રક્ષા થાય ને સુખે પ્રભુપરાયણ જીવન વ્યતિત કરી શકાય. આ રીતે જાગૃતિપૂર્વક વર્તવાથી સ્થિર લક્ષણ સિદ્ધ થાય છે.

ભૌતિક જગતમાં રહેલાં દ્વંદ્વો સુખ-દુઃખ, માન-અપમાન, હર્ષ-શોક, રાગ-દ્વેષ, શત્રુ-મિત્ર, શીત-ઉષ્ણ, નિંદા-સ્તુતિ, લાભ-હાનિ અનુકૂળતા-પ્રતિકૂળતા વગેરેમાં સ્થિર - સ્થિતપ્રજ્ઞ રહેવું એ પણ સ્થિરનું લક્ષણ છે. સાધકે ધ્યાન અને મૌનના અભ્યાસ દરમિયાન મનમાં ઊઠતા વિચાર તરંગોને સાક્ષીભાવે, તટસ્થભાવે જોયા કરવા જોઈએ. તે વિચાર તરંગો ગમે તેવા શુભ - અશુભ, યોગ્ય - અયોગ્ય, સારા - નરસા ગમે તેવા હોય, ફક્ત તેને જોયા કરવા. તેના પ્રત્યે કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ નહિ આપવાનો, કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા નહિ આપવાની. શુભ તરંગ પ્રત્યેની હર્ષની લાગણી કે રાગની લાગણી નહિ થવા દેવાની કે અશુભ તરંગ પ્રત્યે શોકની કે દ્વેષની લાગણી નહિ થવા દેવાની. ફક્ત દૃષ્ટાભાવે તે તરંગોને નિહાળ્યા કરવાના. માત્ર યાંત્રિક રીતે

પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવાથી કોઈ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, પણ એ ધ્યાનના અભ્યાસ દરમિયાન મનમાં ચાલતી આવી સૂક્ષ્મ ક્રિયાઓનું કેવળ દૃષ્ટાભાવે, સાક્ષીભાવે અવલોકન કરવાનું. આવી રીતના ધ્યાનના લાંબા ને સઘન અભ્યાસથી મનમાં સ્થિરતા આવે છે.

મનમાં એવી સ્થિરતા આવે ત્યારે જેમ વાયુ વગરના સ્થાનમાં દીપકની જ્યોત સ્થિર અને અડોલ રહે છે, તેમ સાધક સ્થિર અને સ્થિતપ્રજ્ઞ બને છે. એવી સ્થિરતા આવવાથી ચિત્તમાં ઉદ્ભવતા સઘળા તરંગો ધીમે-ધીમે શાંત થતાં આત્માની અનુભૂતિ થાય છે. તેવા શાંત ચિત્તમાં પ્રભુના સ્વરૂપનું દિવ્યભાવે ધ્યાન ધરતાં નિર્વિકલ્પ સમાધિ અર્થાત્ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારની સ્થિતિ થતાં સંતમાં સંપૂર્ણપણે સ્થિર લક્ષણ સિદ્ધ થઈ જાય છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સાંખ્યજ્ઞાન દ્વારા દેહાદિકના ભાવથી રહિત થઈ દૃષ્ટાભાવથી આંતર-બાહ્ય સમગ્ર ઘટનાઓને સાક્ષીરૂપે અવલોકન કરી સ્થિરતા કેળવવાનો આગળ કહ્યું તેમ અભ્યાસ કર્યા કરવો અનિવાર્ય છે. વ્યવહાર જગતમાં પણ કોઈની પ્રત્યે મમતા કે આસક્તિમાં  પોતાની જાતને નહિ તણાવા દેવાની કે કોઈની પ્રત્યે ઘૃણા - તિરસ્કારની ભાવના કે દ્વેષભાવ પણ વ્યક્ત નહિ કરવાનો. ક્રોધાગ્નિને ઉત્પન્ન થતાં જ દૃષ્ટાભાવે શાંત કરી દેવાનો. વિષય સંબંધી ભોગબુદ્ધિ ઉદય થાય ત્યારે પણ હું આત્મા છું, પ્રભુરૂપ પ્રભુના સ્વરૂપમાં રહેલો મુક્ત છું એવા ઉત્કૃષ્ટ દિવ્યભાવથી એ કામાદિકના

ભાવતરંગોને શાંત કરી દેવા. કોઈક આકસ્મિક ઘટના કે અનિષ્ટ પ્રસંગ પ્રત્યે પણ ભયભિત કે વ્યથિત બન્યા સિવાય તેમાં પ્રભુની મરજી હશે તેમ માની શાંત રહેવા, સ્વસ્થ રહેવા પ્રયત્ન કરવો. આધિ - વ્યાધિ - ઉપાધિમાં પણ એક શ્રીહરિ જ સર્વકર્તા-હર્તા છે એવી દૃઢ શ્રદ્ધા દ્વારા સહનશક્તિ કેળવવી. આવા બધા ઉપાયોથી પણ સાધક સંતમાં સ્થિરનો ગુણ વિકસિત થાય છે. જેણે સ્થિર લક્ષણ આત્મસાત્ કર્યું હોય તેના પ્રસંગમાં રહેવાથી તેમની કૃપા સંપાદન કરવાથી પણ સાધકમાં તે ગુણ આવે છે.

# ૧૭. મચ્છરણ = સાક્ષાત સ્વામિનારાયણ ભગવાન, જે અમે તે અમે જ છીએ રક્ષણ કરનાર ને પ્રાપ્ય તે જેને

અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ વચ. ૨૯. પ્રદી. ટીકામાં મચ્છરણ લક્ષણનો આવો અર્થ કર્યો છે. મચ્છરણ એટલે સંસ્કૃતમાં મત્શરણ જે મારું શરણ એવો અર્થ છે. સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણનું જ એક શરણ, અર્થાત્ એક એમનો જ આશરો, એમને વિશે જ પતિવ્રતાપણું રહે તો એ મચ્છરણ ગુણ આવે. જેમ બાળકને તેની માતાનું જ શરણ લાગે છે. કોઈ પણ પ્રકારનો ભય લાગે તો બાળક તરત જ તેની માતાને વળગી પડે છે. જેમ બાળકને પોતાની માતામાં આત્મીયતા છે, તેમ માતાને પણ પોતાના બાળક સાથે આત્મીયતા છે. પરસ્પર આત્મીયતા ને પ્રેમ રહેલા હોવાથી બંને એકબીજા વગર રહી શકતાં નથી. એવી જ રીતે ભગવાનના અનન્ય ભક્તને ભગવાન સાથે આત્મીયતા ને પરાપ્રેમ હોવાથી એકરૂપતા થાય છે ને તે ભક્ત ને ભક્તવત્સલ ભગવાન એકબીજા વગર રહેતા નથી. ભગવાનના અનન્ય ભક્તને એક જ ઈષ્ટદેવ પ્રત્યે શ્રદ્ધા ને વિશ્વાસ હોય છે. તેને ભગવાનના શરણમાં જ સુખ, શાંતિ, આનંદ, નિર્ભયતા, સુરક્ષાનો અનુભવ થાય છે. જેમ પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિને વિશે જ એકનિષ્ઠા, શ્રદ્ધા ને પ્રેમ હોય

છે, તેમ ભગવાનના અનન્ય ભક્તને પણ એક જ ઈષ્ટદેવ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા, નિષ્ઠા ને ભક્તિ હોય છે. પતિવ્રતા જેવી ટેક એક જ ઈષ્ટદેવ પ્રત્યે ભક્તમાં આવે તેને જ પતિવ્રતા જેવો અનન્ય ભક્ત કહેવાય. એવી પતિવ્રતા સ્ત્રીનું તેનો પતિ સર્વપ્રકારે પાલન-પોષણ ને રક્ષણ કરે છે એવી રીતે પ્રભુ પણ પોતાના અનન્ય નિષ્ઠાવાન ભક્તનું સર્વપ્રકારે પાલન-પોષણ, રક્ષણ ને યોગક્ષેમનું વહન કરે છે.

સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને વિશે પતિવ્રતા જેવી નિષ્ઠા થાય, તેમને વિશે જ સંપૂર્ણપણે શરણાગતિનો ભાવ ઉત્પન્ન થાય, તેમના સિવાય અન્ય કોઈને વિશે કર્તાપણાનો ભાવ ન આવે અર્થાત્ એ ઈષ્ટદેવ પ્રભુ સિવાય બીજાં કાળ, કર્મ, માયા, સ્વભાવ કે જીવકોટિ, દેવકોટિ, પુરુષકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ કે મૂળઅક્ષરકોટિ પર્યંત ક્યાંય પણ લેશ માત્ર કર્તાપણાનો ભાવ ન આવે ત્યારે સાચી પતિવ્રતાની ભક્તિ ને સાચી શરણાગતિ આવે. એવા શરણાગત ભક્તને તો ભગવાનની મરજી એ જ એનું પ્રારબ્ધ મનાય. સુખ-દુઃખ, હર્ષ-શોક, લાભ-હાનિ, માન-અપમાન એ બધામાં એને સમભાવ વર્તે એવા ભક્તની ભગવાન આધિ-વ્યાધિ-ઉપાધિથી તથા કામ, ક્રોધ, લોભ, મોહ, માન વગેરે દોષોથી એમ સર્વપ્રકારે રક્ષા કરે છે.

અનાદિમુક્ત પૂ. નારાયણભાઈ કહેતા કે, ‘‘ભગવાન સ્વામિનારાયણે આપણા માટે નિર્માણ કરેલી સારી-નરસી, કોઈ પણ પરિસ્થિતિ તેનો સહર્ષ સ્વીકાર કરીને સદાય પ્રભુપરાયણ રહી આનંદમાં રહેવું એનું નામ સાચી શરણાગતિ

કહેવાય. જરા પણ દુઃખ કે ભય આવે ત્યારે અન્ય વ્યક્તિ કે દેવના મંત્ર કે ઉપાસનાથી મારું કષ્ટનિવારણ થશે એવો અલ્પ સરખો સંકલ્પ થઈ જાય તો પણ પતિવ્રતાપણું જતું રહે ને શ્રદ્ધામાં ઢચુપચુ થાય તો પ્રભુનો તે અનન્ય ભક્ત ન કહેવાય. એક પ્રભુ સિવાય અન્યને વિશે કર્તાપણાનો ભાવ આવે તો પ્રભુપ્રાપ્તિ કદીયે શક્ય ન બને.''

રામચંદ્રજીના ઉપાસક તુલસીદાસજીને શ્રીકૃષ્ણ ભગવાને દર્શન આપ્યા ત્યારે એમ બોલ્યા કે, ''ધનુષ્યબાણવાળા મારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજીનું સ્વરૂપ હોય તો જ આ મસ્તક તેમને નમે. બાકી બીજા સ્વરૂપને આ મસ્તક નહિ નમે.'' શ્રીકૃષ્ણનો અવતાર રામચંદ્રજી કરતાં મોટો હોવાથી શ્રીકૃષ્ણ ભગવાને રામચંદ્રજીનું રૂપ ધારણ કર્યું. પછી તુલસીદાસજીએ મસ્તક નમાવ્યું. હનુમાનજીને પણ રામચંદ્રજીમાં એવી પતિવ્રતાની ભક્તિ હતી એમ શ્રીજીમહારાજે કહ્યું છે. માટે એવી પતિવ્રતાની નિષ્ઠા થાય ત્યારે જ મચ્છરણનું લક્ષણ દૃઢ થાય.

કોઈ જ્યોતિષ કોઈને એમ કહે કે તમને શનિ કે રાહુ નડે છે તો તે ગ્રહોના જાપ કરો કે હનુમાન ચાલીસાના પાઠ કે કોઈ અન્ય દેવના મંત્ર જાપ કરો અને સર્વોપરી ભગવાન સ્વામિનારાયણનો ઉપાસક જો એમ કરે તો તેનું પતિવ્રતાપણું જાય ને પ્રભુમાંથી શ્રદ્ધા વિચલિત થવાથી ને તેથી પ્રભુની પ્રસન્નતા ન થવાથી તેને પ્રભુપ્રાપ્તિ શક્ય ન બને. રામકૃષ્ણ પરમહંસ કહેતા કે ભગવાનના ભક્તે વાંદરીના બચ્ચા જેવું નહિ રહેતાં, બિલાડીના બચ્ચા જેવું બનવું જોઈએ. વાંદરીનું બચ્ચું પોતે પોતાની માતાને વળગી રહે છે, વાંદરી કૂદાકૂદ કરે

તો બચ્ચાને પડી જઈ ઈજા થવાની સંભાવના રહે છે અને શરણાગત રહેવાની સંપૂર્ણ જવાબદારી બચ્ચાની રહે છે, જ્યારે બિલાડીના બચ્ચાને તેની માતા પોતે મોઢામાં લઈને ફરે છે. એમ બધી જવાબદારી બિલાડીની જ હોય છે. તેમ શરણાગતના રક્ષણની જવાબદારી પરમાત્મા પોતે લે છે.

જેને મચ્છરણનું લક્ષણ આત્મસાત્ થઈ ચૂક્યું હોય એવા પ્રભુના પૂર્ણસંતના સત્સંગ - સમાગમ - સેવાથી જ ભક્તમાં સર્વોપરી પરમાત્મા વિશે અનન્ય નિષ્ઠા, અડગ શ્રદ્ધા, પોતાના ઈષ્ટદેવને વિશે જ સંપૂર્ણપણે કર્તાહર્તાપણું મનાય, પ્રભુના સ્વરૂપ સિવાય બીજા કોઈ પણની આસક્તિ જ ન રહે, કાળ, કર્મ, માયા, સ્વભાવ, જીવકોટિ, દેવકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને મૂળઅક્ષરકોટિ પર્યંત કોઈને વિશે લેશ માત્ર આસ્થા કે કર્તાપણાનો ભાવ ન થાય ત્યારે જ સાચી શરણાગતિનો ભાવ દૃઢ થાય ને મચ્છરણનું લક્ષણ સિદ્ધ થાય.

શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને સઘળું જ્ઞાન કર્યા પછી કહે છે :—

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ६६ ॥

- શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૮, શ્લો. ૬૬

અર્થાત્ ‘‘બીજા સર્વધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ, તું શોક ન કર.’’

શ્રીહરિ વચ. વ. ૫માં જણાવે છે કે :—

‘‘એવો જે ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને

મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે, અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય ને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.''

વચ. ગ. છે. ૧૬માં શ્રીહરિ જણાવે છે :—

''એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દૃઢ ટેક છે, તેમ જ ભગવાનના ભક્તને પણ ભગવાન સંગાથે દૃઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે, ને બીજાને જે કંઈક માને તે તો તેના જાણીને માને એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિશે પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે, પણ તેને વિશે પ્રીતિ થાય જ નહિ. જેમ હનુમાનજી શ્રી રઘુનાથજીના ભક્ત છે તે રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર થયા છે, પણ હનુમાનજીને રામચંદ્રજીને વિશે જ પતિવ્રતાના જેવી ભક્તિ રહી છે. તે માટે હનુમાનજીની ભક્તિ તે પતિવ્રતાના જેવી છે એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ

કહેવાય અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી.''

આમ નિષ્કપટભાવે, અનન્યભાવે એક સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનું શરણ સ્વીકારવું અને પતિવ્રતાની ટેક દૃઢ રાખવી એ જ મોક્ષનું અમોઘ સાધન છે ને એવા શરણાગતને અને નિષ્ઠાવાન ભક્તને જ મચ્છરણનું લક્ષણ સિદ્ધ થાય છે.

# ૧૮. મુનિ = શ્રીજીમહારાજની મૂર્તિનું મનન કરનારા

મુનિનો સામાન્ય પ્રચલિત અર્થ મૌનવ્રતધારી સાધુ, તપસ્વી એવો થાય છે. અનાદિ મુક્તરાજ બાપાશ્રી શ્રીજીમહારાજની મૂર્તિનું મનન કરનારા સંતને મુનિ કહે છે. આધ્યાત્મિક પથના સાધક માટે સ્થૂળ તેમ જ આંતરિક મૌન મનનો નિગ્રહ કરવા માટે ને ચેતનાની ઊર્ધ્વગતિ કરવા માટે અતિ ઉપયોગી છે. વાણીનો જરૂર જેટલો જ વિવેકપૂર્વક સદુપયોગ કરવો અને બને ત્યાં સુધી મૌન રાખીને વ્યવહાર ચલાવવો એ સ્થૂળ મૌન છે.

વાણી મનુષ્યજીવનમાં મનોભાવો, લાગણીઓ તથા વિચારોનું આદાન-પ્રદાન કરવા માટેનું અતિ અગત્યનું ને શક્તિશાળી માધ્યમ છે. તેનો મિથ્યા વાર્તાલાપો, નિરર્થક દલીલબાજી, ચર્ચાઓ, વાદવિવાદો, ઝઘડાઓ વગેરેમાં દુર્વ્યય થવાથી ભક્તની શારીરિક તેમ જ માનસિક ઊર્જાનો હ્રાસ થાય છે તેને મૌન દ્વારા સંયમિત કરવાથી તે ઊર્જાનો બચાવ કરી તેને ધ્યાન - ચિંતન - મનન વગેરે આધ્યાત્મિક સાધનામાં વાળી દેવી જોઈએ.

મૌનસાધનામાં સ્થૂળવાણીનો ઉપયોગ બંધ કરી ચિત્તમાં નિરંતર સ્ફૂરતા વિચારોને, સંકલ્પ-વિકલ્પોને સાક્ષીભાવે, દૃષ્ટાભાવે નિહાળી પોતાની જાતને તે સર્વેથી તથા દેહભાવથી

રહિત, અલિપ્ત સમજી કોઈ પણ જાતનો પ્રતિભાવ કે પ્રતિક્રિયા આપ્યા સિવાય નિહાળ્યા કરવાથી ધીમે ધીમે મનની અહીંતહીંની દોડાદોડ શાંત થઈ જવાથી મનને આત્મા - પરમાત્માના સ્વરૂપમાં સારી રીતે જોડી શકાય છે. આને આંતરિક મૌન કહેવામાં આવે છે. આમ મૌન એ મનના વિચારો તથા વાણીનો નિગ્રહ કરવાનું, તેને સંયમી ને સુસંસ્કારિત કરવાનું, આત્મનિરીક્ષણ - પરીક્ષણ કરવાનું, અંતરદૃષ્ટિ કરી પ્રભુના સ્વરૂપમાં જોડાવા માટેનું ઉત્કૃષ્ટ સાધન છે. આવી મૌનસાધના કરનાર સાધકને મુનિનું લક્ષણ આવે છે.

મૌનનો સૂક્ષ્મ અર્થ એ છે કે મનમાં ઉદ્‌ભવતા વિચારોનો, સંકલ્પોનો નિગ્રહ કરી, બાહ્ય જગત સંબંધી પંચવિષયોમાં ફેલાયેલી ઇંદ્રિયોની વૃત્તિઓ ઉપર પ્રભુત્વ મેળવી પ્રભુના સ્વરૂપમાં શાંત ચિત્તે એકાગ્રતાપૂર્વક દિવ્યભાવે જોડાવાનો અભ્યાસ કરવો. પરમાત્માના દિવ્યસ્વરૂપના અખંડ મનન - નિદિધ્યાસરૂપી આંતરિક તપસ્યા એનું નામ મૌન. એવું મૌન સાધે તે ખરા અર્થમાં મુનિ કહેવાય.

અનાદિમુક્ત પૂ. નારાયણભાઈ પણ મૌન વિશે કહે છે :– ‘‘મૌન એટલે ભગવાનના સ્વરૂપમાં મન-સ્થિરતાથી જોડાય અને મનની અસ્થિરતા બિલકુલ મટી જાય એનું નામ મૌન. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિની સંપૂર્ણ સ્થિરતા એ આત્યંતિક મૌન છે.’’

ભગવાન સ્વામિનારાયણ વચ. સા. ૩માં જણાવે છે,

‘‘જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને

વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલીનો ત્યાગ કરે ને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે તેને મનન કહીએ, અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિશે ગ્રહણ કરી હોય તેને રાત-દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ, અને જે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની પેઠે ઈદં સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ. અને જો એવી રીતે આત્માના સ્વરૂપનું શ્રવણાદિક કર્યું હોય તો આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય અને જો ભગવાનનો એવી રીતે શ્રવણ - મનન - નિદિધ્યાસ કર્યો હોય તો ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે, પણ મનન ને નિદિધ્યાસ એ બે કર્યા વિના કેવણ શ્રવણે કરીને સાક્ષાત્કાર થાતો નથી. અને જો ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન ને નિદિધ્યાસ તે ન કર્યો હોય તો લાખ વર્ષ સુધી દર્શન કરે તો પણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય ને તે દર્શન તો કેવળ શ્રવણ માત્ર સરખું કહેવાય.''

''માટે ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય, નહિ તો આખી ઉંમર દર્શન - શ્રવણ કરે તો પણ સાક્ષાત્કાર થાય નહિ.''

આમાં શ્રીહરિના સ્વરૂપનું દર્શન કરી અને તેનું અખંડ મનન કરવાની વાત શ્રીહરિ કરે છે. મનન એટલે ચિંતન. એ ચિંતનશક્તિ દ્વારા મનની ઊર્જાને અવિરતપણે પ્રભુના સ્વરૂપમાં નિદિધ્યાસ દ્વારા જોડી રાખવાથી પ્રભુના સ્વરૂપમાં

ચિત્તનો નિરોધ થાય છે ને તેથી નિર્વિકલ્પ સમાધિ થાય છે. એવી નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ કરનાર ઉપર પ્રભુની કૃપા ઉતરવાથી આત્મા - પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. એવી રીતે આત્મા - પરમાત્માનો સાક્ષાત્કાર થઈ પ્રભુના દિવ્ય વ્યતિરેકસ્વરૂપ સંબંધી દિવ્યસુખની રસબસભાવે અખંડ અનુભૂતિ કરવી એનું જ નામ આત્યંતિક મોક્ષ અને એ જ અનાદિમુક્તની સ્થિતિ. એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શ્રીહરિની મૂર્તિનું મનન કરવારૂપ મુનિનું લક્ષણ આત્મસાત્ કરવું સાધક માટે અનિવાર્ય છે. એવું લક્ષણ સિદ્ધ કરે તે જ સાચા સંત કહેવાય. મુનિનું લક્ષણ સિદ્ધ કર્યું હોય એવા સંત પાસેથી મૂર્તિનું મનન કરવાની લટક શિખી તેમનો જોગ - સમાગમ - સેવા દ્વારા તેમની કૃપા સંપાદન કરવાથી સાધકમાં પણ મુનિનું લક્ષણ સરળતાથી આવે છે. જેને જે ગુણ કેળવવો હોય, તેણે તેવો ગુણ જેણે સિદ્ધ કર્યો હોય તેની પાસેથી જ તે શિખી શકાય છે. એવો વ્યાવહારિક માર્ગનો તેમ જ આધ્યાત્મિક માર્ગનો નિયમ છે. માટે સત્પુરુષના ગુણો પોતાના જીવનમાં કેળવવા માટે એવા ગુણો કેળવેલ સત્પુરુષનો જોગ - સમાગામ અનિવાર્ય છે. સાધકે આ વાત લક્ષ્યમાં લેવી ઘટે.

# ૧૯. અપ્રમત્ત = સ્થૂળ, સૂક્ષ્મ દેહે પાળવાના જે ધર્મ તેને પાળવામાં તત્પર

અપ્રમત્તનો અર્થ અપ્રમાદી અને જાગૃત એવો પણ થાય છે. उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत । ''ઊઠો, જાગો અને લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી અટકો નહિ.''

સ્વામી વિવેકાનંદજીના આ વિધાન પ્રમાણે આત્યંતિક શ્રેય માટેનાં પ્રભુ પ્રસન્નતારૂપ સાધનો પુરુષપ્રયત્ન દ્વારા સતત સજાગપણે કરવામાં હંમેશાં તત્પર રહે, તેમાં બિલકુલ ગાફલાઈ ન રાખે તેને અપ્રમત કહેવાય.

આળસ - પ્રમાદ અને મોહ એ દોષો માયાના ત્રણ ગુણમાંના તમોગુણનું કાર્ય છે. તમોગુણ દ્વારા જડતા ને મૂઢતા આવે છે. જેને પ્રભુપ્રાપ્તિરૂપ ધ્યેય ન હોય, પ્રભુના સ્વરૂપનું યથાર્થ માહાત્મ્ય ન હોય ને ઇંદ્રિયો અંતઃકરણની વૃત્તિઓ વિષયાભિમુખ રહેતી હોય તેનામાં પ્રમાદ ઉત્પન્ન થાય છે. પ્રમાદ એટલે કરવાનું ન થાય અને ન કરવાનું થાય. વ્યક્તિમાં વ્યામોહને લઈને સાર-અસાર, યોગ્ય-અયોગ્યનું ભાન રહેતું ન હોવાથી સભાનપણું નથી રહેતું, જાગૃતિ નથી રહેતી. એ કેવળ મૂર્છાવસ્થા જેવી પ્રમાદ અવસ્થામાં જ રહે છે. તેની સઘળી પ્રવૃત્તિઓ ને ક્રિયાઓ યંત્રવત્ ને નિષ્પ્રાણ હોય છે. તેથી પ્રમાદી વ્યક્તિના કાર્યમાં સુવ્યવસ્થાનો ને સુઆયોજનનો અભાવ હોય છે. પરિણામનો વિચાર કર્યા વગર તે કોઈ પણ

કાર્યમાં ઝંપલાવે છે ને અંતે નિષ્ફળતા મેળવે છે. આવી વ્યક્તિની ચીજવસ્તુઓ પણ જેમ તેમ વેરવિખેર પડેલી હોય છે. જેવું વ્યવહાર જગતમાં તેવું જ તેના આંતરિક જગતમાં પણ અસ્તવ્યસ્તતા હોય છે. તેના વિચારો પણ ઢંગધડા વગરના હોવાથી તે કોઈ પણ એક વિષય પર મનની એકાગ્રતા સાધી શકતી નથી. આવી વ્યક્તિમાં તમસ અને જડતાનું પ્રમાણ વિશેષ હોવાથી નિષ્ક્રિયતા વધુ પ્રમાણમાં જોવા મળે છે.

સંતમાં અપ્રમત્તનું લક્ષણ વિકસેલું હોવાથી તેમની દરેક ક્રિયામાં સભાનતા, સુવ્યવસ્થા, ચોકસાઈ, સ્વચ્છતા, પૂર્ણતા વગેરેની ઝાંખી થાય છે. જે વ્યક્તિ દરેક કાર્ય મનની જાગૃતિ સાથે, સભાનપણે કરે છે તેનામાં તમસ અને મૂર્છા દૂર થયેલા હોય છે અને સાત્ત્વિકતાનો ઉદય થાય છે. સત્ત્વગુણ પ્રધાનપણે રહેવાથી પ્રભુની આજ્ઞાઓના પાલન માટે પણ તેઓ હંમેશાં સતર્ક રહે છે. સ્થૂળદેહે ને સૂક્ષ્મદેહે પાળવાના ધર્મોનું અર્થાત્ પંચ જ્ઞાનેન્દ્રિયો ને પંચ કર્મેન્દ્રિયો દ્વારા તથા અંતઃકરણો દ્વારા પંચ વર્તમાનનું સ્થૂળ અને સૂક્ષ્મ અર્થમાં સતત જાગૃતિ સાથે પાલન કરે છે. શ્રીજીમહારાજ એવા સંત માટે કહે છે કે એવા સંત જાણપણારૂપી દરવાજે ઊભા રહી અખંડ પરમાત્માનાં દર્શન કરે છે અને કામ, ક્રોધાદિક કોઈ પણ દોષને કે અશુદ્ધિને પોતાના અંતઃકરણમાં પ્રવેશવા દેતા નથી. જાણપણારૂપી દરવાજે ઊભા રહેવાનો અર્થ જ અપ્રમત્તપણું સૂચવે છે.

પૂર્ણસ્થિતિવાળા સત્પુરુષ કે જેને આત્મા-પરમાત્માનો અખંડ સાક્ષાત્કાર છે તે પ્રભુ સંબંધી અખંડ દિવ્ય સુખની

અનુભૂતિ કરે છે એને માટે ધર્મપાલન વગેરે સાધનોની પૂર્ણાહુતિ થઈ ગઈ હોવા છતાં સાધનિક ભક્તોના બોધ માટે તે ધર્મપાલનમાં તત્પરતા દેખાડે છે, જેથી એનું અનુકરણ કરી સાધનદશાવાળા સિદ્ધદશા તરફ પ્રગતિ સાધી શકે. એવા પૂર્ણ સિદ્ધ અનાદિમુક્તને તો પ્રમાદનો અંશ પણ શક્ય નથી. સાધક અપ્રમત્તનું લક્ષણ સિદ્ધ કરે તો ધીમે ધીમે તેનું અંતઃકરણ પરિશુદ્ધ થતાં તે પણ પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર પામવા માટે પાત્ર થઈ શકે અને એકાંતિક સ્થિતિ પ્રાપ્ત કરી શકે. માટે સાધકે અપ્રમત્તનું લક્ષણ આત્મસાત્ કરવા જેમને અપ્રમત્તનું લક્ષણ સહજ સિદ્ધ છે એવા મોટા સત્પુરુષનો જોગ- સમાગમ- સેવા કરી તેમની કૃપા મેળવી પુરુષ પ્રયત્ન કરે તો તેને પણ સંતના ગુણ આત્મસાત્ થઈ જાય છે.

શ્રીજીમહારાજ પણ વચ. સા. ૧૪માં જણાવે છે :–

‘‘જે ગાફલાઈ રાખશે ને તે ભગવાનનો ભક્ત હશે તો પણ તેને પ્રમાદ ને મોહ એ બે શત્રુ નડ્યા વિના નહિ રહે, જેમ મદિરા પીએ તથા ભાંગ્ય પીએ તો જેમ વિમુખને કેફ ચડે છે, તેમ જ ભગવાનનો ભક્ત હોય તેને પણ કેફ ચડે ને ગાંડો થાય, તેમ મદિરા ને ભાંગ્યરૂપ જે પ્રમાદ ને મોહ તે તો જેમ વિમુખ જીવને નડે તેમ જ ભગવાનના ભક્તને પણ નડે અને વિમુખમાં ને હરિભક્તમાં એટલો જ ફેર છે જે, વિમુખને એ બે શત્રુ ટળે નહિ અને ભગવાનનો ભક્ત જો ખટકો રાખીને ટાળવાના ઉપાય કરે તો એ બે શત્રુ નાશ પામી જાય છે એટલો ભગવાનના ભક્તને વિશેષ છે અને જે ગાફલાઈ રાખે છે તે તો ભગવાનનો ભક્ત હોય તો ય સારો નહિ.’’

આ રીતે અપ્રમત્ત થવા માટે શ્રીજીમહારાજે કેવી ટકોર કરી છે તે આપણે જોયું.

શ્રીજીમહારાજના અખંડ સાક્ષાત્કારવાળા અનાદિ મુક્તરાજ પૂ. નારાયણભાઈના સંપર્કમાં આવેલા ને નજીકથી જેમણે અનુભવ કર્યો હોય તેમને સુવિદિત છે કે પૂ. નારાયણભાઈ એક ક્ષણનો પણ વ્યર્થ રીતે વ્યય નહોતા થવા દેતા. અખંડ પ્રભુપરાયણ રહી તેમનું અખંડ સુખ માણતા હોવા છતાં દરેક ક્રિયા સંપૂર્ણ જાગૃતિ સાથે કરતા ને તેમનાં બધાં કાર્યો પૂર્ણ રીતે સંપન્ન થતાં. આમ દરેક પૂર્ણ સંતમાં આવો અપ્રમત્તનો ગુણ પૂર્ણરૂપે વિકસિત જ હોય છે.

શ્રીકૃષ્ણ ભગવાને ગીતાના અધ્યાય - ૨ શ્લો. ૬૯માં કહ્યું છે :–

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ ६९ ॥

અર્થાત્ – સમસ્ત પ્રાણીઓ માટે જે રાત્રિ સમાન છે, તેમાં નિત્ય જ્ઞાન સ્વરૂપ પરમાનંદની પ્રાપ્તિમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે, અને નાશવંત સાંસારિક સુખની પ્રાપ્તિમાં સઘળાં પ્રાણીઓ જાગે છે, પરમાત્માના તત્ત્વને જાણનાર મુનિ માટે તે રાત્રિ સમાન છે.

શ્રીજીમહારાજ વચ. ગઢ. પ્ર. ૫૦માં આ શ્લોકના અર્થમાં કહે છે :–

‘‘ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારેયુક્ત વર્તે છે, કહેતાં ભગવાનનું ભજન નથી કરતા અને જે ભગવાનના ભક્ત છે

તે તો ભગવાનના ભજનને વિશે જાગ્યા છે; કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતાં થકા વર્તે છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તેને વિશે જીવમાત્રની બુદ્ધિ જાગ્રત વર્તે છે કહેતાં વિષયને ભોગવતા થકા જ વર્તે છે; અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિશે અંધકારેયુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી, માટે એવી રીતે જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે તે જ કુશાગ્ર બુદ્ધિવાળા છે ને તે વિના તો સર્વે મૂર્ખ છે.''

આ રીતે શ્રીહરિના વચન પ્રમાણે જે વર્તે છે તેને જ અપ્રમત્ત ગુણ સિદ્ધ થાય છે.

# ૨૦. ગંભીરાત્મા = જેનો અભિપ્રાય જાણી ન શકાય તેવા

ગંભીરાત્માના શબ્દકોષ પ્રમાણે સ્થિર, ધીર, ઠરેલ, પુખ્ત સ્વભાવના એવા અર્થો પણ થાય છે. ગંભીરાત્મા હોય એવા સંત ક્યારેય પણ પોતાની ધીરજનો ત્યાગ કરતા નથી. ઉતાવળા થઈને કોઈ પણ પ્રસંગે પોતાનું મંતવ્ય રજૂ કરતા નથી. કોઈને કોઈ પણ પ્રકારનો નિર્ણય આપવો હોય તો તે બાબત વિશે ખૂબ જ ઊંડાણથી, ગંભીરતાથી ચિંતન કર્યા પછી જ પોતાનું મંતવ્ય કે નિર્ણય આપે છે. સત્પુરુષનો હૃદગત રહસ્ય અભિપ્રાય શો છે તે ગમે તેવો ચતુર અને બુદ્ધિશાળી મનુષ્ય પણ ક્યારેય જાણી શકતો નથી. સત્પુરુષો પણ પોતાનો વાસ્તવિક રહસ્ય અભિપ્રાય ઉતાવળા થઈ ક્યારેય છતો કરી દેતા નથી. એની પાછળનું કારણ એ છે કે સામેવાળી વ્યક્તિની તે અભિપ્રાય સમજવાની પાત્રતા - યોગ્યતા કે ગતિ ન હોય તો અર્થનો અનર્થ સર્જાય છે.

કેટલાંક આધ્યાત્મિક રહસ્યો એવાં હોય છે કે તે પૂર્ણ પાત્ર સિવાય અન્ય વ્યક્તિ પાસે રજૂ કરવામાં મોટું જોખમ રહેલું હોય છે. કુપાત્ર કે અયોગ્ય વ્યક્તિ તે રહસ્ય અભિપ્રાયને સમજી ન શકવાથી તેનું પોતાની બુદ્ધિ પ્રમાણે અર્થઘટન કરી પોતાની જાતને તથા બીજા અનેકને ગેરમાર્ગે દોરી જાય છે ને તેથી ચૈતન્યનું ઊર્ધ્વગમન થવાને બદલે

અધોગમન થઈ જાય છે. શાસ્ત્રોમાં વર્ણવેલાં આધ્યાત્મિક રહસ્યોનું ખોટું અર્થઘટન કરી અનેકને ગેરમાર્ગે દોરી પોતાનું ને બીજા અસંખ્ય લોકોનું અધઃપતન નોતર્યું હોય એવાં અનેક દૃષ્ટાંતો ઈતિહાસમાં પણ નોંધાયેલાં છે. અત્યારના યુગમાં પણ શાસ્ત્રોમાંથી પોતાની મેળે અર્થો તારવીને પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા અનેક પ્રકારની યુક્તિ - પ્રયુક્તિઓ ને તરકીબો દ્વારા ભોળી પ્રજાને છેતરીને ગેરમાર્ગે દોરતા એવા અનેક દંભી ભગવાનો ને દંભી ગુરુઓની સંખ્યાનો કોઈ પાર નથી અને એવા દંભીઓની પાછળ તન - મન - ધનથી ખુવાર થનાર ઘેંટા જેવા મનુષ્યોનાં ટોળાંનો પણ પાર નથી. સાચી વ્યક્તિની ઓળખ કે પરખ કર્યા સિવાય ભોળી પ્રજા આવા દંભી ભગવાનો ને કપટી ગુરુઓની જાળમાં આબાદ રીતે ફસાઈને પોતાનું દુર્લભ મનુષ્યજીવન બરબાદ કરી નાખે છે. આવાં ગંભીર પરિણામો લક્ષ્યમાં હોવાથી જ સાચા સંત પોતાનો હૃદગત રહસ્ય અભિપ્રાય ખૂબ જ ઢાંકીને રાખે છે અને પૂર્ણ પાત્ર સિવાય અન્ય કોઈ પાસે તેને રજૂ કરતા નથી.

ગંભીરનો અર્થ છે પોતાના ધ્યેય પ્રત્યે જે ધીર-ગંભીર હોય, Serious હોય, નિષ્ઠાવાન હોય, જેમાં શુદ્ધતા ને પરિપક્વતા હોય, જેને સાચી દિશાનું ભાન હોય, જેણે જીવનમાં અનેક પ્રકારના સારા-નરસા અનુભવોમાંથી પસાર થઈ જીવનનું તથા ચારિત્ર્યનું ઉત્તમ પ્રકારે ઘડતર કર્યું હોય, જેનું મન એક જ ધ્યેય વિષય પર સ્થિર થઈ શકતું હોય, જેનાં વિચાર - વાણી - વર્તનમાં ઠરેલપણું ને પરિપક્વતા જણાઈ આવતાં હોય તેને ગંભીર કહેવાય.

**ગંભીરાત્મા = જેનો અભિપ્રાય જાણી ન શકાય તેવા**

કામ, ક્રોધ, મોહ, લોભ, મદ વગેરેના આવેગોને તથા આકર્ષણ, પ્રેમ, આસક્તિ, અનુરાગ, ઘૃણા, તિરસ્કાર, અણગમો વગેરે લાગણીઓના પ્રવેગોને જે પોતાની બુદ્ધિના બળથી અને સંકલ્પબળથી નિયંત્રણમાં લાવી શકે, હર્ષ-શોક, સુખ-દુઃખ, માન-અપમાન, રાગ-દ્વેષ, નિંદા-સ્તુતિ વગેરે દ્વંદ્વાત્મક પરિસ્થિતિમાં જે સ્થિર અને સ્થિતપ્રજ્ઞ રહી શકે તે ગંભીરાત્મા છે. જે વ્યક્તિ પોતાના વિચારો અને વિવિધ પ્રકારની લાગણીઓ ને ભાવોર્મિઓનું નિયમન - નિયંત્રણ કરી શકે તે ગંભીર છે. જે વ્યક્તિ જીવનમાં ઉદ્ભવતી અનેક પ્રકારની વિટમણાઓ, વિષમતાઓ ને સંઘર્ષાત્મક પરિસ્થિતિમાંથી સફળતાપૂર્વક માર્ગ શોધી કાઢવાની ક્ષમતા ધરાવતી હોય તેને ગંભીર ગણી શકાય.

ગુજરાતીમાં કહેવત છે, 'ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર.' વાતવાતમાં પોતાનો ઉતાવળિયો નિર્ણય કે મંતવ્ય આપી દેનાર વ્યક્તિ ક્યારેય ગંભીર બની શકતી નથી ને તેની એવી પ્રકૃતિનું દુષ્પરિણામ તે ભોગવે છે ને પછી તેને પસ્તાવાનો પાર રહેતો નથી. કોઈ વ્યક્તિ સોગિયું મોઢું રાખી ઉદાસ થઈને ફરતી હોય, કોઈ કંઈક પૂછે તો તેનો ઉત્તર જ ન આપે અથવા આપે તો પણ તોછડાઈપૂર્વક ઉત્તર આપે, જે વ્યક્તિમાં અતડાપણું હોય ગંભીરનો એવો અર્થ તારવી ન શકાય. એવી વ્યક્તિને મીંઢી કહેવાય, પણ ગંભીર ન કહેવાય.

સંતપુરુષો પોતાનું અગાધ સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રતાપ, શક્તિઓ એ બધું જ ઢાંકીને વર્તે છે. સમર્થ હોવા છતાં પણ

અજ્ઞાની - આસુરી જીવો દ્વારા થતાં કષ્ટો સહન કરી લે છે. એને સમર્થ થકા જરણા કરી કહેવાય. એમ સહનશીલપણું પણ ગંભીરાત્માનું એક પાસું છે. વ્યવહારકાર્યમાં પણ સંતપુરુષો દૂરદૃષ્ટિથી ભાવિ પરિણામોનો વિચાર કરી, લોકોનો સર્વપ્રકારે સમન્વય સધાય ને ઉત્કર્ષ થાય એ હેતુને લક્ષ્યમાં રાખીને પોતાનો નિર્ણય આપે છે, તો આધ્યાત્મપથ ઉપર ચાલનાર સાધકને સમગ્ર પરિપ્રેક્ષ્યમાં વિચારીને જ યથાર્થ માર્ગદર્શન આપે એમાં શું આશ્ચર્ય હોઈ શકે ?

પ્રભુપ્રાપ્તિની અભિલાષાવાળા સાધકે પૂર્ણ સ્થિતિવાળા સત્પુરુષનો જોગ - સમાગમ - સેવા કરી તેમના જીવનનું બારિકાઈથી અવલોકન કરતા રહી ગંભીરપણું, ધૈર્ય વગેરે લક્ષણ પોતાના જીવનમાં કેળવવાનો અપ્રમત્તપણે પ્રયત્ન કરવો જોઈએ. સત્પુરુષ કઈ વ્યક્તિને કઈ રીતે માર્ગદર્શન આપે છે, કઈ વ્યક્તિ સાથે તેની યોગ્યતા પ્રમાણે કેવું વર્તન કરે છે, કેવી વાણી ઉચ્ચારે છે, વિકટ અને વિષમ પરિસ્થિતિમાં કેવો માર્ગ અપનાવે છે વગેરે ક્રિયાઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરતા રહેવાથી તેનામાં એવા ગુણોનો ઉદય થાય છે.

અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી કહે છે :—

‘‘નહાવા-ધોવામાં, ખાવા-પીવામાં, બોલવા-ચાલવામાં એ આદિક સર્વે ક્રિયામાં બાળકિયા સ્વભાવ આવી જાય અને મહારાજની અને મોટાની મર્યાદા ન રહે અને ભગવાનના મંદિરમાં તથા મોટા સંત - હરિજન પાસે તથા બીજે ઠેકાણે હાંસી-મશ્કરી, ઠઠ્ઠાબાજીના શબ્દો કાઢવા તે સર્વે નાસ્તિકભાવ છે. માટે વિનયેયુક્ત બોલવાનો સ્વભાવ રાખવો, પણ રજ -

તમ આદિક ગુણના વેગે ચડી જવું નહિ અને વેગે કરીને બોલવું-ચાલવું, ખાવું-પીવું, સૂવું-બેસવું, જોવું-સાંભળવું નહિ અને વેગે કરીને કથા, વાર્તા, માળા, ભજન, ભક્તિ તે પણ ન કરવા. કેમ જે વેગ ઊતરી જાય ત્યારે ઢીલો પડી જાય. માટે સંત કહે તેમ કરવું તો સુખી રહેવાય.''

અનાદિ મુક્તરાજ બાપાશ્રીના વચન પ્રમાણે બાળક્રિયા સ્વભાવનો ત્યાગ કરી, રજોગુણ - તમોગુણના વેગે કરીને બધી ક્રિયાઓ નહિ કરતાં, ભગવાનની સ્મૃતિએ સહિત પૂર્વાપરનો સંબંધ રાખી તથા પરિણામનો વિચાર કરીને બધાં કાર્યો કરવાં અને સત્પુરુષનાં વચન પ્રમાણે વર્તવું. આ રીતે વર્તવાથી સાધકમાં ગંભીરપણું આવે છે.

શ્રીજીમહારાજ પણ શિક્ષાપત્રી શ્લોક ૩૬માં જણાવે છે–

कार्यं न सहसा किन्चित्कार्यो धर्मस्तु सत्वरम् ।

''વિચાર્યા વગર તત્કાળ કાંઈ કાર્ય ન કરવું અને ધર્મસંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું.''

કોઈ પણ વ્યાવહારિક કાર્ય કરવું હોય તે પોતાની બુદ્ધિવડે સર્વપ્રકારે વિચાર કરીને અથવા સત્પુરુષોને પૂછીને કરવું, પણ સહસા અર્થાત્ એકાએક ઉતાવળથી ન કરવું, કારણ કે વિચાર્યા વિના કાર્ય કરવાથી ક્યારેક મોટી આપત્તિ આવે છે. વળી પાછું ધર્મસંબંધી કાર્ય તત્કાળ કરવું એમ શ્રીહરિ કહે છે. એનું કારણ એ છે કે મનુષ્યજીવન ક્યારે સમાપ્ત થઈ જાય તેનો કોઈ નિર્ધાર નથી હોતો એટલે મનમાં જ્યારે પણ ધર્મસંબંધી કાર્ય કરવાનો વિચાર ઉદ્ભવે તો તત્કાળ તે કાર્ય કરવાથી જીવની ઊર્ધ્વગતિ થાય છે એટલે ધર્મસંબંધી કાર્ય

તત્કાળ કરવાની આજ્ઞા છે. સાધકે શ્રીહરિના તથા સત્પુરુષોનાં આવાં વચનો પણ લક્ષ્યમાં રાખવા જોઈએ તો સત્પુરુષના ગુણો આવે ને જીવનમાં ઉત્કર્ષ સાધી શકાય.

# ૨૧. ધૃતિમાન = આપત્કાળમાં પણ ધર્મનો ત્યાગ નહિ કરનારા

ધૃતિમાન અર્થાત્ ધૈર્યવાન, મનની દઢતાવાળા, સ્થિર અને શાંત એવા પણ અર્થ થાય છે.

શ્રીમુખવાણી વચનામૃત ગ. પ્ર. ૬૧માં છે –

''પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે કામ, ક્રોધ, લોભ તથા ભય એમને યોગે કરીને પણ ધીરજ ડગે નહિ તેનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હું દેહ નહિ, હું તો દેહથી નોખો ને સર્વનો જાણનારો એવો જે આત્મા તે છું, એવી રીતે જે આત્મનિષ્ઠા તે જ્યારે અતિશે દઢ થાય, ત્યારે કોઈ રીતે ધીરજ ડગે નહિ ને આત્મનિષ્ઠા વિના બીજા અનેક ઉપાય કરે તો પણ ધીરજ રહે નહિ.''

તથા આગળ કહે છે –

''જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે, તેમ તેમ વધુ રાજી થાવું જોઈએ, જે ભગવાન જેમ જેમ મુને વધુ દુઃખ દેશે, તેમ તેમ વધુ મારે વશ થાશે અને પળમાત્ર મુજથી છેટે નહિ રહે, એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય, તેમ તેમ અતિ રાજી થાવું પણ કોઈ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારુ પાછો પગ ભરવો નહિ.''

આ વચનામૃતમાં ધૃતિમાનની વ્યાખ્યા તથા ધૃતિમાન

થવાનો ઉપાય એ બંને બાબત શ્રીહરિ કેટલી સ્પષ્ટપણે જણાવે છે તે આપણે જોયું.

વળી વચ. ગ. પ્ર. ૫૪માં જણાવે છે :–

‘‘પછી શુકમુનિએ પૂછ્યું જે ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કિયે લક્ષણે કરીને ઓળખાય? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું મોટું વચન લોપી શકે નહિ, એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેવો આપત્કાળ આવે તો ય પણ એ ધર્મ થકી પડે જ નહિ, માટે જેને વચનમાં દૃઢતા છે તેનો જ ધર્મ દૃઢ રહે અને તેનો જ સત્સંગ પણ દૃઢ રહે.’’

આ વચનામૃતમાં શ્રીહરિ પરમેશ્વરના આજ્ઞાવચનમાં જે દૃઢ વર્તે તેનો ધર્મ તથા સત્સંગ દૃઢ રહે એમ જણાવે છે.

વચ. સા. ૧૩માં શ્રીહરિ કહે છે :–

‘‘માટે જેને શાસ્ત્રના વચનમાં વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે ને કલ્યાણ પણ તેનું જ થાય છે અને તે ધર્મમાંથી કોઈ કાળે ડગે જ નહિ.’’

અહીં શ્રીહરિ સત્શાસ્ત્રના વચનમાં વિશ્વાસ હોય તે જ ધર્મમાં દૃઢ રહી શકે છે એમ જણાવે છે.

આ રીતે જોતાં જેને આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય, સત્શાસ્ત્રો ને સત્પુરુષોના વચનમાં દૃઢ શ્રદ્ધા ને વિશ્વાસ હોય, ભગવન્નિષ્ઠા દૃઢ હોય, ભગવાનના સ્વરૂપ સિવાય બીજે બધેથી સમ્યક્ પ્રકારે દૃઢ વૈરાગ્ય હોય, ભગવાનની આજ્ઞાપરાયણ જેનું જીવન હોય તેને ક્યારેય ધીરજ ડગતી નથી

ને તેઓ ગમે તેવા આપત્કાળમાં પણ ધર્મનો ત્યાગ નથી કરતા. આવા લક્ષણવાળાને ધૃતિમાન કહેવાય છે.

વચ. ગ. છે. ૨૪માં પણ આ વાતની પુષ્ટિ કરતાં શ્રીજીમહારાજ શુકમુનિના ઉત્તરમાં કહે છે :–

‘‘ભગવાનનાં જે જે નાનાં મોટાં વચન તેની ઉપર નિરંતર જેની દૃષ્ટિ રહે, પણ વચન બહાર પગ દેવો પડે તેમાં અતિ કઠણ પડે અને તે વચનથી આગળ પગ માંડીને અધિક પણ ન વર્તે અને ઓછો પણ ન વર્તે તેને જાણીએ જે એ ધર્મમાંથી આપત્કાળે પણ નહિ પડે.’’

આ રીતે ધૃતિમાનનો અર્થ જે અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ આપ્યો છે તે વાસ્તવિક છે કે સંત આપત્કાળમાં પણ પોતાના ધર્મનો ત્યાગ કરતા નથી, કારણ કે યથાર્થરૂપે ધર્માચરણ એ ચૈતન્યની આધ્યાત્મિક ઊર્ધ્વગતિ માટે અતિ આવશ્યક અંગ છે. આપત્કાળે પણ થતું અધર્માચરણ એ ચેતનાની અધોગતિ નોતરે છે. ‘મેરૂ રે ડગે, પણ જેનાં મનડાં ડગે નહિ રે’ એ પંક્તિ અનુસાર સંતમાં એવી દૃઢ ટેક હોય છે કે ગમે તેવા માયિક પંચવિષયનો યોગ થાય અથવા કામાદિક દોષોના આવેગો પરાભવ કરવા ઊભરી આવે તો પણ જે પોતાના ધર્મમાંથી વિચલિત ન થાય એવા સંતને ધૃતિમાન કહ્યા છે. મેરૂ પર્વત પણ જો ચલાયમાન થાય, સ્થાનભ્રષ્ટ થાય તો ભલે થાય, પણ પોતાનું મન ધર્મમાંથી જરા પણ ચલાયમાન ન થાય એ ધૃતિમાનનું લક્ષણ છે. શ્રીજીમહારાજ એવા દૃઢ ધૃતિમાનના લક્ષણવાળા સંતને વીજળીના અગ્નિ સાથે તથા સમુદ્રમાં રહેલ વડવાનલ અગ્નિ

સાથે સરખાવે છે. વીજળીનો અગ્નિ મેઘની ઘટામાં હોય છે, પણ બુઝાતો નથી તેમ જ સમુદ્રમાં રહેલ વડવાનલ અગ્નિ પણ સમુદ્રના જળમાં રહેવા છતાં બુઝાતો નથી. એમ પૂર્ણ સ્થિતિવાળા સંતને માટે અધર્માચરણ દ્વારા પતન શક્ય જ નથી. એ સિવાયના સાધનદશાવાળા સાધક સંતને જો પ્રમાદને લઈને સાવધાન ન રહે તો પતનની સંભાવના રહે છે.

આ બાબત વિશે અનાદિ મુક્તરાજ પૂ. નારાયણભાઈ કહેતા કે, 'There is no season for a man to be corrupt, but an enlightened person is an exception in this matter.'

અર્થાત્ માણસને બગડવાની કોઈ ઋતુ નથી હોતી. ગમે તેવો સારો લાગતો મનુષ્ય પણ પોતાનું અધઃપતન નોતરે છે, પરંતુ આત્મા - પરમાત્માના સ્વરૂપના અખંડ સાક્ષાત્કારની સ્થિતિવાળા સિદ્ધમુક્ત પુરુષ આમાં અપવાદ છે. તેઓને આ વિધાન લાગુ ન પાડી શકાય, કારણ કે તેમની પ્રભુ સાથે એકાત્મતા હોવાથી પતનની કોઈ સંભાવના જ નથી હોતી.

ધૃતિમાનનો બીજો અર્થ છે ધૈર્યવાન, જે ગમે તેવી વિકટ કે મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવે તો પણ તેનાથી ભય પામી બેબાકળા બન્યા સિવાય ધૈર્ય રાખીને તેનો યોગ્ય માર્ગ કાઢે છે. જીવનમાં આવતી કોઈ પણ વિષમતામાં ભયભીત થઈને પોતાની પ્રભુ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા ને નિષ્ઠામાંથી ડગી જતા નથી. ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ આકુળ-વ્યાકુળ થયા સિવાય કે ભય પામ્યા સિવાય પોતાના મનની સ્થિરતા ને ધૈર્ય જાળવી રાખે છે. એવી વ્યક્તિને પણ ધૃતિમાન ગણી શકાય.

ધૈર્ય અને મનની સ્થિરતા જાળવવા પોતાની જાતને કેળવવાથી મુશ્કેલ પરિસ્થિતિમાંથી સફળતાપૂર્વક માર્ગ શોધી શકાય છે. એવી કપરી મુશ્કેલીમાંથી પણ પાર પડવાનો ઉકેલ એવી ધૃતિમાન વ્યક્તિને પ્રભુકૃપાથી મળી જ રહે છે.

નાની નાની વાતમાં ગભરાઈ જનાર, કોઈ પણ કાર્યમાં ધૈર્ય ન જાળવી શકનારનું મન અસ્થિર રહે છે, તેથી તેની નિર્ણાયક શક્તિનો પણ હ્રાસ થાય છે. કોઈ પણ કાર્યમાં તે મનની એકાગ્રતા સાધી શકતો નથી. નાની નાની બાબતમાં ગભરાઈને તુરત જ પ્રતિક્રિયા આપતી વ્યક્તિને જ્યારે જીવનમાં મોટી મુશ્કેલી આવે છે, ત્યારે તેનું મનોબળ સાવ તૂટી જાય છે ને ઘણી વખત આત્મઘાતી વલણ પણ અપનાવી બેસે છે. જે વ્યક્તિ જીવનમાં બનતી રોજ-બરોજની નાની-મોટી ઘટનાઓમાં પોતાનું ધૈર્ય, સ્થિરતા ને મનોબળ તથા આત્મબળ જાળવી શકે છે તે વ્યક્તિ આધ્યાત્મિક જીવનમાં પણ ધૈર્ય રાખતાં શીખી શકે છે. એવી વ્યક્તિને સાચા સત્પુરુષ મળી જાય તો તે સત્પુરુષના યોગ્ય માર્ગદર્શન દ્વારા પોતાની આધ્યાત્મિક પ્રગતિ પણ સાધી શકે છે.

પ્રભુપ્રાપ્તિ માટેની ધ્યાન - ભજન - ઉપાસના વગેરે સાધનામાં તો ધૃતિમાનનું લક્ષણ આત્મસાત્ કરેલું અતિ આવશ્યક જ નહિ, બલકે અનિવાર્ય છે, કારણ કે પ્રભુપ્રાપ્તિની સાધનામાં આંતર-બાહ્ય અનેક પ્રકારનાં વિઘ્નોનો સતત સામનો કરવો પડતો હોય છે. ઈર્ષ્યાળુ, અજ્ઞાની ને આસુરી વ્યક્તિઓ, આસુરી પરિબળો દ્વારા થતાં વિઘ્નો, આધિ, વ્યાધિ ને ઉપાધિઓ તથા પોતાના જ ઇંદ્રિયો

- અંતઃકરણ આ બધા જ વિક્ષેપો ને વિઘ્નો ઊભાં કરે છે. સાધનામાં જરાક આગળ વધે તો સૂક્ષ્મસૃષ્ટિમાં રહેલાં પરિબળો, ઈર્ષ્યાળુ દેવતાઓ, મલિન દેવતાઓ પણ વિઘ્ન નાખવા પ્રયત્ન કરે છે. એવા સાધકની ભગવાન પોતે પણ અનેક પ્રકારે કસોટી કરીને તેને તાવે છે ને તેનું શુદ્ધિકરણ કરે છે. માયાના રજ, તમ ને સત્ત્વગુણ એ ત્રણ ગુણો પણ સાધક ઉપર આક્રમણ કરે છે. આવી અનેક પ્રકારની બાહ્ય તેમ જ આંતરિક મુશ્કેલીઓમાં ધૃતિનો ગુણ ન હોય તો ધ્યેય સુધી પહોંચવું દુષ્કર બની જાય છે.

શ્રીજીમહારાજ વચ. ગ. પ્ર. ૧૫માં જણાવે છે :—

‘‘ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે, તે ધારતાં ધારતાં દશ વર્ષ થાય અથવા વીશ વર્ષ અથવા પચવીશ વર્ષ થાય અથવા સો વર્ષ થાય, તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ.’’

આ રીતે શ્રીહરિના વચન પ્રમાણે ભગવાનનું ધ્યાન કરવામાં પણ ધૈર્યની અતિ આવશ્યકતા છે તે જણાઈ આવે છે. આત્મામાં પ્રભુના દિવ્યસ્વરૂપનો જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી ધૈર્ય રાખીને ધ્યાનસાધનાના આગ્રહવાળાને જ પ્રભુપ્રાપ્તિ શક્ય બને છે.

એક દૃષ્ટાંત કથા છે કે — નારદમુનિ વિચરણ કરતા એક વનમાંથી પસાર થાય છે. એક ઝાડ નીચે એક યોગી તપ કરતા હતા ને તેની આજુબાજુ ઊધઈનો રાફડો થઈ ગયેલો. તેણે નારદજીને પૂછ્યું, ‘‘મુનિ ક્યાં જાઓ છો ?’’ નારદજીએ કહ્યું, ‘‘વૈકુંઠમાં ભગવાનનાં દર્શને.’’ યોગીએ કહ્યું, ‘‘ભગવાનને

પૂછજો કે મારો મોક્ષ ક્યારે થશે ?'' નારદજીને આગળ ચાલતાં બીજા યોગી મળ્યા, તે મસ્તદશામાં હતા. તેમણે પણ નારદજીને પોતાના મોક્ષ માટે ભગવાનને પૂછવાનું કહ્યું. થોડા વખતે નારદજી એ રસ્તે પાછા વળ્યા. પહેલા યોગીએ પૂછ્યું કે, ''ભગવાને મારા મોક્ષ વિશે શું કહ્યું ?'' નારદજી કહે, ''ભગવાને એમ કહેવડાવ્યું છે કે તમારે હજી બીજા ચાર જન્મ લેવા પડશે અને ત્યાર બાદ તમારો મોક્ષ થશે.'' આવું સાંભળતાં યોગી રૂદન કરવા લાગી ગયા કે, ''અહો ! હજી ચાર જન્મ લેવા પડશે !'' પછી નારદજી મસ્તદશાવાળા યોગી પાસે ગયા. તેમણે પણ એ જ પૂછ્યું કે 'ભગવાને મારા મોક્ષ વિશે શું કહ્યું છે ?' નારદજીએ કહ્યું, ''ભગવાને કહેવડાવ્યું છે કે જે આમલીના ઝાડ નીચે તમે તપ કરો છો એ ઝાડમાં જેટલાં પાન છે એટલા યુગ જશે ત્યારે મોક્ષ થશે.'' આવું સાંભળતાં યોગી તો નાચવા લાગી ગયા કે, ''હાશ ! ચાલો, મારો સમય નક્કી થઈ ગયો કે આટલા યુગ પછી મારો મોક્ષ થશે !'' યોગીની આટલી બધી શ્રદ્ધા ને ધૈર્ય જોઈને પ્રભુએ એ જ ક્ષણે તેના બધા યુગ પૂરા કરી દઈ તેને મુક્તદશાને પમાડી દીધા.

સાધકમાં આવી અખૂટ શ્રદ્ધા ને ધૈર્ય હોય તો જ સાધના પરિપૂર્ણ થઈ શકે છે. માટે જે સંતે ધૃતિમાન લક્ષણ સિદ્ધ કર્યું હોય તેનો જોગ કરી તેની કૃપા સંપાદન કરવાથી સાધકને પણ આ લક્ષણ સિદ્ધ થાય છે.

## ૨૨. જીતષડ્ગુણ = ભૂખ-તરસ, શોક-મોહ, જરા-મૃત્યુ તે જીત્યા છે જેણે એવા

ભૂખ-તરસ, શોક-મોહ, જરા-મૃત્યુ આ (૬) છ ઊર્મિઓ છે. અ. મુ. સ. ગુ. શતામુનિ રચિત 'જનમંગલ સ્તોત્ર'માં શ્રીજીમહારાજનું એક નામ છે, 'ષડોર્મિવિજયક્ષમઃ' અર્થાત્ ઉપર્યુક્ત ૬ પ્રકારની ઊર્મિઓ ઉપર નિયંત્રણ મેળવનારા, જીત મેળવનારા.

ભૂખ-તરસ એ પ્રાણના ભાવ છે. આ કલિયુગમાં દેહમાં રહેલા પ્રાણનું પોષણ અન્ન દ્વારા થાય છે. પ્રાણ અન્ન ને જળના અભાવમાં અકળાય છે, એની શક્તિઓ મંદ પડી જાય છે. પ્રાણની મહત્તાની વાત આપણે મિતભુક્ના લક્ષણમાં વિગતે જોઈ ગયા છીએ. ઉચ્ચ સ્થિતિના સંત ભગવાનના સ્વરૂપમાં જોડાવારૂપી યોગ દ્વારા, જપ-તપ દ્વારા પોતાના શરીરમાં રહેલ પ્રાણ ઉપર સંપૂર્ણ સંયમ મેળવી લે તો પછી તેને ભૂખ-તરસનો અનુભવ નથી થતો. શ્રીજીમહારાજ વર્ણિવેશે તપ કરતા હતા ત્યારે મહિનાઓ સુધી કેવળ વાયુ ભક્ષણ કરીને રહેલા તે વાત જાણીતી છે. આત્મા - પરમાત્માના અખંડ સાક્ષાત્કારવાળા સિદ્ધ અનાદિમુક્તને ઉપર જણાવેલ ઊર્મિઓનો અનુભવ નથી થતો, કારણ કે કેવળ જીવોના કલ્યાણના હેતુ માટે તેમણે ધરેલું મનુષ્ય શરીર દિવ્ય હોય છે. એ દેખાવમાત્ર જ મનુષ્ય શરીર હોય છે.

એવા સિદ્ધમુક્તમાં રહી બધી ક્રિયા કરનારા સ્વયં પરમાત્મા જ હોય છે.

અનાદિમુક્ત પૂ. શ્રી નારાયણભાઈ પણ કહેતા કે મુક્તને અન્નના સ્થૂળ આહારની આવશ્યકતા નથી હોતી, ફક્ત સંકલ્પથી જ દેહ ચાલે છે, કારણ કે તેમનો દેહ દેખાવમાત્ર હોય છે. તે નરનાટ્ય સિવાય બીજું કંઈ જ નથી. આવા પૂર્ણ સિદ્ધ મુક્ત સિવાય બીજા સાધન સ્થિતિવાળા સંતને ભૂખ-તરસનો અનુભવ થાય છે, પણ સમજણપૂર્વકના દેહદમન દ્વારા આહારને સંયમિત કરવાથી ધીમે ધીમે ભૂખ-તરસ ઉપર નિયંત્રણ આવતું જાય છે. સાંખ્યજ્ઞાને કરીને સ્વરૂપનિષ્ઠા અને આત્મનિષ્ઠા પરિપક્વ કરે તો તેમને પણ આ બધી ઊર્મિઓ ઉપર વિજય પ્રાપ્ત થઈ શકે છે. જે રીતે અષ્ટાંગ યોગ દ્વારા, પ્રાણાયામ વગેરે દ્વારા પ્રાણને નિરોધે ચિત્તનો નિરોધ થાય છે, એવી રીતે ચિત્તની વૃત્તિ પરમાત્માના સ્વરૂપમાં જોડાઈ જવાથી ચિત્તને નિરોધે પ્રાણનો નિરોધ થાય છે. ત્યારે પ્રાણ ઉપર સંપૂર્ણ નિયંત્રણ થવાથી ભૂખ-તરસ ઉપર વિજય મેળવી શકાય છે.

શોક-મોહ એ અંતઃકરણના ભાવ છે. શોક એટલે કોઈ પણ પ્રકારે આવી પડેલ દુઃખની લાગણી. કોઈ સ્વજનનું મૃત્યુ થાય, કોઈક ભૌતિક પદાર્થની હાણ થાય, વ્યાપાર, વ્યવસાયમાં નુકસાન થાય, આકસ્મિક મુશ્કેલીઓ આવી પડે ત્યારે માનવીને દુઃખની લાગણી થઈ આવે, દિલગીરી થાય તે શોક છે. કોઈક વાતનો અફસોસ થાય તે શોક છે. તે કરુણરસનો ભાવ છે.

મોહ એટલે ભ્રાંતિ જે વસ્તુ સત્ય નથી, મિથ્યા છે એ વસ્તુને અજ્ઞાનને લઈને સત્ય માની લેવી તે મોહ છે. આવી અવસ્થામાં મતિ ભ્રમિત થઈ જાય છે. અંગ્રેજીમાં મોહને Delusion કહે છે. કોઈક પદાર્થમાં કે વ્યક્તિમાં અતિ તીવ્ર અભિનિવેશ, રાગ કે આસક્તિને પણ મોહ કહેવામાં આવે છે. મોહની અતિ તીવ્ર લાગણીમાં વ્યક્તિ પોતાની સુધ-બુધ ભૂલી જઈ, મૂર્છાવસ્થામાં સરી પડે છે. ત્રિગુણાત્મિકા માયાના આવરણને લીધે જીવ અજ્ઞાનને લઈને મોહાન્ધ બને છે. એ વખતે અસત્ય ને મિથ્યા વસ્તુ જ તેને સત્ય ભાસે છે. જેમ ઝાંઝવાના જળને મૃગ સાચું જળ માની તેની તરસ છીપાવવા માટે દોડાદોડ કરે છે, એમ અસત્યને સત્ય માની જીવાત્મા મોહાસક્ત થાય છે.

એક આત્મા અને પરમાત્મા આ બે જ તત્ત્વો સત્ય છે ને બીજું બધું મિથ્યા છે એવું આત્મા તથા ભગવાનના સ્વરૂપનું માહાત્મ્યે સહિત જ્ઞાન સત્પુરુષ દ્વારા થાય ત્યારે જ મોહનું આવરણ દૂર થાય છે. મોહનું આવરણ દૂર થવાથી તેને લઈને ઉત્પન્ન થતો શોક પણ દૂર થાય છે. સાંખ્યજ્ઞાન દ્વારા હું આત્મા દેહાદિકભાવથી સંપૂર્ણ રહિત છું, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, સત્-ચિત્ત-આનંદરૂપ, બ્રહ્મ-પરબ્રહ્મરૂપ છું, કાળ, કર્મ ને માયાથી પર, ભૌતિક પરમાણુ જગતના ગુણધર્મોથી તદ્દન વિલક્ષણ ચૈતન્યપ્રકૃતિના ગુણધર્મોવાળો પરિશુદ્ધ આત્મા છું. આવા ભાવની દૃઢતા થયે શોક-મોહની લાગણીને જીતી શકાય છે.

શ્રીહરિ વચ. ગઢ. મ. પ્રકરણ ૧માં મોહ વિશે કહે

છે :— ''મોહનું રૂપ તો મનને વિશે વિભ્રાંતિ જેવું થઈ જાય એ જ જણાય છે અને જ્યારે પુરુષના હૃદયમાં મોહ વૃદ્ધિ પામે છે, ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે. પછી આ કરવા યોગ્ય અને આ ન કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી.''

''જ્યારે ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય અને તેમાંથી કોઈ અંતરાય કરનારો આવે ત્યારે તે ઉપર ક્રોધ થાય પછી ક્રોધ થકી મોહ થાય છે.''

''માટે મોહને ઉદય થયાનું કારણ તે વિષયમાં આસક્તિ તે જ છે.''

જરા અને મૃત્યુ એ દેહના ભાવ છે. જરા એટલે વૃદ્ધાવસ્થા. શરીરની મુખ્ય ત્રણ અવસ્થાઓ છે. બાળ, યૌવન ને વૃદ્ધાવસ્થા. જરા ને મૃત્યુ તો શરીરને છે અને હું તો આત્મા છું. મારે વિશે જરા-મૃત્યુ સંભવી જ ન શકે. એમ આગળ જણાવેલ સાંખ્યજ્ઞાને આત્મનિષ્ઠા અતિ દૃઢ કરે તો આ છ ઊર્મિઓ ઉપર વિજય પ્રાપ્ત થઈ શકે છે. જેમણે આ છ ગુણો જિતેલા છે એવા સત્પુરુષના જોગ - સમાગમ - સેવાથી તેમની કૃપા થયે સાધકમાં પણ આવું લક્ષણ સિદ્ધ થાય છે.

પૂર્ણ સંતના જીવનમાં પણ તેમણે મનુષ્ય શરીર ધારણ કરેલું હોવાથી વૃદ્ધાવસ્થા જણાય છે, પરંતુ તેમને વૃદ્ધાવસ્થાનાં કષ્ટોનો અનુભવ નથી થતો, કારણ કે તેમને અખંડ આત્મા-પરમાત્મા સંબંધી દિવ્ય સુખની અનુભૂતિ હોય છે. તેમનો મંદવાડ પણ બીજા જીવોને સેવાનો લાભ મળે, તેમનાં પ્રારબ્ધકર્મોનું નિવારણ થાય અને આત્યંતિક મોક્ષને પામે એ હેતુ માટે જ હોય છે. તેમને કોઈ પણ પ્રકારનો રોગ કે મંદવાડ

સ્પર્શી જ શકતો નથી. તેમના સંકલ્પથી તો અસંખ્ય જીવના દેહના તથા જીવના મંદવાડ ને રોગો દૂર થઈ જતા હોય છે, પછી તેમને વૃદ્ધાવસ્થા કે મંદવાડ જેવું કેવી રીતે શક્ય હોય ? એ બધું તો નટની માયાની જેમ દેખાવ પૂરતું જ હોય છે. એવા સંતને મૃત્યુ પણ કદીય સ્પર્શી શકતું નથી. તેમના અનુગ્રહથી તો અસંખ્ય જીવો મૃત્યુ ઉપર વિજય મેળવી શકે છે. જેમને આત્માની અમરતા દઢ થઈ હોય અને દેહભાવ જેવું લેશ માત્ર ન હોય તેને મૃત્યુ કેવી રીતે સંભવે ? તેમ છતાં મનુષ્ય શરીર ધારણ કર્યું હોવાથી દેહનો અંત જણાવે છે, પરંતુ તેમાં તેમની વિશિષ્ટતા જ્ઞાની ભક્તને જણાઈ આવે છે. સત્પુરુષનો દેહવિલય કેવળ ભ્રાંતિ જ છે. સત્પુરુષને જ્યાં સુધી પોતાનો દેહ રાખવો હોય ત્યાં સુધી રાખી શકે છે. તેઓ પોતાના સંકલ્પના સામર્થ્ય દ્વારા અનેકને આયુષ્ય પણ પ્રદાન કરી શકે છે અને ધારે તો આયુષ્ય હોય તો પણ તેને ટૂંકાવીને જીવનો મોક્ષ કરે છે. આમ જરા ને મૃત્યુ સત્પુરુષને સ્પર્શી પણ શકતા નથી. તેની ઉપર તેમનું સંપૂર્ણપણે નિયંત્રણ હોય છે. તેમને કાળ, કર્મ ને માયાને આધિન દેહધારી જીવોની જેમ આવાગમન નથી. તેમના માટે જન્મ ધરી આ લોકમાં આવવું કે મૃત્યુ પામી પાછું જવું એવું નથી. તેઓ દિવ્યરૂપે સદાય છે જ.

આ રીતે સત્પુરુષને બધી ઊર્મિઓ ઉપર સંપૂર્ણપણે નિયંત્રણ હોવાથી તેઓને જિતષડ્ગુણ કહેવામાં આવે છે.

# ૨૩. અમાની = માનની ઇચ્છાએ રહિત

અમાની એટલે જેમને માનની કે સન્માનની કોઈ અપેક્ષા નથી એવા. નિર્માની એવો અર્થ પણ થાય.

વ્યક્તિને જ્યાં સુધી દેહાભિમાનની દૃઢતા છે, ત્યાં સુધી તેને માન - મોટપ પામવાની, કીર્તિ - પ્રસિદ્ધિ મેળવવાની, સન્માન સત્કાર મેળવવાની એવી અનેક અભિલાષા રહે છે. અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી કહે છે કે વ્યક્તિ અતિ વિનમ્ર થાય, દાસભાવ કેળવે ને નિર્માની થાય તો તેને 'હું કેવો નિર્માની છું' એમ નિર્માનીપણાનું પણ માન આવે છે. આ માનરૂપ દોષ એ અતિસૂક્ષ્મ અહંકાર છે. તે જીવાત્માને વળગેલું અતિસૂક્ષ્મ આવરણ છે. આ સૂક્ષ્મ અહંકારને લઈને જ દેહાત્મબુદ્ધિ દૃઢ રહે છે તેથી અહંમમત્વની ભાવના ઉદ્‌ભવે છે.

શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્ર. ૪૪માં કહે છે :– ''જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે, ત્યાં સુધી એને વિશે સાધુપણું આવતું નથી, માટે દેહ ને દેહના સંબંધીને વિશે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, સર્વે વાસનાનો ત્યાગ કરીને, સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી.''

આ વચનામૃતના રહસ્યાર્થમાં અનાદિ મુક્તરાજ

બાપાશ્રી જણાવે છે કે, ''વર્ણ જે બ્રાહ્મણાદિક અને આશ્રમ જે બ્રહ્મચર્યાદિક  તેનું અભિમાન મૂકીને તથા માયિક વિષયની તથા ઐશ્વર્યની વાસના માત્ર ટાળીને, બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે રૂપ થઈને, મહારાજનું અખંડ ચિંતવન કરે તે સાધુને શ્રીજીમહારાજે પોતા તુલ્ય કહ્યો છે.''

શ્રીજીમહારાજ પણ કહે છે કે બીજા દોષો તો દૂર થઈ જાય, પણ માનરૂપ દોષ જવો બહુ જ કઠણ છે. માન તો જીવમાં રહેલું છે. માન દેહાત્મબુદ્ધિ સાથે જોડાયેલું છે. હું જ્ઞાની છું, હું ભક્ત છું, મારા જેવો સર્વગુણ સંપન્ન બીજો કોઈ નથી. હું જ શ્રેષ્ઠ છું, મારા જેવો બુદ્ધિશાળી, વિદ્વાન, રૂપવાન, ગુણવાન, શક્તિશાળી, સત્તાધીશ બીજો કોઈ નથી. આમ અનેક પ્રકારનું માન - અભિમાન જીવમાં રહેલું છે. મહારાજે માનીને કામી કરતાં પણ ભૂંડો કહ્યો છે, કારણ કે માનરૂપ દોષ ભગવાન તથા સત્પુરુષને વિશે દાસત્વભાવ થવા દેતો નથી. માનીને ભગવાન તથા સત્પુરુષનાં વચનો મનાતાં નથી અને જો માનહાનિ થાય તો ભગવાન તથા સત્પુરુષનો અવગુણ – અભાવ લઈ ભગવાનનો તથા સત્પુરુષનો પણ ત્યાગ કરીને પોતાનો મોક્ષ બગાડે છે, પણ માનને મૂકી શકતો નથી. શ્રીજીમહારાજના સમયમાં શ્રીજીમહારાજને છોડીને સત્સંગ મૂકીને જતા રહ્યા હોય તેવા ઘણા દાખલા બનેલા છે. અ. મુ. સ. ગુ. મુક્તાનંદ સ્વામીના પદમાં છે કે, ''સાધન સર્વે માન બગાડે પળ વિશે, જેમ ભળ્યું પય સાકરમાં અહિ ઝેર જો.' એમ શ્રીહરિની પ્રસન્નતાનાં સાધનો પણ માનરૂપી દોષથી નિષ્ફળ જાય છે. જેમ દૂધ-સાકર હોય, પણ તેમાં સર્પનું ઝેર

ભળ્યું હોય તો તે પી ન શકાય, કારણ કે તે પ્રાણને હરી લે છે.

શ્રીહરિ વચ. અમ. ૩માં કહે છે :–

''અમને તો એમ ભાસે છે જે, જે સેવક માની હશે તે તો કોઈને નહિ ગમતો હોય અને માની સેવક પાસે જે ટેલ-ચાકરી કરાવવી તે તો જેમ કાળ પડે ત્યારે મોટા માણસ પણ કોદરા ખાઈને જીવે, તેમ માની સેવકની પાસે ટેલ-ચાકરી કરાવવી પડે તે પણ એવી છે અને ધણીનો રાજીપો જેવો નિર્માની સેવક ઉપર હોય એવો માની ઉપર ન હોય.''

એવા સંત કે જેમણે આત્મનિષ્ઠા અતિ દૃઢ કરી હોય, શ્રીજીમહારાજની માહાત્મ્યજ્ઞાને યુક્ત સર્વોપરી ઉપાસના દૃઢ કરી હોય, શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપ સિવાય બીજે બધેથી સમ્યક્ પ્રકારે તીવ્ર વૈરાગ્ય સિદ્ધ કર્યો હોય, આત્મા - પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન સિદ્ધ કર્યું હોય, અખંડ પ્રભુપરાયણ રહેતા હોય તેમને માનરૂપી દોષ જિતાઈ જાય છે.

આત્મા - પરમાત્માના અખંડ સાક્ષાત્કારવાળા સિદ્ધ મુક્તપુરુષ તો જેવા પરમાત્મા છે, એવા જ સર્વપ્રકારે નિર્દોષ છે, કારણ કે પરમાત્મા સાથે પરમ સાધર્મ્યપણું પ્રાપ્ત હોવાથી તેમને તો કોઈ દોષ સ્પર્શી જ શકતો નથી. અખંડ પરમાત્માના દિવ્ય સ્વરૂપ સંબંધી દિવ્ય સુખ માણતા એવા મુક્તને તો પરમપદરૂપ સર્વોત્કૃષ્ટ પદવી મળી ચૂકી હોય છે, તેને સાંસારિક ભૌતિક જગતમાં કોની પાસે માનની અપેક્ષા હોય ? નિરપેક્ષ ભૂમિકામાં આવા કોઈ દોષનો અંશ પણ નથી હોતો, પરંતુ સાધનકાળમાં રહેલા સંત આવા સિદ્ધ સત્પુરુષનો જોગ-સમાગમ-સેવા કરી તેમની કૃપા સંપાદન કરી અમાની

બનવાના પ્રયત્નમાં સતત જાગૃતિ સાથે વર્તે તો ધીમે ધીમે તેમને પણ અમાનીનું લક્ષણ આત્મસાત્ થઈ જાય. પ્રભુપ્રાપ્તિના લક્ષ્યમાં માનાદિ દોષો અતિ વિઘ્નકારી છે. પ્રભુપ્રાપ્તિરૂપ અંતિમ ધ્યેય સિદ્ધ કરવામાં કોઈ પણ પ્રકારના રાગનો અંશ પણ નડે છે. સાધક એમ વિચારે કે આ લોકની ગમે તેટલી કીર્તિ-પ્રસિદ્ધિ કે માન-મોટપ મને મળશે તો પણ તેની ફલશ્રુતિ શું ? કારણ કે જે કંઈ માન-મોટપ, યશ વગેરે મળશે તે આ દેહના અંત સુધી જ છે. પછી એની કોઈ કિંમત નથી. આત્માને આવી સિદ્ધિઓ મુક્તિ અપાવવાની જગાએ બંધનમાં નાખે છે. આત્માનો ધ્યેય તો કેવળ પરમાત્માની પ્રાપ્તિ છે. એ સિવાયની બીજી કોઈ પણ ઇચ્છા કે વાસના જન્મ-મૃત્યુના ચક્રમાં નાખી દે છે. માટે સાધકે તો આ બધાનો સૂક્ષ્મ વિચાર કરી સતત જાગૃતિ સાથે, શ્રીજીમહારાજે કહ્યું છે તેમ જાણપણારૂપી દરવાજે ઊભા રહી ચૈતન્યમાં પરમાત્મા સિવાય કંઈ પણ પેસવા દેવું નહિ. માનાદિ દોષ ચૈતન્યમાં પેસી ન જાય તે માટે સતત જાગૃત રહેવું. એક શ્રીજીમહારાજને તથા સત્પુરુષને જ પ્રસન્ન કરવાની ઇચ્છાવાળાને માન-મોટપની અભિલાષા ક્ષીણ થઈ જાય છે. પછી તેને કોઈની પાસેથી માન-સન્માનની અપેક્ષા જ રહેતી નથી અને અમાનીનું લક્ષણ સિદ્ધ થઈ જાય છે.

સંતને અમાની-નિર્માની રહેવાનું હોવા છતાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, ક્યે ઠેકાણે માન રાખવું અને ક્યે ઠેકાણે માન ન રાખવું ? તો જે કુસંગી હોય, સત્સંગનું ઘસાતું બોલતો હોય, સંતની ને મહારાજની નિંદા કરતો હોય એવા

હોય એના આગળ  તો માન રાખવું. એને કઠણ વચન કહેવું તેનાં વેણ ઉપર વેણ લાવવું, પણ પાજીપળાવની છાયામાં દબાઈ ન જવું અને ભગવાન તથા ભગવાનના ભક્ત આગળ તો માન ન રાખવું. ત્યાં તો દાસ થઈને વર્તવું. આવો વિવેક પણ મહારાજે શિખવ્યો છે.

મહારાજ કહે છે કે નિર્માની ભક્તમાં જ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે રૂડા ગુણો આવે છે, પણ અહંવૃત્તિવાળામાં તેવા ગુણો નથી આવતા. જેમ સલાટ હોય અને કૂવો ખોદતો હોય તે પાણો પોલો બોલે તો એમ કહે કે, આ કૂવામાં પાણી ઘણું થશે અને કાપે ત્યારે પાણો રણકતો હોય તો સલાટ એમ કહે કે પાણી તો થશે, પણ અડધા કોષનું કે પા કોષનું થશે. એમ ધર્મપાલનમાં, વૈરાગ્યમાં, જ્ઞાનમાં, ભક્તિમાં વેગેરમાં અહંભાવ આવે તો તે વ્યક્તિને સાચી મોટપ મળે નહિ ને પરમાત્માના સ્વરૂપમાં જોડાઈ શકાય નહિ, માટે ભગવાનના ભક્તને કોઈ પ્રકારની અહંતા રાખવી નહિ. મહારાજ કહે છે કે ઘણી બધી રિદ્ધિ-સિદ્ધિ મળી હોય, વચનસિદ્ધિ વગેરે ઐશ્વર્ય પ્રાપ્ત થયું હોય તો પણ દાસાનુદાસ થઈને વર્તે તો તેના ઉપર અમે ખૂબ જ પ્રસન્ન થઈએ છીએ. એવા અમાનીનું લક્ષણ સિદ્ધ કરેલા સંતને જ સાધનમાત્ર સિદ્ધ થઈ જાય છે. તે પૂર્ણકામ બની જાય છે.

## ૨૪. માનદ = બીજાને માન આપનારા

સંતમાં અમાનીનું લક્ષણ હોવાથી તેમને માટે માન-અપમાન બંને સમ વર્તે છે, પણ અન્યને માન આપવું, સન્માન કરવું એવો માનદનો ગુણ પણ તેમનામાં વિકસેલો હોય છે. વ્યક્તિને વ્યાવહારિક - સાંસારિક યોગ્યતા પ્રમાણે તથા તેની આધ્યાત્મિક યોગ્યતા પ્રમાણે સંત તે વ્યક્તિને માન આપે છે, તેનો યથોચિત સત્કાર - સન્માન કરે છે. આવો વિવેક તેઓ બરોબર જાળવે છે ને સાધનદશાવાળાને પણ એવો વિવેક જાળવવાનું શીખવે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં અપક્વ સ્થિતિમાં સાધકને એમ થાય છે કે આપણે શું કામ કોઈને માન-સન્માન આપવું ? આપણે અન્ય વ્યક્તિ સાથે શી લેવાદેવા ? મહારાજે પણ કહ્યું છે કે સભામાં કોઈ મોટો માણસ આવે તો તેને આગળ બેસાડવો, એનું સન્માન કરવું. ગૃહસ્થને માટે જ આવો નિયમ છે એવું નથી સમજવાનું, ત્યાગીએ પણ પ્રતિષ્ઠિત વ્યક્તિનું સન્માન - સત્કાર કરવા જોઈએ. જો એવો વિવેક ન જળવાય તો ઘણી વખત મોટી આપત્તિ પણ આવી જાય છે, માટે એવો વિવેક જાળવવાની શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે. શ્રીજીમહારાજ પણ નાની-મોટી ગમે તે વ્યક્તિને ક્યારેય તુંકારે નહોતા બોલાવતા, એમ સત્પુરુષોમાં પણ તેવો ગુણ હોય છે. પોતાનાથી ઉંમરમાં, હોદ્દામાં, સ્થિતિમાં નાના હોય તેમને પણ માનવાચક શબ્દ 'તમે' કે 'આપ' કહીને

સત્પુરુષો બોલાવતા હોય છે.

શ્રીહરિ શિક્ષાપત્રી શ્લો. ૬૮માં જણાવે છે :–

यादृग्गुणे यः पुरुषस्तादृशा वचनेन सः ।
देशकालानुसारेण भाषणीयो न चान्यथा ॥ ६८ ॥

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો.

શ્રીહરિ કહે છે કે જે પુરુષમાં જેવા ગુણ હોય, એટલે કે જાતિ, કુળ, વિદ્યા, તપ, યોગ, ઐશ્વર્ય, પ્રતાપ આદિ જે જે વિશિષ્ટ ગુણો જેમાં હોય તેને તે પ્રમાણે દેશ અને કાળને અનુસરીને બોલાવવો.

ઉદાહરણરૂપે કોઈક ગુરુને પોતાનો શિષ્ય ગુણસંપન્ન હોય ને તેને પોતાના નિવાસસ્થાને પ્રેમથી 'તું' કહીને બોલાવતા હોય તો પણ સભાસ્થાન વગેરે જાહેર સ્થાને તો તેને 'તમે' એવા માનવાચક શબ્દથી જ બોલાવવો. એવી રીતે પોતાનો કોઈક શિષ્ય વૃદ્ધ હોય તો પણ તેને 'તમે' એવા માનવાચક શબ્દથી જ સંબોધવો. આવો વિવેક સમજવો.

શ્રીહરિ શિક્ષાપત્રી શ્લો. ૬૯માં પણ કહે છે :–

गुरुभूपालवर्षिष्ठत्यागि विद्वत्तपस्विनाम् ।
अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥ ६९ ॥

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ

છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુર વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું.

દીક્ષાગુરુ જે મંત્રોપદેશ આપનાર, વર્તમાન ધરાવી કંઠી બાંધનાર, બ્રહ્મવિદ્યા આપી શ્રીહરિની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવનાર, વિદ્યા ભણાવનાર અને પિતા આટલા ગુરુની વ્યાખ્યામાં આવે છે. રાજા એટલે અત્યારના રાજકીય કક્ષાના પ્રધાનો વગેરે અધિકારી વર્ગ, વયમાં વૃદ્ધ હોય તેવી વ્યક્તિ, ત્યાગ - વૈરાગ્યવાન વ્યક્તિ, સત્શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાન વ્યક્તિ તથા વ્રતપરાયણ તપસ્વી એટલી વ્યક્તિ આવે ત્યારે પોતાના આસનેથી ઊઠવું, પ્રણામ કરવા, આસન આપવું વગેરે ક્રિયાઓથી સન્માન કરવું એવી આજ્ઞા છે. જો એમ ન કરે તો ઘણીવાર મહા અનર્થ સર્જાય છે અને ક્યારેક અણકલ્પેલી આપત્તિ આવી જાય છે, કારણ કે વિશિષ્ટ ગુણો ધરાવતી વ્યક્તિ કે પ્રતિષ્ઠિત વ્યક્તિનું યથાયોગ્ય સન્માન ન થાય તો તેને માનભંગ જેવું થવાથી ક્યારેક તે અવિચારી પગલાં પણ ભરી બેસે છે. ઈતિહાસમાં દુર્વાસામુનિ વગેરે મુનિઓના શ્રાપથી અનર્થ સર્જાયા હોય એવા પ્રસંગો વર્ણવેલા છે.

વળી શિક્ષાપત્રી શ્લો. ૭૫માં શ્રીહરિ કહે છે :–

गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् ।
समदृष्टया न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ॥ ७५ ॥

આમાં બીજી પંક્તિનો ભાવ છે – જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે જ સન્માન કરવું, પણ

સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ.

અર્થાત્, 'સમદૃષ્ટિ રાખીને' એટલે સર્વને વિશે એક જ બ્રહ્મ - પરમાત્મા છે એ પ્રકારની બુદ્ધિ રાખીને પૂજાસેવાના યથાયોગ્ય વિવેકનું ઉલ્લંઘન કરવું નહિ, કારણ કે સારા-નરસા પુરુષોનો સરખો સત્કાર કરવામાં આવે તો સત્ - અસત્‌ના વિવેકનો નાશ થઈ જાય છે. માટે એવો વિવેક જાળવવો અતિ આવશ્યક છે. સમાજમાં સૌથી વધુ ભગવાનના પૂર્ણસ્થિતિવાળા મુક્તો પૂજ્ય છે. તેમનો સત્કાર કરવો, સન્માન કરવું, પક્ષ રાખવો, ચંદન-પુષ્પાદિકથી તેમનું પૂજન કરવું અને નમસ્કાર કરવા એ સર્વશ્રેષ્ઠ કાર્ય છે અને વ્યક્તિના પોતાના સર્વપ્રકારે હિતમાં છે.

માટે સાધક સંતે આ રીતે વિવેક કેળવી શ્રીહરિની આજ્ઞા મુજબ અન્યને માન આપવાનો ગુણ કેળવવો અને સત્પુરુષને તો સર્વપ્રકારે પૂજનીય ગણી માન-સન્માન આપવું, જેથી માનદનો ગુણ આત્મસાત્ થાય છે અને પરમશ્રેયરૂપ પરમાત્માની પ્રાપ્તિ થાય છે, આત્યંતિક મોક્ષ થાય છે.

સંત તો હંમેશાં પ્રભુની આજ્ઞાઓનું અણિશુદ્ધ પાલન કરતા હોવાથી તેમને તો માનદ વગેરે ગુણો સહજ સિદ્ધ હોય જ છે, પણ તેઓ સાધકને એવા ગુણો સિદ્ધ કરવાનો ઉપદેશ પોતાનાં વાણી ને વર્તન બંને દ્વારા આપે છે, કારણ કે સમાજની શ્રેષ્ઠ વ્યક્તિ જેવું આચરણ કરે છે, તે પ્રમાણે જ સમાજના અન્ય મનુષ્યો તેનું અનુકરણ કરે છે. પૂર્ણ મુક્ત સ્થિતિવાળા સત્પુરુષને તો કોઈની પાસે કંઈ જ મેળવવાની કોઈ અપેક્ષા જ નથી હોતી, તેમ છતાં સાધકને પોતાના

આચરણ દ્વારા સદ્‌ગુણો શિખવવાની પ્રેરણા પૂરી પાડે છે. સંતો આવી વિશાળ દૃષ્ટિવાળા હોય છે, કારણ કે તેમનો હેતુ હંમેશાં સર્વજીવહિતાવહ જ હોય છે.

## ૨૫. કલ્પ = બીજાને વિષયની આસક્તિ ટળાવીને મોક્ષને માર્ગે ચલાવવારૂપી જ્ઞાનબોધ દેવામાં સમર્થ

'કલ્પ'ના શબ્દકોષ પ્રમાણે શાસ્ત્રની વૈકલ્પિક આજ્ઞા, સિદ્ધાંત, પ્રસ્તાવ, નિર્દેશ વગેરે જેવા અર્થો પણ થાય છે, પરંતુ અહીં અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીએ કરેલો અર્થ સંતના લક્ષણરૂપે યથાર્થ છે. જે સત્પુરુષને આત્મા - પરમાત્માના સ્વરૂપની સાક્ષાત્કાર અનુભૂતિ હોય તેમને તો પરમાત્માના સ્વરૂપ સંબંધી દિવ્ય સુખ માણવું એ સિવાય બીજા કશાની અપેક્ષા જ ન હોવાથી કોઈ પણ વિષયમાં તેમને આસક્તિ થવાની કોઈ સંભાવના જ નથી હોતી. મુમુક્ષુ સાધકને પણ તેઓ આત્મા - પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને ભૌતિક પંચવિષય સંબંધી આસક્તિને દૂર કરી પરમાત્માના સ્વરૂપમાં કેવી રીતે જોડાવું તેની સ્પષ્ટ સમજણ આપે છે ને નિરાસક્ત થવાની યુક્તિ શિખવે છે.

આ જીવાત્માને અનંત જન્મથી ભૌતિક પંચવિષય સંબંધી વાસના કારણશરીર સાથે વળગેલી છે. ભગવાને ઇંદ્રિયો - અંતઃકરણરૂપી ઉપકરણો આપેલાં છે જેના દ્વારા જીવ બાહ્ય વિષયોને ગ્રહણ કરીને તે સંબંધી સુખ-દુઃખનો અનુભવ કરે છે. સુખાનુભૂતિ કરાવતા વિષયોમાં તેને સહેજે જ રાગ ઉત્પન્ન થાય છે અને દુઃખની અનુભૂતિ કરાવનારા વિષયો

પ્રત્યે સહેજે જ અણગમો અર્થાત્ દ્વેષ ઉત્પન્ન થાય છે. એમ રાગ અને દ્વેષની લાગણી અહંવૃત્તિ સાથે જોડાયેલી હોવાથી જીવાત્મા પોતાને અજ્ઞાનને લઈને સુખી-દુઃખી માને છે. પંચજ્ઞાનેન્દ્રિયો શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના ને ઘ્રાણ તથા પંચકર્મેન્દ્રિયો વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ એમ દશ ઈંદ્રિયો ને ચાર અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર દ્વારા બાહ્ય પંચવિષયોને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધને ગ્રહણ કરે છે. પછી તેમાં પોતાની કર્તુવૃત્તિ, કર્તાપણાનો ભાવ ભળે છે એટલે ચિત્તમાં સંસ્કારો બાંધી કર્મબંધન પામે છે ને તેના ફળરૂપે સુખ-દુઃખનો અનુભવ કરે છે.

વસ્તુગતે બાહ્ય ભૌતિક વિષયમાં જીવાત્માને જે આનંદ મનાય છે એ પોતાના આત્માનો, પોતાના સ્વરૂપનો જ આનંદ હોય છે, પણ ઈંદ્રિયો અંતઃકરણના માધ્યમ દ્વારા પ્રતિબિંબિત થઈને અનુભવાતો હોવાથી તેને તે આનંદ બહારથી આવેલો છે એમ અજ્ઞાને કરીને મનાય છે. દા. ત. બાહ્ય વિજાતીય રૂપ ચક્ષુ ઈંદ્રિય દ્વારા જોવામાં આવે તેની સાથે વાસનાના તરંગરૂપે મન ચક્ષુ ઈંદ્રિય દ્વારા તેને ગ્રહણ કરીને મગજમાં રહેલા દર્શનકેન્દ્રમાં પહોંચાડે, બુદ્ધિ તેનો નિર્ણય-નિશ્ચય કરે ને આત્મા પાસે તેને રજૂ કરે એટલે આત્માને રૂપનું જ્ઞાન થાય અને પોતાના જ સ્વરૂપમાંથી બાહ્યરૂપે પ્રતિબિંબિત થયેલા આનંદને અજ્ઞાનને લઈને બહારના રૂપમાંથી આવેલો માનીને આનંદ અનુભવે છે, કારણ કે ઈંદ્રિયો - અંતઃકરણ તો ભૌતિક તત્ત્વોના બનેલા છે. જો સ્થૂળ શરીરમાં જીવાત્મા જ ન હોય તો તે ભૌતિક ઉપકરણોની કોઈ જ કિંમત નથી. મૃત શબની

પાસે ગમે તેવા સુંદર ને રમણીય પંચવિષય મૂકવામાં આવે તો તે શબ કોઈ જ પ્રતિક્રિયા આપતું નથી, કારણ કે તેનો ભોક્તા એવો જે જીવાત્મા તેની ત્યાં હાજરી નથી એટલે કર્તા ભોક્તા એવો જે જીવાત્મા તે રાગ-દ્વેષયુક્ત અહંકારની વૃત્તિને લઈને અજ્ઞાને કરીને ભૌતિક વિષયમાંથી પોતાના જ આનંદને પ્રતિબિંબિત કરીને માણે છે. જેમ કૂતરું સૂકું હાડકું લાવીને ચાવે તો પોતાના જ મોઢામાંથી મોઢું છોલાઈને નીકળતા લોહીનો સ્વાદ માણી આનંદ માને છે ને માને છે કે તે હાડકાના ટુકડામાંથી લોહી આવ્યું છે. એમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ બધા પંચવિષય સંબંધી સમજવું.

સત્પુરુષ મુમુક્ષુ આત્માને આ જ્ઞાન કરી સમજાવે છે કે સર્વોત્કૃષ્ટ સુખ તો પરમાત્માના દિવ્ય સ્વરૂપમાં જ છે. બીજે રહેલું પંચવિષયાત્મક ભૌતિક સુખ તો સુખનો આભાસ માત્ર છે, પણ તે સત્ય નથી. મૃગજળ જેવું મિથ્યા સુખ છે. અને ઇંદ્રિયો - અંતઃકરણરૂપ ઉપકરણો બાહ્ય ભૌતિક પંચવિષય સંબંધી સુખ માણવા માટે જ નથી, પણ એ જ ઇંદ્રિયો - અંતઃકરણોનો ઉપયોગ પરમાત્માના સ્વરૂપ સંબંધી જ સુખ માણવા માટે કરવામાં આવે તો જીવાત્મા નિરાસક્ત - નિર્વાસનિક થઈને પ્રભુના સ્વરૂપમાં જોડાઈ શકે છે. પરિણામ સ્વરૂપે આત્મામાં પરમાત્માના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરી તે સંબંધી દિવ્ય સુખનો અખંડ આનંદ માણી શકે છે. ભૌતિક વિષયોનું સુખ તો ક્ષણભંગૂર, મિથ્યા ને આભાસી છે, જ્યારે પરમાત્મા સંબંધી સુખ તો દિવ્ય ને અવિચળ છે, શાશ્વત છે.

આવું વાસ્તવિક જ્ઞાન સત્પુરુષ મુમુક્ષુઓને કરાવી તેમને

ભૌતિક વિષયની આસક્તિથી રહિત કરી આત્યંતિક મોક્ષ પ્રદાન કરે છે. એટલે એવા સત્પુરુષને કલ્પ કહેવામાં આવે છે. જીવાત્માને આવું આત્યંતિક મોક્ષ પ્રદાન કરવાનું કાર્ય કરવામાં કેવળ સત્પુરુષ જ સક્ષમ - સમર્થ હોય છે, કારણ કે તેમણે પોતે એવી પૂર્ણસ્થિતિ સ્વાનુભવથી મેળવેલી હોય છે અને તેની પ્રાપ્તિ કેવી રીતે કરવી એની યુક્તિ અને સંપૂર્ણ જ્ઞાન તેઓ જ ધરાવતા હોવાથી તેઓ કલ્પ ગુણે યુક્ત છે. સાધક પણ જો આવા કલ્પનું લક્ષણ સિદ્ધ કરેલા સત્પુરુષ દ્વારા યથાર્થ જ્ઞાન મેળવી પોતાના જીવનમાં તેને આત્મસાત્ કરે તો તેને પણ આ કલ્પનું લક્ષણ સિદ્ધ થઈ જાય અને તે બીજા મુમુક્ષુઓને માર્ગદર્શન આપવામાં સમર્થ બની જાય.

# ૨૯. મૈત્ર = કોઈને ઠગનારા નહિ

મૈત્ર એટલે બધાના મિત્ર. સર્વ સાથે મિત્રભાવે વર્તનારા. બધા સાથે મિત્રભાવ રાખીને બધાને અંદરોઅંદર સંપ, સુમેળ અને ભાઈચારો પ્રવર્તાવવો એવા ગુણે યુક્ત હોય તે ખરા મૈત્ર છે. 'વસુધૈવ કુટુંબકમ્' સારું ય વિશ્વ એ પોતાનું કુટુંબ છે એવી ભાવના, વિશ્વબંધુત્વની ભાવના આવા સંતની પ્રકૃતિમાં વણાયેલી હોય છે.

સાચા સંતને સર્વત્ર પરમાત્માનાં દર્શન થતાં હોવાથી તેમને બધાં જીવપ્રાણીમાત્ર આત્મવત્ લાગે છે.

आत्मवत् सर्व भूतेषु यः पश्यति सः पंडितः ।

અર્થાત્ બધા જેને આત્મવત્ પોતાના જેવા લાગે છે, બધામાં આત્મા - પરમાત્માનો ભાવ રહે છે એ જ ખરો વિદ્વાન છે. સંતને શત્રુ અને મિત્ર એવો કોઈ ભેદ નથી લાગતો. તેઓ બધાની સાથે અભિન્નતા, આત્મીયતા અનુભવે છે. તેઓ બધા પ્રત્યે પ્રેમ ને કરુણાનો પ્રવાહ અખંડ વહેવડાવતા રહે છે. આ ઉચ્ચ જ્ઞાતિનો છે ને આ નીચ જ્ઞાતિનો છે, હલકો છે એવો ભેદભાવ તેમને કદીય ઉત્પન્ન થતો નથી. સંત પોતાને વર્ણ, આશ્રમ, જ્ઞાતિ, જાતિ, લિંગભેદ વગેરેથી પર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ માનતા હોવાથી એવા બધા ભેદોથી પોતાની જાતને અલિપ્ત રાખી શકે છે. એટલે બધા સાથે મિત્રભાવ રાખવો એ સંતની સાહજિક પ્રકૃતિ હોય છે.

આવા સંતને પોતાનો સ્વાર્થ સાધવા માટે ક્યારેય પણ કોઈને ઠગવાનો, છેતરવાનો કે છળકપટ કરવાનો ભાવ લેશ માત્ર ઉદ્‌ભવતો નથી. જે સર્વપ્રકારે બધાનું હિત જ વિચારે, જેને ક્યારેય કોઈ પ્રલોભન કે સ્વાર્થલોલુપતા આકર્ષી ન શકે, જેમનામાં નિર્દંભપણું, નિઃસ્વાર્થપણું, નિખાલસતા, સાલસપણું, વિશાળતા, વાત્સલ્ય, સહૃદયપણું હોય એવા ગુણોએ યુક્ત સંત સાચા મૈત્ર છે. આવા મૈત્ર સંત પોતાના આત્મીયની પીડાને પોતાની ગણી તેની સર્વપ્રકારે સહાય કરવા તેમ જ રક્ષા કરવા પોતાનાં કષ્ટોને પણ નગણ્ય કરીને સદાય તત્પર રહે છે. આવા મૈત્રગુણે યુક્ત સંત પાસે મુમુક્ષુ પોતાનું હૃદય ખોલીને અંગતમાં અંગત વાત, અંગત મુશ્કેલીઓ, કષ્ટો બધું નિર્ભયતાથી ભરોસાપૂર્વક રજૂ કરી શકે છે. પોતાની અત્યંત ગોપ્ય વાત કરીને તે નિર્ભાર ને હળવોફૂલ થઈ શકે છે ને યથાયોગ્ય માર્ગદર્શન મેળવી પોતાની મુશ્કેલીઓ ને આપત્તિઓ દૂર કરી શકે છે.

મૈત્ર લક્ષણે યુક્ત સંત ક્યારેય કોઈને ગેરમાર્ગે દોરતા નથી. યોગ્ય માર્ગદર્શન દ્વારા વ્યવહાર જગતની વિટમણાઓ તેમ જ આધ્યાત્મિક જગતની અડચણો દૂર કરી સંગ કરનારનું સર્વપ્રકારે શ્રેય સાધે છે.

શ્રીહરિ વચનામૃત ગઢ. છે. ૨૧માં જણાવે છે :–

‘‘તમે સર્વે અમારે આશ્રિત થયા છો માટે અમારે તમને હિતની વાત હોય તે કહી જોઈએ, ને મિત્ર પણ તેને જ જાણવો જે પોતાનાં હિતની વાત હોય તે દુઃખ લગાડીને પણ કહે એ જ મિત્રનું લક્ષણ છે, તે સમજી રાખજો.’’

સાચો મિત્ર હોય એની વાત કડવી લાગે તો પણ તે હિત કરનારી હોવાથી સ્વીકાર્ય છે. સાચા સંત સાધક મુમુક્ષુને ક્યારેક વજ્રઘાત લાગે એવાં કડવાં વેણ કહીને પણ દેહ તથા દેહના સંબંધી પ્રત્યે અહંમમત્વની જે ભાવના છે, જે આસક્તિનો ને તીવ્ર અભિનિવેશનો ભાવ છે તે દૂર કરવા પ્રયત્ન કરે છે, ત્યારે સમજુ ને વિવેકી મુમુક્ષુ હોય તે સંતની વાત સત્ય માની તે પ્રમાણે પોતાનો જીવનપથ બદલી નાખે તો મહાસુખિયો થઈ જાય છે. અને જે વ્યક્તિ વાતને અવળી સમજી સંતનો અવગુણ અભાવ લે છે તેને મોક્ષ થવો દુષ્કર બની જાય છે. સત્પુરુષ જ્યારે મુમુક્ષુને પોતાના દોષ દૂર કરવા ક્રોધનો ભાવ વ્યક્ત કરે કે અતિ કઠણ વચન કહે તો મુમુક્ષુએ વિચારવું જોઈએ કે આમાં સંતને શો સ્વાર્થ સાધવાનો છે ? એ તો પૂર્ણકામ છે. તેઓ કેવળ મારા શ્રેય માટે જ કઠણ વચન કહે છે. તેઓ મારા દોષો ટાળવા માટે જ આવું કઠોર વર્તન દર્શાવે છે. એમ ગુણ ગ્રહણ કરી સંતને સર્વપ્રકારે નિર્દોષ માને તો પોતે પણ સર્વદોષોથી રહિત થઈ જાય છે. કારણ કે સંતની વાત માનવાથી તે સાધક ઉપર પ્રભુની ને સંતની પ્રસન્નતા ને કૃપા ઊતરે છે.

શ્રીજીમહારાજ પણ કહે છે કે જેના દોષો ટળી ગયા છે એવા સંત પાસે જ પોતાના દોષો કહેવા જોઈએ. મુમુક્ષુ સાધકે એ વાત લક્ષ્યમાં રાખવી જોઈએ કે તે કોઈ દંભી ને કપટી ગુરુની માયાજાળમાં તો ફસાતો નથી ને ? નહિતર બકરું કાઢતા ઊંટ પેસી જાય એવો ઘાટ થાય. માટે સાચા સંતને ઓળખીને તેમનામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને તેમનો જોગ -

સમાગમ- સેવા કરવાથી, તેમની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાથી તેનું જીવન ધન્ય બની જાય છે.

સાચા સંતમાં પરમાત્માના કલ્યાણકારી ગુણો આત્મસાત્ થયેલા હોય છે. થોડી પરખશક્તિ ને વિવેક હોય તો પ્રભુની કૃપાથી સાચા સંતની ઓળખ મુમુક્ષુને ચોક્કસ થઈ જાય છે. સાચા સંતમાં શ્રીહરિએ જણાવેલાં સંતનાં ૩૨ લક્ષણો હોય છે. તેઓ શ્રીહરિની આજ્ઞા - ઉપાસનામાં અણિશુદ્ધ હોય છે. એવા સંતને ઓળખી તેમનો જોગ - સમાગમ - સેવા કરવા જોઈએ, તો પ્રભુપ્રાપ્તિનો માર્ગ સરળ બની જાય છે.

જેને આ લોકમાં યશ, કીર્તિ, પ્રસિદ્ધિ મેળવવાનો રાગ હોય, કે ધન ને સત્તા મેળવી વિષયભોગની વાંછના હોય એવા દંભી - કપટી ગુરુઓ પણ સંત તરીકે ભોળી પ્રજા દ્વારા પૂજાતા હોય છે. તેઓ ઠગવિદ્યામાં ને છેતરપિંડી કરવામાં નિષ્ણાત હોય છે. એવાને ઓળખીને મુમુક્ષુએ તેનાથી હંમેશાં દૂર રહેવું. નહિતર એવા પાસે જવાથી જીવન બરબાદ થઈ જાય છે. એવા દંભી ગુરુઓનો ક્યારેય કુસંગ ન થાય એવી શ્રીહરિને દરરોજ પ્રાર્થના કર્યા કરવાથી પ્રભુ ચોક્કસ રક્ષા કરે છે ને સહાય કરે છે, અને સાચા સંત મેળવી આપે છે. સાચા મૈત્ર લક્ષણેયુક્ત સંત ક્યારેય કોઈને ઠગતા નથી, કારણ કે તેમને આ લોકમાં કોઈ જ સ્વાર્થ સાધવાનો હોતો નથી, તેઓ પૂર્ણકામ હોય છે. એવા સંતના જોગ-સમાગમ-સેવાથી જોગ કરનારમાં પણ ધીમે ધીમે મૈત્રનું લક્ષણ સિદ્ધ થઈ જાય છે.

## ૨૭. કારુણિક = ભવાબ્ધિમાં બૂડેલા જીવોના દુઃખની નિવૃત્તિ કરવારૂપી કૃપાએ કરીને છે વિચરણ જેનું

કારુણિક એટલે દયાળુ. સંતનાં લક્ષણ 'કૃપાળુ'માં આ લક્ષણનો ભાવ સામ્ય ધરાવે છે. કારુણિક એટલે કરુણાએ યુક્ત. કરુણા એટલે દયા, અનુકંપા. મૂળ અજ્ઞાન-અવિદ્યાનાં આવરણો જીવ પર અનાદિકાળથી રહેલાં છે. પરબ્રહ્મ પરમાત્મા પૂર્ણ છે. જ્યારે માયાના આવરણમાં રહેલા જીવો અપૂર્ણ છે. એટલે પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માને જીવોને પૂર્ણતા પ્રાપ્ત કરાવવાનો જે મૂળ સંકલ્પ તેના દ્વારા જ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ને તેમાં જીવો ઉત્ક્રાંતિમાં વિકાસ પામતા-પામતા મનુષ્યદેહ પ્રાપ્ત કરે છે ને તે દેહમાં રહેલા જીવોને પ્રભુ તથા તેમના મુક્તો મનુષ્યરૂપે પ્રગટ થઈ તે જીવોને સત્સંગમાં લાવી પોતાના સ્વરૂપનું તથા પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવી ભવસાગરમાંથી મુક્ત કરી પરમાત્માના અવિચળ, દિવ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવે છે. આમ જીવોનો મોક્ષ કરવા પ્રભુ તથા તેમના મુક્તોને કોઈ સ્વાર્થ નથી, કોઈ કારણ પણ નથી, તેમ છતાં કેવળ કરુણાને લઈને જીવો ઉપર નિષ્કારણ કૃપા વરસાવી તેમને પૂર્ણ બનાવે છે, આત્યંતિક મોક્ષ પ્રદાન કરે છે. એ તેમનું કારુણિકનું લક્ષણ છે.

આ ભવાબ્ધિ એટલે ભવસાગર - સંસાર સાગરમાં જીવોને આધ્યાત્મિક - અધિદૈવિક - અધિભૌતિક એમ ત્રણ પ્રકારનાં ત્રિવિધ તાપો - દુઃખો ભોગવવાં પડે છે. આધ્યાત્મિક એટલે મનના તથા મનોદૈહિક રોગો, હતાશા - નિરાશા, વ્યાકુળતા, ઉદ્વેગ, કામક્રોધાદિ દોષોના આવેગો - આવેશોનાં દુઃખો, શારીરિક અનેક પ્રકારના રોગો જેવા કે કફ - પિત્ત - વાયુ સંબંધી વ્યાધિઓ. અધિદૈવિક એટલે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર, ભૂકંપ વગેરે કુદરતી આફતો તેમ જ ભૂત-પ્રેતાદિક જેવા સૂક્ષ્મ સૃષ્ટિના તથા દૈવી પ્રકોપ વગેરેનાં દુઃખો. અધિભૌતિક દુઃખો એટલે શત્રુઓ, ચોર, હિંસક પ્રાણીઓ વગેરે જીવસૃષ્ટિ તરફથી થતાં કષ્ટો. એમ ત્રિવિધિ તાપમાં જીવોને સતત તપતા રહેવું પડે છે. સંતમાં કારુણિકનું લક્ષણ વિકસેલું હોવાથી કોઈ પણ જીવને દુઃખી જોઈને સંતનું હૃદય દ્રવી જાય છે અને તેઓ અનેક ઉપાયે કરીને તે દુઃખો ટાળવાનો પ્રયત્ન કરે છે.

સંત દરેક જીવોને આત્મવત્ માનતા હોવાથી અને દરેકમાં પરમાત્માનાં દર્શન કરતા હોવાથી જીવોનાં દુઃખો પ્રત્યે સંવેદનશીલ હોવાથી તેમનામાં સાહજિક રીતે જ કરુણાપ્રવાહ વહે છે. કોઈ પણ જીવનાં દુઃખો દૂર કરવામાં તેઓ પાત્ર-કુપાત્ર, ઊંચ-નીચ એવો ભેદ જોતા નથી. પરમાત્મા કરુણાસાગર છે. તેમના સ્વરૂપમાં પ્રેમાદ્વૈત સધાઈ ચૂક્યો હોવાથી સંતમાં પણ કારુણિકપણાનો ગુણ સહજ રીતે જ આવે છે. તેમનો હંમેશાં એવો જ પ્રબળ સંકલ્પ રહે છે કે પ્રભુની કૃપાથી હું જેમ પૂર્ણ મુક્તિ પામ્યો છું, તેમ મારા જોગમાં,

સંપર્કમાં, દૃષ્ટિમાં જે કોઈ જીવ આવે તે સર્વેને પ્રભુપ્રાપ્તિ થઈ ભવાબ્ધિમાંથી મુક્તિ મળે. એવા સત્પુરુષની દરેક ક્રિયા કેવળ જીવોનાં કલ્યાણ માટે જ હોય છે. પોતે તો પૂર્ણકામ હોવાથી તેમને કોઈની પાસે કાંઈ પણ મેળવવાની અપેક્ષા નથી. કેવળ કરુણાભાવ જ તેમને જીવોનાં દુઃખો દૂર કરવા પ્રેરે છે ને તેઓ જીવોનાં દુઃખો દૂર પણ કરે છે.

સાચા સંત મનુષ્યની વ્યાવહારિક, સાંસારિક વિટમણાઓમાં પણ તેમને યોગ્ય માર્ગદર્શન આપી તેમની મુશ્કેલીઓ ટાળે છે તેમ જ આધ્યાત્મિક માર્ગમાં આવતાં વિઘ્નો - વિક્ષેપોને પણ યથાર્થ જ્ઞાનોપદેશ ને માર્ગદર્શન દ્વારા દૂર કરે છે. એમાં પણ જે જીવાત્મા સંતને પોતાનું સર્વસ્વ અર્પણ કરી સંપૂર્ણ શરણાગતિ સ્વીકારે છે તેમનું તો અનેક પ્રકારનાં કષ્ટો ટાળી પરમશ્રેય કરે છે. જીવો ઉપર તેના અસંખ્ય જન્મોના કર્મસંસ્કારોનાં આવરણો રહેલાં છે. તે કર્મો અનંત જન્મો સુધી પણ ભોગવવાથી જીવ તેમાંથી પોતાની મેળે છૂટી શકતો નથી. પૂર્વનાં પ્રારબ્ધકર્મોનું ફળ ભોગવતો જાય છે ને સાથે સાથે નવા નવા કર્મસંસ્કારો બાંધતો જાય છે એટલે અનંતકાળ સુધી તેમાંથી છૂટવું તેને માટે દુષ્કર બને છે.

અનાદિમુક્ત પૂજ્યશ્રી નારાયણભાઈ પણ કહેતા કે, ‘‘જીવોને કર્મબંધનો કદી પાર ન કરી શકાય તેવા મોટા પહાડોના પહાડો ઘેરી વળ્યા હોય એટલા છે, જ્યારે જીવને અનાદિમુક્ત એવા પૂર્ણ સત્પુરુષનો જોગ થાય છે, ત્યારે જોગ-સમાગમ - સેવા દ્વારા જીવ સત્પુરુષને પ્રસન્ન કરે તો અસંખ્ય

જન્મોના તપથી પણ નિવારણ ન થઈ શકે એવાં અનંત કર્મો સત્પુરુષ પોતાની કૃપાએ કરીને બાળી નાખે છે. પોતાના આશ્રિત હરિભક્તોનાં માફ ન કરી શકાય એવાં કઠણ પ્રારબ્ધકર્મો તે પોતાના દેહ ઉપર લઈને પણ તેને ખપાવી નાખે છે. આ સંતની એક અદ્ભુત લીલા છે. સંતનો મનુષ્ય દેહ પણ દિવ્ય હોવાથી તેમને કોઈ પીડાનો લેશ માત્ર અનુભવ નથી થતો, પણ પોતાના દેહ દ્વારા અનેક જીવોનાં પ્રારબ્ધકર્મો ખપાવતા હોય તેવી લીલા દેખાડે છે. જીવોનાં કર્મોને પ્રભુ પાસે માફ કરાવી શૂળીનું દુઃખ કાંટે કાઢે છે અને શરણાગતને છેલ્લો જન્મ પ્રાપ્ત કરાવી આત્યંતિક મોક્ષ પણ પ્રદાન કરે છે.''

આવા અનાદિમુક્તનું પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થવું તે પાત્ર જીવોને પ્રભુના દિવ્યસુખમાં ખેંચી લઈ આત્યંતિક કલ્યાણ કરવા માટે જ સ્વતંત્રપણે હોય છે. તેમને મનુષ્યરૂપે પ્રગટ થવું તે કાળ, કર્મ કે માયાને આધિન નથી હોતું, પણ સ્વતંત્રપણે પ્રભુના સંકલ્પથી જ પ્રગટ થાય છે. ભવાબ્ધિમાં બૂડેલા જીવોને કરુણા કરી તેમના અનંત જન્મોનાં કર્મોનું નિવારણ કરી પરમાત્માના દિવ્યસુખની પ્રાપ્તિ કરાવવા માટે જ મનુષ્યરૂપે તેમનું વિચરણ હોય છે. આવા મુક્ત સંત જ ખરા અર્થમાં કારુણિક છે.

સાધક અવસ્થામાં રહેલાને પોતાને જ ત્રિવિધ તાપ નડતાં હોય તે અન્યનાં ત્રિવિધ તાપોનાં દુઃખો દૂર ન કરી શકે, પણ પૂર્ણ સિદ્ધમુક્ત એવા સંતનો જોગ કરી તેમની કૃપા દ્વારા જ્યારે પોતે આત્મા - પરમાત્માનો સાક્ષાત્કાર પામી પૂર્ણ

સ્થિતિ પ્રાપ્ત કરે તો તેનામાં પણ કારુણિકનું લક્ષણ સિદ્ધ થઈ શકે અને તે પણ બીજા અનેક જીવોનાં ભવાબ્ધિનાં દુઃખો દૂર કરી તેમનું પણ પરમ શ્રેય સાધી શકે એવા સમર્થ થાય છે.

# ૨૮. કવિ = જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર તથા પરબ્રહ્મ જે શ્રીજીમહારાજ તેમના સ્વરૂપને યથાર્થ જાણનારા

કવિ એટલે કાવ્યની રચના કરનાર, આર્ષદ્દષ્ટા, વિદ્વાન એવા અર્થ પણ થાય છે. અહીં અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર તથા પરબ્રહ્મ તેમના સ્વરૂપને યથાર્થ જાણનારા એવું અર્થઘટન કર્યું છે, જે વાસ્તવિક છે. આ બધાં તત્ત્વોને યથાર્થ સ્વરૂપમાં જાણનાર સર્વવિદ્ બની જાય છે ને તેને આધ્યાત્મિક ક્ષેત્રે વિશેષ જાણવાનું કાંઈ શેષ રહેતું નથી અને તે સાચા અર્થમાં કવિ બને છે. આ બધાં સ્વરૂપોના ભેદ ઉપર તો મોટા ગ્રંથો લખી શકાય એટલું વિશાળ તથા ગહન તત્ત્વજ્ઞાન એમાં રહેલું છે, પરંતુ અહીં તો તેને સંક્ષિપ્તમાં વર્ણવી સંતોષ માનીશું.

શ્રીહરિ શિક્ષાપત્રી શ્લો. ૧૦૫માં કહે છે :–

हत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याऽखिलां तनुम्।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥ १०५ ॥

‘‘અને જે જીવ છે તે હૃદયને વિશે રહ્યો છે, ને અણુસરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે, ને જાણનારો છે. અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર

ઇત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો.''

જીવ ચૈતન્ય તત્ત્વ છે તેનો કદી પણ નાશ થતો નથી. તેના અખંડ, અવિનાશી, અચ્યુત, અજર, અમર, અક્ષય, અછેદ્ય, અભેદ્ય વગેરે ગુણો છે ને તે નિત્ય છે. જીવ સંખ્યામાં અનંત છે. તે નિરંશ છે. તે પરમાત્માનો અંશ નથી, કારણ કે પરમાત્મા પણ અખંડ, અચ્યુત છે. પરમાત્મા ખંડિત થઈને જીવ, ઈશ્વરરૂપે થતા નથી. જેમ પરમાત્મા અનાદિ છે, તેમ જ જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ પણ અનાદિ જ છે. પરમાત્માએ જીવોનું સર્જન નથી કર્યું, કારણ કે અનાદિ એવી માયાના અજ્ઞાન - અવિદ્યારૂપ આવરણમાં જીવ પણ અનાદિકાળથી છે. જીવો અપૂર્ણ છે ને પરમાત્મા પૂર્ણ છે. પૂર્ણ પરમાત્માને અપૂર્ણ એવા જીવોને પૂર્ણ કરવા માટેની નિષ્કારણ કૃપાના સંકલ્પથી જ સૃષ્ટિની રચના થઈ છે. ભૌતિક ઉત્ક્રાંતિમાં જીવો વિકાસ પામતા પામતા મનુષ્યરૂપે થાય છે ને મનુષ્ય શરીરમાં જ જીવની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ શક્ય બને છે. જીવની ઉપર સ્થૂળ - સૂક્ષ્મ - કારણ શરીરનાં આવરણો રહેલાં છે. જીવાત્મા મૂળ માયાનાં અજ્ઞાન - અવિદ્યારૂપ આવરણોને લઈને અણુ સરખો સૂક્ષ્મ ભાસે છે. શરીરમાં હૃદયચક્રમાં રહેલો હોવા છતાં પોતાની જ્ઞાનશક્તિ દ્વારા નખ-શિખાંત પોતાના દેહમાં વ્યાપીને રહ્યો છે. પોતાના ઇંદ્રિયો - અંતઃકરણ દ્વારા બાહ્ય શબ્દાદિક વિષયોને ભોગવે છે ને અહંકારને લઈને પોતાની કર્તુવૃત્તિથી પોતાને કર્તા-ભોક્તા માની સુખ-દુઃખનો અનુભવ કરતો થકો શુભ-અશુભ કર્મોના સંસ્કારો બાંધતો થકો દેહાત્મબુદ્ધિ સાથે બંધાયેલો રહે છે. જીવાત્મા પોતાનાં કર્મો

અનુસાર જન્મ-મરણના ચક્રમાં ફરતો રહે છે. ગમે તેટલા દેહ ધારણ કર્યા હોવા છતાં તેનો નાશ થતો નથી. જે જીવને જેના દેહ થકી દેહ ધરવાનો કર્મસંબંધ પ્રાપ્ત થયો હોય તેના થકી જ તેનો દેહ ઉદ્‌ભવે છે. ઉદ્‌ભિજ્જ, સ્વેદજ, અંડજ ને જરાયુજ એમ ચાર પ્રકારે જીવોના દેહની ઉત્પત્તિ થાય છે. જ્યાં સુધી જીવનો આત્યંતિક મોક્ષ ન થાય, ત્યાં સુધી વિવિધ પ્રકારની ૮૪ લાખ યોનિમાં જન્મ લીધા કરે છે.

ભગવદ્‌ગીતાના ૧૫મા અધ્યાયમાં કહ્યું છે :—

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनः षष्ठानींद्रियाणी प्रकृतिस्थानि कर्षति ॥ ७ ॥

‘‘આ સંસારમાં મારા અંશભૂત એવા જે જીવ છે, તે પાંચ જ્ઞાનેન્દ્રિયો ને છઠ્ઠું મન, તેને પોતપોતાના વિષયમાંથી પાછાં વાળીને નિયમમાં રાખે છે.’’ આમાં શ્રીકૃષ્ણ ભગવાને જીવને પોતાનો અંશ કહ્યો છે, પણ તે સર્વ જીવો પ્રત્યે લાગુ નથી પડતું. એ તો ભગવાનના ગુણ તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક જેમાં આવ્યા હોય એવા એકાંતિક ભક્ત પરત્વે છે. એટલે વિષયોમાં પ્રવર્તતા ઇંદ્રિયો - અંતઃકરણ ઉપર જેમણે વિજયરૂપ ભગવાનના ઐશ્વર્યનો અંશ પ્રાપ્ત કર્યો હોય એવા મુક્ત જીવને અંશ કહ્યા છે અને તે પણ અગ્નિમાંથી નીકળેલા તણખા વિસ્ફુલિંગ જેમ નહિ, પરંતુ મુક્તો ભગવાનના ઐશ્વર્યાંશ છે એમ સમજવાનું છે, પણ ભગવાનરૂપ અગ્નિમાંથી છૂટા પડેલા તણખાની જેમ જીવને અંશ સમજવાના નથી. વચનામૃત ગ. મધ્ય ૮માં પણ જેઓ ઇંદ્રિયોના દોર્યા દોરાતા નથી એવા મુક્તોને જ ભગવાનના અંશ કહ્યા છે. જીવાત્મા સ્ત્રી કે પુરુષ

પણ નથી. તે કોઈનો સંબંધી પણ નથી. જ્ઞાતિભેદ, જાતિભેદ, વર્ણભેદ, લિંગભેદથી તે પર છે. જીવને દેહાત્મબુદ્ધિ દ્વારા જ આ બધા ભેદ ઉત્પન્ન થાય છે. જીવાત્માને સત્પુરુષ ને સત્શાસ્ત્રો દ્વારા આત્મા - પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવાથી, પરમાત્માની કૃપાથી માયાનાં આવરણોથી રહિત થઈ મુક્તદશાને પામે છે ત્યારે નિરાકારમાંથી દિવ્ય સાકારરૂપે થાય છે ને પૂર્ણદશાને પામે છે. આ જીવાત્મા ગમે તેટલાં સાધન કરવાથી પણ પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર અનુભવ કરી શકતો નથી. તેનો અનુભવ તો કેવળ પરમાત્માના સ્વરૂપનું ધ્યાન અને તે સ્વરૂપની માહાત્મ્ય જ્ઞાને સહિત ઉપાસના દ્વારા જ થાય છે તેમ જ પ્રત્યક્ષ જોઈ અનુભવી શકાય છે.

હવે માયાનું સ્વરૂપ વર્ણવતા શ્રીહરિ શિક્ષાપત્રી શ્લોક ૧૦૬માં કહે છે :—

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देतदीययोः ।
जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥ १०६ ॥

‘‘અને જે માયા છે તે ત્રિગુણાત્મિકા છે ને અંધકારરૂપ છે, ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી, તેમને વિશે અહંમમત્વની કરાવનારી છે એમ માયાને જાણવી.’’

જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, પરબ્રહ્મ આ પાંચ ભેદમાં માયાને પણ અનાદિ ગણી છે. માયા ત્રિગુણાત્મિકા છે, અર્થાત્ માયાના ત્રણ ગુણ છે - સત્ત્વ, રજ અને તમ.

આનંદ, તપ, શાંતિ, પ્રકાશ, પુણ્યશીલતા, સંતોષ, શ્રદ્ધા, આર્જવ, ત્યાગશીલતા અને ઐશ્વર્ય આ દસ ગુણો

સત્ત્વગુણમાં છે.

અસ્થિરપણું, અકૃપણતા, વિષય ભોગવતાં દુઃખ આવે તો પણ તેમાંથી પાછું ન વળી શકાય, સંપ રહેવા ન દેવો, પોતાની મોટાઈ દેખાડવી, કામ એટલે વિષયભોગની ઈચ્છા, દ્રવ્ય-વિદ્યા વગેરેનો મદ, મત્સર અને અતિવાદ આ નવ ગુણ રજોગુણમાં છે.

તમ, મોહ, મોહામોહ, તામિસ્ર ને અંધતામિસ્ર - આ પાંચ ગુણ તથા નિદ્રા, પ્રમાદ, આળસ એમ તમોગુણના આઠ ગુણો છે. આમાં તમ એટલે સ્વરૂપ-અપ્રકાશ અર્થાત્ પોતાના સ્વરૂપનું વિવેક રહિતપણું મોહ એટલે વિપરીત જ્ઞાન દેહાદિમાં અહંબુદ્ધિ. મોહામોહ એટલે ભૌતિક વિષયભોગની તૃષ્ણા. તામિસ્ર એટલે ક્રોધ અને અંધતામિસ્ર એટલે વિષય નાશ પામે તો પોતાનું મૃત્યુ થાય એટલું દુઃખ થવું. આ અવિદ્યાના ગુણો છે. માયા અંધકારરૂપ છે એટલે તે જીવાત્માને પરમાત્માના સ્વરૂપ સંબંધી અજ્ઞાન અને પંચવિષયમાં આસક્તિરૂપ અજ્ઞાન તેણે કરીને આવરણ કરનારી છે. માયા શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે. એટલે મહાપુરુષરૂપ ઈશ્વર જે શ્રીકૃષ્ણ તેની શક્તિ છે. અર્થાત્ મહાપુરુષે સૃષ્ટિની ઉત્પત્તિ આદિ કાર્ય કરવા માટે કારણપણે અંગીકાર કરેલી શક્તિ છે. મહાપુરુષરૂપ ઈશ્વર એટલે મૂળપુરુષ - પ્રકૃતિપુરુષ. આ મૂળમાયા સાથે જોડાઈને પ્રધાનપુરુષરૂપ સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે. તે પ્રધાનપુરુષ દ્વારા વૈરાજપુરુષની ઉત્પત્તિ થાય છે. માયાની ત્રિગુણાત્મક શક્તિ દ્વારા જીવો અને ઈશ્વરમાં અહંમમત્વ ઉત્પન્ન થાય છે. આ પ્રધાનમાયા અને મૂળમાયાનું

મિશ્રિત સ્વરૂપ છે.

મૂળમાયા નિત્ય, અનાદિ ને અનંત છે. તે અવ્યય કહેતાં કોઈ દિવસ વિકાર પામતી નથી. તેને અનાદિ અજ્ઞાનરૂપે પણ કહેવાય છે. તે અનંતકોટિ પ્રધાન (પ્રધાનમાયા) અને પુરુષની ઉત્પત્તિનું કારણ છે. મૂળમાયા સુધી ક્ષર ભૂમિકાઓ છે એનાથી પર અક્ષર ભૂમિકાઓ છે. માયા જડચિદાત્મક છે. મહદાદિક સમગ્ર તત્ત્વ ને જીવમાત્ર તેનું ક્ષેત્ર છે. માયા જડચિદાત્મક છે એટલે એના દેહરૂપ જે ક્ષેત્ર તે પંચભૂતાત્મક છે ને જડ છે ને તેનો ચૈતન્ય એ ચૈતન્યરૂપ છે. ભૌતિક પંચ ભૂતાત્મક પરમાણુ જગતના ગુણધર્મો જે ખંડિતપણું, ચ્યૂતપણું, વિનાશીપણું, સતત પરિવર્તનશીલપણું, લયપણું, ક્ષયપણું, ક્ષરપણું, અનિત્યપણું, અશાશ્વતપણું, વિકારીપણું, લિપ્તપણું, મિથ્યાપણું, ભ્રાંતિયુક્તપણું વગેરે છે. તે ચૈતન્યપ્રકૃતિના ગુણધર્મોથી તદ્દન અલગ છે. માયિક વિષય સુખો એ સુખાભાસ માત્ર છે, પણ વાસ્તવિક નથી. માયાથી પર થયેલાને માયા ભ્રાંતિયુક્ત ને અસત્ય ભાસે છે. માયામાં આભાસ ને ભ્રાંતિ ઉત્પન્ન કરવાની શક્તિને લીધે જ માયાના આવરણમાં રહેલા જીવોને અહંમમત્વની ભાવના ઉત્પન્ન થાય છે ને તે જીવાત્મા પોતાને માયાથી બંધાયેલો અનુભવે છે. સત્પુરુષ દ્વારા આત્મા - અનાત્માનું ને પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે જીવાત્મા માયાતીત, ગુણાતીત થાય છે.

જીવકોટિ, માયાકોટિ છે તેમ ઈશ્વરકોટિ પણ છે. પરમાત્માના સ્વરૂપના જ્ઞાન, ધ્યાન ને ઉપાસના દ્વારા આત્માને

જ્યારે નિર્વિકલ્પ સમાધિ સ્થિતિ થાય છે ને તે નિષ્કામ હોય તો તેને પરમાત્માની પ્રાપ્તિરૂપ આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય છે, પણ જે આત્મા સકામ હોય અને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કેવી રીતે થાય છે તે જોવા, જાણવાની ને કરવાની ઈચ્છાવાળા ઐશ્વર્યાર્થીઓ ઉત્પત્તિ આદિક કાર્યમાં જોડાઈ જાય છે ને પરમાત્માની અન્વય શક્તિ દ્વારા તે કાર્ય કરે છે. તેમાં મૂળ માયાની અંદર રહેલા વૈરાજપુરુષરૂપ ઈશ્વર, પ્રધાનપુરુષરૂપ ઈશ્વર તે ઈશ્વરકોટિમાં આવે છે. જીવો કરતાં તેમનામાં ઐશ્વર્ય, સામર્થ્ય અનેકગણું અપાર હોય છે. મૂળપુરુષરૂપ ઈશ્વર મૂળમાયાથી પર છે ને તે તેના ઉપરી વાસુદેવબ્રહ્મ પાસેથી ઐશ્વર્યસુખ ભોગવે છે ને તેમની શક્તિ દ્વારા મૂળમાયા સાથે જોડાઈને પ્રધાનપુરુષરૂપ બ્રહ્માંડોની ઉત્પત્તિ કરે છે. વાસુદેવબ્રહ્મ બ્રહ્મકોટિમાં ગણાય છે. તેઓ ઐશ્વર્ય, સુખ, શક્તિ એ બધું મૂર્તિમાન મૂળ અક્ષર દ્વારા મેળવે છે ને મૂળપુરુષ દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ કરાવે છે. મૂળમાયાથી પર મૂળપુરુષકોટિ, વાસુદેવબ્રહ્મકોટિ તથા મૂળઅક્ષરકોટિ ને મુક્તકોટિ આ સર્વે ચૈતન્ય ભૂમિકાઓ છે.

મૂળઅક્ષરોની પણ કોટિ છે તે મૂળ સૃષ્ટિકર્તા હોવાથી તેને મૂળઅક્ષર કહેવામાં આવે છે. તેમને ઐશ્વર્યનો રાગ હોવાથી પૂર્ણપુરુષોત્તમ પરમાત્માના નિત્ય સિદ્ધ અનાદિમુક્તની કે પરમએકાંતિક મુક્તની સ્થિતિ પ્રાપ્ત નથી થતી. તેમને શ્રીજીમહારાજનું પ્રત્યક્ષ દર્શન નથી, પરંતુ તેજ દ્વારા ઐશ્વર્યસુખ છે. પરમાત્મા શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરબ્રહ્મ તે નિરાકાર છે ને પરમાત્માની અન્વય શક્તિ છે

ને પરમાત્માની સાથે કાર્યકારણ ભાવ છે. તે તેજરૂપ અક્ષરબ્રહ્મ તે કોઈ વ્યક્તિવિશેષ નથી, પરંતુ પરમાત્માની અક્ષરધામરૂપ, ચિદાકાશરૂપ, બ્રહ્મરૂપ શક્તિ છે. આ બધાં તત્ત્વોનો વિસ્તાર અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીએ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકામાં ખૂબ જ વિસ્તૃત રીતે સમજાવ્યો છે. તથા સત્સંગિજીવન ગ્રંથ, શિક્ષાપત્રી રહસ્યાર્થ તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થા દ્વારા પ્રગટ થયેલ 'વચનામૃત માર્ગદર્શિકા ભાગ-૧'માં પણ વિસ્તૃત રીતે સમજાવેલો છે તો ત્યાં થકી જાણવું. અહીં તો થોડો ખ્યાલ આવે તે હેતુથી સંક્ષિપ્તમાં લખ્યું છે.

પરબ્રહ્મ પરમાત્મા જે શ્રીજીમહારાજ, જે સ્વામિનારાયણ ભગવાન તે સર્વોપરી તત્ત્વ છે. તેનાથી પર બીજી કોઈ ભૂમિકા નથી. તે પરમાત્મા સ્વપ્રકાશમાન, સ્વરાટ્, સર્વતંત્ર-સ્વતંત્ર, સર્વજ્ઞ, સર્વાંતર્યામિ, પરાત્પર, સર્વકારણના કારણ છે. જીવકોટિ, ઈશ્વરકોટિ, માયાકોટિ, બ્રહ્મકોટિ, મૂળઅક્ષરકોટિ તેથી પર શ્રીજીમહારાજના પૂર્ણપાત્ર એવા એકાંતિક મુક્તો તેથી પર સિદ્ધદશાવાળા અક્ષરધામમાં રહેલા મહામુક્તો જે શ્રીજીમહારાજને સન્મુખભાવમાં રહી સુખ માણે છે — એવા પરમએકાંતિક મુક્તો અને લક્ષ્મીવત્ પ્રભુ સાથે પ્રેમાદ્વૈત સાધેલા કૈવલ્ય, નિત્યસિદ્ધ અનાદિમુક્તો જે મૂર્તિમાં રસબસ લીન રહી પરમાત્માના દિવ્ય સ્વરૂપ સંબંધી અખંડ દિવ્યસુખ ભોગવે છે. એ બધાના સ્વામી, આધાર, નિયંતા, કર્તા - હર્તા - ધર્તા - ધારક - પ્રેરક - પોષક - પ્રકાશક - કારણ, આત્મા, દૃષ્ટા, શરીરી, સાક્ષી, ક્ષેત્રજ્ઞ, સુખ - સામર્થ્ય - ઐશ્વર્ય ને

અનંત દિવ્ય સુખના દાતા છે. રૂપ, ગુણ, લાવણ્ય, સૌંદર્ય, માધુર્ય, સૌશિલ્ય, ઐશ્વર્ય, પ્રતાપ, પ્રકાશ આદિ અનંત કલ્યાણકારી ગુણોના કારણ છે. સર્વના કર્તા - અકર્તા ને અન્યથા કર્તા છે. સર્વમાં અન્વય થકા વ્યતિરેક ને વ્યતિરેક થકા અન્વયપણે પાત્રતાની તારતમ્ય પ્રમાણે સર્વમાં વ્યાપક છે. સદાય દિવ્ય સાકાર છે. નિર્ગુણ - સગુણપણું જેનાં તેજરૂપ અક્ષરબ્રહ્મના ઐશ્વર્ય છે. એવા અનંત ગુણે યુક્ત શ્રી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. અનાદિ શ્રીકૃષ્ણ, અનાદિ નારાયણ પણ તેમને જ કહેવામાં આવે છે. શ્રીજીમહારાજ પોતાના ઐશ્વર્યાવિશ અવતારો જે રામ-કૃષ્ણાદિક તથા મૂર્તિમાંથી પ્રગટ થતા એવા જે મુક્તાવતારો આ બધા અવતારોના અવતારી ને સર્વોપરી છે.

આવી રીતે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર તથા પરબ્રહ્મ જે શ્રીજીમહારાજ તેમના સ્વરૂપને અનુભવ જ્ઞાને કરીને સાક્ષાત્કાર જ્ઞાને કરીને યથાર્થ જાણનારા અને તે સર્વ ભેદોનું તત્ત્વજ્ઞાન પાત્ર મુમુક્ષુઓને આપવામાં સમર્થ એવા પૂર્ણ સિદ્ધ મુક્તદશાવાળા સંતને કવિ કહેવાય છે. સાધક મુમુક્ષુ પણ સત્પુરુષનો જોગ-સમાગમ-સેવા કરી યથાર્થ જ્ઞાન પામીને તેનો સાક્ષાત્કાર કરે તો તેનામાં પણ કવિનું લક્ષણ સિદ્ધ થાય છે.

## ૨૯. સત્તમ =

**શ્રીજીમહારાજે ઉપદેશ કરેલા આત્મનિષ્ઠારૂપ ગુણ જે પોતાના આત્માને શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મને વિશે એકતા કરીને તેને વિશે શ્રીજીની મૂર્તિને ધારીને આત્માનો તથા પરમાત્માનો સાક્ષાત્કાર કરવો અને દોષ જે દેહાભિમાન તેને જાણીને સર્વધર્મના ફળનો ત્યાગ કરીને પ્રભુને નિષ્કામભાવે ભજે તે ઉત્તમ સાધુ છે. (સાધુનું ઉત્તમ લક્ષણ છે)**

સત્તમ એટલે શ્રેષ્ઠ, ઉત્તમ.

શ્રીહરિ શિક્ષાપત્રી શ્લો. ૧૧૬માં કહે છે :—

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥ ११६ ॥

''અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ — એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વકાળને વિશે કરવી.''

જીવાત્મા મૂળમાયાના અજ્ઞાન - અવિદ્યાનાં આવરણોને લઈને, રાગ-દ્વેષનાં આવરણોને લઈને પોતે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, તો પણ પોતાને દેહરૂપે માનીને કર્મોના ફળરૂપે સુખ-દુ:ખની અનુભૂતિ કર્યા કરે છે. દેહાભિમાનને લઈને ભૌતિક પંચવિષયમાં લેશ માત્ર સુખ નથી, પણ સુખાભાસથી આકર્ષાઈને ભોગની વાસનાથી બંધાયેલો રહે છે. તેથી જન્મ

- મરણના ચક્રમાંથી મુક્ત થઈ શકતો નથી.

કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, મોહ વગેરે બધા જ દોષો દેહાભિમાનરૂપ દોષમાં રહેલા છે. દેહને વિશે અહંબુદ્ધિ ને દેહના સંબંધી સગાં-સ્નેહીઓ ને ભૌતિક દ્રવ્યાદિ પદાર્થોને વિશે મમત્વબુદ્ધિ એ દેહાભિમાનને દૃઢ કરાવ્યા કરે છે. રાગ અને દ્વેષ પણ સૂક્ષ્મ અહંકાર સાથે જોડાયેલા છે. તે અહંકારને લઈને જીવાત્મા પોતાને કર્તા-ભોક્તા માનીને વિષય સંબંધી સુખ-દુઃખનો અનુભવ કર્યા કરે છે. દેહાત્મબુદ્ધિને લઈને તે જે કંઈ કર્મ કરે છે તેમાં કર્તુવૃત્તિને, અહંકારને લઈને અનંત પ્રકારના સંસ્કારોરૂપે કર્મબંધન પામી તેના ફળને ભોગવે છે.

જ્યાં સુધી દેહાભિમાનરૂપ દોષ છે, ત્યાં સુધી તેને આશરે રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, માન આદિ દોષો દૂર થઈ શકતા નથી. પંચવિષય સંબંધી અનેક પ્રકારની વાસનાઓ તથા રાગ-દ્વેષ નિર્મૂળ થઈ શકતા નથી. દેહાભિમાનને લઈને નિષ્કામભાવ ઉત્પન્ન થતો નથી, તેથી પ્રભુપ્રસન્નતાનાં સાધનો જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધ્યાન-ભજન વગેરેમાં પણ માન આવે છે. જેમ કે મારા જેવો જ્ઞાની, ધ્યાની, વિદ્વાન, ત્યાગી ભક્ત બીજો કોઈ નથી. મારા જેવી ભક્તિ કોઈને આવડતી નથી. મારા જેવો વૈરાગ્ય બીજામાં નથી - વગેરે અનેક પ્રકારનું અભિમાન આવવાથી આધ્યાત્મિક ઊર્ધ્વગતિ અવરોધાય છે.

અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીએ કરેલી સત્તમની વ્યાખ્યા પ્રમાણે જે સંતે સત્તમનું લક્ષણ સિદ્ધ કર્યું હોય એવા સંતનો જોગ - સમાગમ - સેવા દ્વારા તેમની પાસેથી

સાંખ્યજ્ઞાને કરીને આત્મનિષ્ઠા કેવી રીતે દૃઢ કરવી તે શીખે અને સર્વધર્મના ફળનો ત્યાગ કરી, સર્વ કર્મોનું ફળ પ્રભુને અર્પણ કરી કેવળ પ્રભુપ્રસન્નતા માટે જ કર્મો ને પ્રભુપ્રસન્નતાનાં સાધન કરે તો જ સાધકમાં પણ સત્તમનું લક્ષણ આવે.

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે તેમ પોતાના આત્માને ત્રણ દેહ જે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ તથા મૂળઅક્ષર પર્યંતના ઐશ્વર્યસુખના રાગરૂપ મહાકારણથી પર, જાગૃત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓથી પર, દશ ઇંદ્રિયો ચાર અંતઃકરણ તેના ગોલક દેવતા, એ બધાથી પર, દશ પ્રાણ, પંચવિષય, પંચતન્માત્રા, પંચકોષ, પંચભૂત તથા કાળ, કર્મ ને માયાથી હું પર છું એવી રીતે સાંખ્યજ્ઞાને કરીને આત્મનિષ્ઠાની અતિ દૃઢતા કર્યા પછી પ્રભુના દિવ્યતેજરૂપ અક્ષરબ્રહ્મ સાથે પોતાના આત્માની એકતા કરીને પ્રભુના સ્વરૂપમાં ધ્યાન - ભજનથી જોડાવાનો નિદિધ્યાસ કર્યા કરવો. અર્થાત્ સદાય દિવ્ય સાકાર એવા પ્રભુના વ્યતિરેક દિવ્યસ્વરૂપમાંથી નીકળતો શીતળ, શાંત, શ્વેત ને ઘન એવો દિવ્ય તેજનો સમૂહ જેને ચિદાકાશ, બ્રહ્મ, અક્ષરબ્રહ્મ, આત્મા, અક્ષરધામ, બ્રહ્મપુર, કાંતિ, શક્તિ વગેરે વિશેષણોથી સંબોધવામાં આવે છે, જે પ્રભુનું અન્વય સ્વરૂપ છે તેની સાથે પોતાના આત્માની એકતા માનીને પ્રભુના સ્વરૂપનું ધ્યાન - ઉપાસના કરવાથી જ વાસ્તવિક રીતે આત્મનિષ્ઠાની દૃઢતા થાય છે. આવી આત્મનિષ્ઠાની દૃઢતા થવાથી, પરમાત્માની ને સત્પુરુષની કૃપા થવાથી આત્મામાં પરમાત્માના દિવ્ય સ્વરૂપનો

સાક્ષાત્કાર થાય ત્યારે સિદ્ધમુક્તદશા આવે છે ને સત્તમનું લક્ષણ સિદ્ધ થઈ જાય છે.

શ્રીહરિ વચનામૃત અમ. ૨માં કહે છે :—

''જે માયિક ઉપાધિને તજીને બ્રહ્મરૂપ થઈને ભગવાનને ભજે છે તે જ ભક્ત શ્રેષ્ઠ છે.''

''આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી, અને એ જો કોઈ કાળે દેહ ધરે તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે, તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે, પણ કાળ, કર્મ ને માયા તેને આધિન થકો દેહને નથી ધરતો, માટે બ્રહ્મરૂપ થઈને પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે.''

આ રીતે બ્રહ્મરૂપ થઈ નિષ્કામભાવે પ્રભુને ભજે તે જ સત્તમ લક્ષણે યુક્ત સંત છે.

## ૩૦. ભક્તતમ =

**શ્રીજીમહારાજને ક્ષર જે મૂળમાયા પર્યંત અને અક્ષર જે મૂળઅક્ષર પર્યંત સર્વના નિયંતા, સર્વ કારણના કારણ, સર્વાંતર્યામી, સર્વકર્તા, સર્વના સુખદાતા, સર્વસુખમય મૂર્તિ, અતિશે તેજસ્વી અને સૌશિલ્ય, વાત્સલ્યાદિ સ્વભાવ યુક્ત તથા અનંત ઐશ્વર્ય સંપન્ન જાણીને અનન્ય ભાવથી તેમની મૂર્તિમાં લુબ્ધ થઈને, તેમના સુખને અનુભવે તે અતિ ઉત્તમ ભક્ત, કહેતાં સાધુ છે. (તે સાધુનું અતિ ઉત્તમ લક્ષણ છે)**

સત્તમ લક્ષણમાં ઉત્તમ સંતની વાત આવી અને અહીં ભક્તતમમાં અતિ ઉત્તમ લક્ષણવાળા સંતની વાત છે. આમાં મુક્તસ્થિતિની પરાકાષ્ઠારૂપ આત્યંતિક સ્થિતિની વાત છે. શ્રીહરિએ વચનામૃત સા. ૧૧માં કહ્યું છે તેમ શ્રદ્ધા, વૈરાગ્ય, અહિંસાધર્મ, બ્રહ્મચર્ય ને આત્મનિષ્ઠા એ પાંચ સાધન સિદ્ધ કરે ત્યારે આત્મસત્તાને પામે અને એવા પાત્રની ઉપર જ પરમાત્માની કૃપા થાય છે. ને તે પરમાત્માના સ્વરૂપનું ધ્યાન અને ઉપાસના દ્વારા આત્મા-પરમાત્માના સાક્ષાત્કારની સ્થિતિને સત્પુરુષની કૃપા દ્વારા પામે છે. પછી પ્રભુ તેને પોતાનું પરમસાધર્મ્ય પમાડે છે એટલે તે પ્રભુરૂપ, પુરુષોત્તમરૂપ બને છે. પ્રભુ પ્રત્યેના અતિ પ્રેમને લીધે તે મુક્તને પ્રભુ સાથે પ્રેમાદ્વૈત સધાય છે એટલે લક્ષ્મીજીની જેમ પ્રભુના સ્વરૂપમાં રસબસ લીન રહી પ્રભુ સંબંધી દિવ્ય સુખની અખંડ અનુભૂતિ કરે છે. આ સ્થિતિને સ. ગુ. અ. મુ.

ગોપાળાનંદ સ્વામી કૈવલ્યમુક્તની સ્થિતિ કહે છે અને અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી અનાદિમુક્તની સ્થિતિ કહે છે. નિષ્કામભાવે નવધા ભક્તિ કરતાં કરતાં પ્રેમલક્ષણા ભક્તિ આવે છે ત્યારે પ્રભુના સ્વરૂપમાં પરાપ્રેમ, પરાભક્તિ પ્રગટે છે. પછી પ્રભુના સ્વરૂપ સાથે અતિ દિવ્ય પ્રેમને લઈને પ્રેમાદ્વૈત સધાતા મુક્તનો અહં સંપૂર્ણપણે પ્રભુના સ્વરૂપમાં વિલીન થવાથી પ્રભુ સાથે સંપૂર્ણ ઐક્ય સધાય છે. હું છું ને પ્રભુ છે એવો દ્વૈતભાવ ન રહેતાં એક પ્રભુ જ છે ને હું તો એ પ્રભુરૂપ દાસ છું ને પ્રભુમાં લીન છું એમ અનુભવાય છે. શ્રીહરિ સાથે પરમસાધર્મ્યપણું એટલે એ મુક્તને પ્રભુ સાથે રૂપ, ગુણ, ઐશ્વર્ય, સામર્થ્ય વગેરેમાં તુલ્યપણું આવે છે. એટલે જેમ ભગવાન સ્વતંત્ર છે, તેમ અનાદિમુક્ત પણ સ્વતંત્ર થાય છે, પરંતુ કેવળ ભગવાનને જ આધિન રહે છે. જેમ ભગવાન ચાહે તે કરવા સમર્થ છે, તેમ તે મુક્ત પણ ચાહે તે કરવા સમર્થ થાય છે, પરંતુ સુખદાતાપણું, સ્વામીપણું ને નિયંતાપણું તે એક પરમાત્માનું જ રહે છે. અનાદિમુક્ત પુરુષોત્તમરૂપ હોવા છતાં પ્રભુ સાથે સ્વામી - સેવકભાવ, સુખદાતા - સુખભોક્તાભાવ અને નિયામક - નિયામ્યભાવ નિત્ય રહે છે. અનાદિમુક્ત અનેક છે, અનેક થાય છે ને અનેક થશે, પણ તે બધાના સ્વામી એક શ્રીજીમહારાજ જ રહે છે. સેવક - દાસ કદી સ્વામી થઈ શકતા નથી. સેવક સ્વામીની પદવીને કદી ઈચ્છતા પણ નથી.

શ્રીહરિ પણ કહે છે કે એવા મુક્તને પણ અનુભવાય છે કે જેટલું સામર્થ્ય, જેટલો પ્રકાશ, જેટલું ઐશ્વર્ય, જ્ઞાન વગેરે મેં પરમાત્માનું ધાર્યું હતું એટલું તો મને પણ મળ્યું છે, પરંતુ

મારા ઇષ્ટદેવ શ્રીજીમહારાજનું સામર્થ્ય, જ્ઞાન, ઐશ્વર્ય, પ્રતાપ, પ્રકાશ એ બધું અનંત અપાર છે. એ જે અપારપણું છે એને લીધે સ્વામી - સેવકભાવ અતિ દૃઢ થતો જાય છે. અનાદિમુક્ત પૂ. નારાયણભાઈ પણ કહેતા કે અનાદિમુક્ત એ પ્રભુના સૌથી મોટા દાસ છે, કારણ કે પ્રભુના દિવ્યસ્વરૂપ સંબંધી સુખ લેવાની તેમની સર્વોત્તમ ગતિ હોવાથી તેમને સુખનું અપારપણું પણ વિશેષ અનુભવાય છે, એટલે દાસભાવ પણ વિશેષ દૃઢ થાય છે.

આવી અનાદિમુક્તની આત્યંતિક સ્થિતિ પણ એ સ્થિતિને જેમણે પ્રાપ્ત કરી છે એવા અનાદિમુક્ત સત્પુરુષ થકી જ બીજા પાત્ર મુમુક્ષુથી પમાય છે, પણ એ સિવાય બીજો ટૂંકો માર્ગ નથી. સ્વયં પ્રભુ જ પોતાના સિદ્ધ અનાદિમુક્તને માધ્યમ બનાવી જીવોને પાત્ર કરી તેમની ઉપર કૃપા કરી આવી ભક્તતમની સ્થિતિ પ્રાપ્ત કરાવે છે. ભક્તતમ લક્ષણમાં કહેલી સ્થિતિ એ જ પરમપદ ને આત્યંતિક મોક્ષની સ્થિતિ છે. એથી આગળ દાસની કોઈ સ્થિતિ જ નથી. એથી પર એક સ્વયં પ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ છે, જે ચૈતન્યભૂમિકામાં સર્વોચ્ચ સ્થાને છે.

શ્રીજીમહારાજ સદાય દિવ્ય સાકાર ઘનતેજનું સ્વરૂપ છે. તે નરાકૃતિ - સાકાર છે. ભૌતિક પરમાણુના ગુણધર્મોથી સંપૂર્ણપણે વિલક્ષણ છે. વ્યતિરેક નિત્યસિદ્ધ દિવ્ય સ્વરૂપે પોતાના તેજરૂપ અક્ષરધામમાં સદાય બિરાજે છે. પોતાની તેજરૂપ અન્વય શક્તિ દ્વારા ઐશ્વર્યાર્થીઓ પાસે અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ - સ્થિતિ - પ્રલય વગેરે કરાવે છે. પ્રભુના

તેજને જ બ્રહ્મ, અક્ષરધામ, ચિદાકાશ, કાન્તિ, શક્તિ, આત્મા, અન્વય સ્વરૂપ, સચ્ચિદાનંદ વગેરે વિશેષણોથી સંબોધવામાં આવે છે. આ શક્તિ જ પાત્રતાની તારતમ્ય પ્રમાણે જીવકોટિ, માયાકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, મૂળઅક્ષરકોટિ એ સર્વેમાં રહે છે ને સર્વ દ્વારા કાર્ય કરે છે તથા તેમને ઐશ્વર્યસુખ આપે છે. સર્વેનું નિયમન પરમાત્મા આ પોતાની અન્વયશક્તિ દ્વારા જ કરે છે. પરમાત્મા પોતે પરાત્પર, સર્વકારણના કારણ, સર્વતંત્ર સ્વતંત્ર, સ્વરાટ, સ્વપ્રકાશમાન, સર્વશક્તિમાન, સર્વસમર્થ, સર્વજ્ઞ, સર્વાંતર્યામી છે. જીવકોટિથી લઈ મૂળઅક્ષરકોટિ તેથી પર મુક્તકોટિ પર્યંત સર્વેના સ્વામી, આધાર, નિયંતા, કારણ, કર્તા, ધર્તા, ધારક, પ્રેરક, પ્રકાશક, સુખ, સામર્થ્ય, ઐશ્વર્યપ્રદાતા છે. કર્તા, અકર્તા ને અન્યથા કર્તા છે. સર્વમાં અન્વય થકા વ્યતિરેક અને વ્યતિરેક થકા અન્વયપણે સર્વત્ર વ્યાપક છે. સર્વેના શરીરી, આત્મા, સાક્ષી, ક્ષેત્રજ્ઞ ને દૃષ્ટા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ જ છે. એના જેવા એ એક જ છે. અનંત ઐશ્વર્યાવેશ અવતારો જેવા કે રામકૃષ્ણ આદિ તથા અનંત મુક્ત અવતારોના કારણ, આધાર ને સ્વામી એ સ્વયં પ્રભુ જ છે. રૂપ, ગુણ, લાવણ્ય, માધુર્ય, સૌંદર્ય, સામર્થ્ય, સૌશિલ્ય, ઐશ્વર્ય, વાત્સલ્ય આદિ અનંત કલ્યાણકારી લક્ષણો ને ગુણોનાં કારણ, સર્વસુખમય મૂર્તિ એ એક પ્રભુ જ છે.

આવો પરમાત્મા શ્રીજીમહારાજનો મહિમા સત્પુરુષ પાસેથી જાણીને એક પરમાત્માના સ્વરૂપમાં જ ધ્યાન -

ભજન - ઉપાસના દ્વારા લક્ષાર્થે કરીને જોડાય ત્યારે પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર થવાની પાત્રતા આવે છે ને પછી સત્પુરુષ તેની ઉપર કૃપા કરે ત્યારે આવી ભક્તતમની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

# ૩૧. અજાતશત્રુ = નથી ઉત્પન્ન થયો શત્રુ જેને એવા

અર્થાત્ જેનો કોઈ શત્રુ નથી એવા. શત્રુ એટલે દુશ્મન, અરિ, રિપુ. શત્રુ એટલે એવી વ્યક્તિ કે જે અન્યને શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક, વ્યાવહારિક કે આધ્યાત્મિક એમ કોઈ પણ પ્રકારે અહિત કરે કે હાનિ પહોંચાડે. શત્રુભાવ ઉત્પન્ન થવાનાં પણ અનેક કારણો છે, જેવાં કે ઈર્ષ્યા, દ્વેષ, વૈરબુદ્ધિ, પરપીડનવૃત્તિ, સ્વાર્થ, લોભ, માનહાનિ, ક્રોધ, મોહ વગેરે આંતરદોષો. બાહ્ય કારણોમાં દ્રવ્ય, જમીન, મિલકત તથા કીર્તિ - પ્રસિદ્ધિની લાલસા, હરીફાઈમાં હાર-જીત, વિજાતીય આકર્ષણ તથા કોઈ વ્યક્તિ કે પદાર્થમાં અહંમમત્વને લઈને તીવ્ર આસક્તિ, તૃષ્ણા આ બધા શત્રુભાવ ઉત્પન્ન થવામાં નિમિત્ત બને છે.

બાહ્ય શત્રુઓ વ્યક્તિને શારીરિક - માનસિક ત્રાસ આપી અનેક પ્રકારે હેરાન - પરેશાન કરે છે. વ્યક્તિના જીવનમાં અનેક પ્રકારની અડચણો ને વિઘ્નો ઊભાં કરી કષ્ટ આપે છે. અમુક આસુરીવૃત્તિના મનુષ્યો અન્યનો કોઈ વાંક કે દોષ ન હોય તો પણ પરપીડન દ્વારા આનંદ માણવાની હલકા પ્રકારની મનોવૃત્તિથી પ્રેરાઈને પણ બીજાને કષ્ટ પહોંચાડે છે. આવા મનુષ્યો કષ્ટ પહોંચાડવામાં સંતવિભૂતિને પણ બાકાત રાખતા નથી ! ઈતિહાસના પાને પણ રામ, કૃષ્ણ વગેરે

વિભૂતિ અવતારોને રાવણ ને કંસ જેવા અસુરોએ કષ્ટ આપ્યાં છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, સોક્રેટીસ, કબીર, ઈશુખ્રિસ્ત વગેરે સમાજના ખ્યાતનામ સંતો તથા સ્વામિનારાયણ ધર્મમાં પણ અનેક સંતોને અનેક દુષ્ટ વૃત્તિના મનુષ્યોએ કષ્ટ ને પીડા આપ્યાં હોય એવા અસંખ્ય દાખલાઓ નોંધાયેલા છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સંતને વિશે શત્રુતા રાખનાર અનેક દુષ્ટ લોકો હોય છે, છતાં પણ સંતને પોતાને માટે તો કોઈ શત્રુ છે જ નહિ, અર્થાત્ સંતને કોઈને વિશે કદી ય શત્રુભાવ પ્રગટ થતો નથી એ અર્થમાં સંત અજાતશત્રુ છે.

સાચા સંતમાં મૈત્રનું લક્ષણ સિદ્ધ થયેલું હોવાથી તેમના હૃદયમાંથી ઔદાર્ય, વાત્સલ્ય, કરુણા અને પ્રેમનું ઝરણું સતત વહેતું રહે છે. તેઓને બધામાં પરમાત્માનાં જ દર્શન થતાં હોવાથી તથા બધાને આત્મવત્ ગણતા હોવાથી શત્રુભાવ પ્રગટ થવાની કોઈ સંભાવના જ નથી હોતી. તેઓ વ્યક્તિની પાત્રતા કે કુપાત્રતા જોયા સિવાય બધાને વિશે પ્રેમ ને કરુણાભાવ રાખી સર્વેનું સર્વપ્રકારે હિત, મંગલ અને શ્રેય જ ઇચ્છે છે. તેઓ બધાને વિશે કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવનાનો જ શુભ સંકલ્પ કરે છે. એવા સંતના શુભ સંકલ્પથી ને કરુણામય દૃષ્ટિથી આસુરી જીવોનાં પણ હૃદય પરિવર્તન થઈ તેઓ પણ સંત બની ગયેલાનાં પણ અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે. અતિ સમર્થ સત્પુરુષો કે જેમાં અહિંસાભાવ પૂર્ણ રીતે વિકસ્યો હોય તો તેમના સાંનિધ્યમાં વાઘ અને બકરી પણ સાથે રમે છે. પ્રાણીઓમાં રહેલી સહજ હિંસકવૃત્તિ પણ દૂર થઈ જાય એવો સંતનો દિવ્ય પ્રભાવ હોય છે. અજ્ઞાની આસુરી પ્રકૃતિના

મનુષ્યો સંતને કષ્ટો આપવામાં મણા ન રાખતા હોય, પણ સંતના ક્ષમારૂપી શસ્ત્ર પાસે તેઓ પણ અહિંસક ને નમ્ર બની જઈ સંતનું શરણ સ્વીકારે છે. સંતના પ્રતાપે વાલિયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિ બને, જોબનપગી જેવા અતિ ક્રૂર ને હિંસકવૃત્તિના લૂંટારામાંથી ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે મુક્ત સ્થિતિના સંત બની જાય. ભગવાન બુદ્ધ તથા મહાવીરના જીવનમાં અંગૂલીમાલ જેવા ક્રૂર ને અધમનાં જીવન પરિવર્તન થયાનાં ઉદાહરણો જોવા મળે છે. ભગવાન સ્વામિનારાયણના સંતો સ. ગુ. ગોપાળાનંદ સ્વામી, સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી, સ. ગુ. મુક્તાનંદ સ્વામી વગેરે સિદ્ધ અનાદિમુક્તોના જીવનમાં પણ તેમના સંપર્કમાં આવનાર આસુરી જીવોનાં હૃદય પરિવર્તન થઈ કામક્રોધાદિક દોષોથી રહિત થઈ તેઓ પણ સંત બની ગયા હોય તેવાં અનેક દૃષ્ટાંતો જોવા મળે છે. અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પર માનકૂવા ગામમાં સત્સંગસભામાં કોઈ દ્વેષીએ પથ્થર ફેંક્યો તો પણ બાપાશ્રી પથ્થર હાથમાં લઈને બોલ્યા કે, ‘‘આ પથ્થર ફેંકનારનું અમે શ્રીજીમહારાજ પાસે આત્યંતિક કલ્યાણ કરાવીશું.’’ એમ સત્પુરુષની દૃષ્ટિમાં વૈરવૃત્તિ ન હોવાથી તેમને શત્રુભાવ ઉદ્‌ભવતો જ નથી.

બાપાશ્રી મોટી ઉંમરે એમ કહેતા કે, ‘‘અમારા બધા દાંત પડી ગયા છે, પણ અમારે કોઈ જીવને પડવા દેવો નથી. અમારે તો અધમ જેવા જીવોને પણ ઉદ્ધારીને આત્યંતિક કલ્યાણ કરવું છે.’’ આ રીતે સત્પુરુષની દૃષ્ટિ અતિ વિશાળ હોય છે. તેમનામાં કરુણા, પ્રેમ, વાત્સલ્ય, ઔદાર્ય,

સહૃદયભાવ વગેરે ઉદ્દાતભાવો સાહજિક રીતે જ પ્રગટેલા હોય છે. એટલે શત્રુભાવ પ્રગટ થવાની કોઈ સંભાવના જ હોતી નથી, તેથી તેઓ અજાતશત્રુ કહેવાય છે. આ તો વાત થઈ બાહ્ય વ્યવહાર જગતમાં રહેલા શત્રુઓની, પણ અજાતશત્રુના લક્ષણવાળાને તો કામ, ક્રોધ, લોભ, મોહ, માન, ઈર્ષ્યા, દંભ, કપટ, સ્વાર્થ, નિંદા, પ્રમાદ વગેરે આંતરિક શત્રુઓ પણ ઉત્પન્ન થતા નથી, કારણ કે તેમણે આત્મનિષ્ઠા તથા સ્વરૂપનિષ્ઠા અતિ દૃઢ કરેલી હોવાથી તેમના ઇંદ્રિયો - અંતઃકરણમાં પણ કોઈ વિકારો ઉત્પન્ન થતા નથી. ઇંદ્રિયો-અંતઃકરણ ઉપર તેઓનું સંપૂર્ણ નિયંત્રણ ને આધિપત્ય હોય છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને પરમાત્માની માહાત્મ્ય જ્ઞાનેયુક્ત ભક્તિની પરિપક્વતા કરીને પ્રભુના દિવ્યસ્વરૂપમાં અખંડ જોડાયેલા રહેવાથી સંતને આંતરિક રિપુઓ પીડી શકતા નથી. આંતરિક દોષો ઉપરના વિજયના પ્રભાવથી બાહ્યશત્રુઓનો પણ શત્રુભાવ આપોઆપ દૂર થઈ જાય છે.

આત્મા - પરમાત્માના અખંડ સાક્ષાત્કારની સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત પૂર્ણ મુક્તપુરુષને તો અજાતશત્રુનું લક્ષણ સંપૂર્ણપણે આત્મસાત્ હોય જ છે. તેમને માટે નથી કોઈ બાહ્ય જગતના શત્રુ કે નથી કોઈ આંતર જગતના અંતરશત્રુ. તેમના જોગ-સમાગમમાં આવનાર નિષ્ઠાવાન મુમુક્ષુ સાધકમાં પણ અજાતશત્રુનું લક્ષણ આત્મસાત્ થઈ જાય છે એવો એમનો દિવ્ય પ્રભાવ હોય છે. અજાતશત્રુનું લક્ષણ સિદ્ધ કરેલા સત્પુરુષના સંપર્કમાં આવનાર શત્રુનું મિત્રમાં રૂપાંતર થઈ જાય છે, કારણ કે અજાતશત્રુ સંતમાં ક્ષમાની અતિ બળવાન

શક્તિ રહેલી હોય છે. સંતના હૃદયમાંથી સતત પ્રગટ થતા પ્રેમ ને કરુણાનાં સ્પંદનો એટલાં બધાં શક્તિશાળી હોય છે કે તે દ્વેષી ને આસુરી પ્રકૃતિઓના જીવોના હૃદયમાં પણ પ્રેમનાં સ્પંદનો જાગૃત કરે છે ને તેનું હૃદય પરિવર્તન કરે છે.

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' ક્ષમા વીરપુરુષનું ભૂષણ છે. કાયર વ્યક્તિ કોઈથી દબાઈ જઈને ચૂપ બેસી જાય એ ક્ષમા નથી. અતિ સમર્થ હોવા છતાં જે વ્યક્તિ અજ્ઞાની જીવોના ઉપદ્રવ સહન કરીને તેને ક્ષમા પ્રદાન કરે તે સંતનું લક્ષણ છે. સમર્થ થકા ઝરણા કરવી એ કેવળ સત્પુરુષ માટે જ શક્ય છે. સંતનાં લક્ષણમાંનાં કરુણા, ક્ષમા, સર્વોપકારકતા, તિતિક્ષા, ધૈર્ય, સ્થિરતા વગેરે ગુણોનો અજાતશત્રુનું લક્ષણ સિદ્ધ થવામાં ખૂબ જ મહત્ત્વનો ફાળો હોય છે. આ બધા પરમાત્માના કલ્યાણકારી ગુણો કેવળ પ્રભુના સ્વરૂપમાં દિવ્યભાવથી જોડાવાથી જ સિદ્ધ થઈ શકે છે. પ્રભુના સ્વરૂપના જ્ઞાન, ધ્યાન ને ઉપાસના તથા સત્પુરુષનો જોગ - સમાગમ - સેવા એ પ્રભુના કલ્યાણકારી ગુણો સાધકજીવનમાં આત્મસાત્ કરવા માટેનાં અતિ ઉપયોગી, આવશ્યક ને અનિવાર્ય ઉપકરણો છે. આ ઉપકરણોની સહાયથી જ પ્રભુના કલ્યાણકારી ગુણો સંતમાં પ્રગટ થઈ શકે છે.

# ૩૨. સાધુભૂષણ = શીલ જે બ્રહ્મચર્ય તે જ છે ભૂષણ જેને (અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય તેને પાળનારા)

સંતનાં આગળ જણાવેલાં ૩૧ લક્ષણો પણ ભૂષણરૂપ જ છે. તેમ છતાં સંતનું આ ૩૨મું લક્ષણ અતિ અગત્યનું હોવાથી, તે સંતચરિત્રના પાયારૂપ ગુણ હોવાથી તેને વિશેષરૂપે ભૂષણરૂપ કહ્યું છે. આ છેલ્લું લક્ષણ એ સંતની પરખ માટેની ગુરુચાવી છે. ભૂષણ એટલે જે વ્યક્તિના ગુણોમાં અને વ્યક્તિત્વમાં અનેકગણી અભિવૃદ્ધિ કરે તે ભૂષણ. દા.ત. જેમ વ્યક્તિના સૌંદર્યમાં સુંદર વસ્ત્રો અને આભૂષણો દ્વારા વધુ નિખાર આવે છે, તેમ સંતના ચારિત્ર્યમાં આ શીલરૂપ, બ્રહ્મચર્યરૂપ ભૂષણથી અનેક ગણી અભિવૃદ્ધિ થાય છે. સાચા સંત માટે કોઈ પણ ભૌતિક પદાર્થ એવો નથી કે જે તેમની શોભા વધારી શકે, કારણ કે સાચા સંતને ભૌતિક પદાર્થમાં બિલકુલ અભિરુચિ હોતી નથી. તેઓ તો આત્મા - પરમાત્માનાં દિવ્યસુખ વતે જ પરિપૂર્ણ હોય છે. સંતને માટે ભૌતિક પદાર્થો શોભારૂપ નહિ, પણ બંધનરૂપ છે. ભૂષણરૂપ નહિ, પણ દૂષણરૂપ છે. સંતને માટે તો શીલ જે બ્રહ્મચર્ય તે જ ભૂષણરૂપ છે. શીલ એ આધ્યાત્મિક જીવનરૂપી ઈમારતનો પાયો છે. જો એ પાયો જ કાચો હોય તો તે ઉપર ઈમારત ટકી શકે નહિ.

સ્વામી વિવેકાનંદજી પણ કહેતા કે બ્રહ્મચર્યહીન વ્યક્તિ કદાચ સારી ભૌતિકશાસ્ત્રી કે રસાયણશાસ્ત્રી વગેરે હોઈ શકે, પણ તે આધ્યાત્મિક ન હોઈ શકે. કારણ કે ચારિત્ર્યહીન વ્યક્તિ માટે આધ્યાત્મિક પ્રગતિ શક્ય જ નથી. એટલા માટે જ દરેક ધર્મમાં બ્રહ્મચર્યપાલન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. એક બાજુ વ્યક્તિ આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવાની અભિલાષા સેવે ને બીજી તરફ તે ભોગવિલાસમાં રાચીને અપવિત્ર જીવન ગાળે તો તે તેની આધ્યાત્મિક ચેતનાનું અધઃપતન ચોક્કસ નોતરે એમાં શંકાને સ્થાન નથી.

આધુનિક શરીરશાસ્ત્રના નિયમ પ્રમાણે કામવૃત્તિ એ ‘ટેસ્ટોસ્ટેરોન’ નામના હોર્મોન (રસાયણ)નું પરિણામ છે. પુરુષોમાં આ આંતરસ્ત્રાવી રસાયણો સ્ત્રી કરતાં ૧૦ થી ૧૫ ગણા વધુ પ્રમાણમાં જોવા મળે છે. સ્ત્રીમાં બીજાં બે આંતસ્ત્રાવી રસાયણો ‘ઈસ્ટ્રોજન’ અને ‘પ્રોજેસ્ટેરોન’ સ્ત્રીના સ્ત્રીત્વમાં ભાગ ભજવે છે. માનસિક તાણ, વધુ પડતો શારીરિક શ્રમ અથવા બહુ જ અલ્પ પ્રમાણમાં શારીરિક શ્રમ, શારીરિક - માનસિક રોગો, દારૂ, તમાકુ, અફીણ જેવા નશીલા પદાર્થોનું સેવન આ બધાં કારણો પ્રજનન શક્તિ માટેનાં આંતરસ્ત્રાવી રસાયણોનું પ્રમાણ શરીરમાં ઓછું કરી નાખે છે, પરંતુ તે રસાયણ ઘટી જવાથી બ્રહ્મચર્યપાલન સરળ બની જાય છે એ માન્યતા પણ  ભૂલ ભરેલી છે, કારણ કે પ્રજનન શક્તિ - કામવૃત્તિને ઉત્તેજિત કરનાર રસાયણ જ કાર્યશક્તિ, આત્મવિશ્વાસ, સ્પર્ધાત્મકતા, ગ્રહણશક્તિ, નિર્ભયતા, નિર્ણાયકતા, ઉત્સાહ, સ્ફુર્તિ, વિવિધ લાગણીઓ ઉપરનું

નિયમન વગેરે ગુણોના સ્રોત સમાન છે. જો આ રસાયણોનું પ્રમાણ શરીરમાં વધુ પડતું ઘટી જાય અને હતાશા, નિરાશા (ડિપ્રેશન) વખતે ઉત્પન્ન થતાં કોર્ટીસોલ જેવાં રસાયણોનું પ્રમાણ વધી જાય તો વ્યક્તિ દીર્ઘકાળ પર્યંત હતાશામાં સરી પડે અને સમય જતાં જીવન જીવવાની અભિપ્સા પણ ખોઈ બેસે છે. બ્રહ્મચર્યનો અર્થ આ રસાયણોનું પ્રમાણ અતિશય ઘટાડી શરીરથી નિર્બળ બની જવું એવો નથી, તેમ જ વધુ પડતા ભોગવિલાસ ને કામક્રીડામાં રત રહી તેનો દુર્વ્યય કરવો એવો પણ નથી. બ્રહ્મચર્યનો અર્થ છે દરેક ઇંદ્રિયોના આહારને શુદ્ધ કરી કામશક્તિમાંથી મળતી સકારાત્મક ઊર્જાનો સર્જનાત્મક કાર્યોમાં સદ્‌ઉપયોગ કરી તેના દ્વારા આધ્યાત્મિક પ્રગતિ સાધવી તે છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે તે પ્રમાણે આ શક્તિનું ઇંદ્રિયોના યોગ્ય દમન અને અંતઃકરણના યોગ્ય શમનરૂપ વિચાર દ્વારા નિયમન કરવાથી તેનો હ્રાસ થતો અટકે છે અને શક્તિ ઊર્ધ્વગતિ કરે છે. આ પ્રજનન શક્તિનાં રસાયણોમાં જો બિનજરૂરી વૃદ્ધિ થતી જણાય તો શરીરમાં તેનું ઉત્પાદન આપમેળે જ ઓછું થઈ જાય છે અને રસાયણનો જો ઉપયોગ થઈ જાય તો શરીર ફરી તેનું યોગ્ય પ્રમાણમાં ઉત્પાદન કરી લે છે. આમ કામશક્તિનો સર્જનાત્મક પ્રવૃત્તિમાં ઉપયોગ કરવાથી તે ઘટી જતી નથી, પરંતુ તે સપ્રમાણ રહે છે.

આ કામ ઊર્જાનો ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવા માટે ધ્યાન - ભજન - ઉપાસના - જપ - યોગ વગેરે પ્રવૃત્તિમાં સદ્‌ઉપયોગ

કરવામાં આવે તો તેનું sublimation ઊર્ધ્વીકરણ થઈ ઓજસ નામની ઉચ્ચ ધાતુમાં રૂપાંતર થાય છે. આ ઓજસ એટલે એક પ્રકારની જૈવિક વીજ-ચુંબકીય શક્તિ કે જે આધ્યાત્મિક શક્તિ તરીકે પ્રગટે છે ને સૂક્ષ્મ શરીરમાં રહેલાં વિવિધ શક્તિકેન્દ્રો - ચક્રો કે પદ્મોને ખોલીને ઊર્ધ્વ કરે છે. તે પ્રક્રિયા દ્વારા ચેતનાની આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. આ ઓજસ વગર પ્રભુની કૃપાશક્તિ - અનુગ્રહાશક્તિ ઝીલી શકાતી નથી. માટે આધ્યાત્મિક જીવનમાં ઓજસ શક્તિનું હોવું અનિવાર્ય છે. આ ઓજસ શક્તિ કેવળ સમજણપૂર્વકના યોગ્ય બ્રહ્મચર્યના પાલન દ્વારા જ સંભવે છે. જ્ઞાનયોગ, ધ્યાનયોગ, નિષ્કામ કર્મયોગ, જપ, તપ, પ્રેમ, ભક્તિયોગ વગેરે સાધનો દ્વારા કામ ઊર્જાનું ઓજસમાં રૂપાંતર થઈ શકે છે.

પાતંજલિ યોગસૂત્રોમાં કહ્યું છે :—

ब्रह्मचर्य प्रतिष्ठायां वीर्यलाभः ॥ ३२ ॥

અર્થાત્ બ્રહ્મચર્યમાં સ્થિર થવાથી શક્તિ મળે છે. સ્વામી વિવેકાનંદજી તેનો અર્થ એવો કરે છે કે, ''બ્રહ્મચર્ય દ્વારા પ્રબળ મગજશક્તિ ખીલે છે અને અણનમ ઇચ્છાશક્તિ વિકસે છે. બ્રહ્મચર્ય વિના જરા ય આધ્યાત્મિકશક્તિ આવી શકે નહિ. બ્રહ્મચર્ય વડે માનવજાતિ પર અદ્ભુત પ્રભાવ મેળવી શકાય છે. મનુષ્યજાતિમાં આધ્યાત્મિક આચાર્યો ઘણા જ બ્રહ્મચર્ય પરાયણ હતા અને તેથી જ તેમને શક્તિ મળી હતી. આટલા માટે યોગીએ બ્રહ્મચર્ય પાળવું જોઈએ.''

કામ ઊર્જાનું ઓજસરૂપ આધ્યાત્મિક શક્તિમાં રૂપાંતર કરવા માટે સતત તેનું નિયમન કરી ઊર્ધ્વ રાખવાનો નિયમિત

અભ્યાસ જરૂરી બને છે. તેનો થોડો હ્રાસ પણ જેમ હોડીમાં કાણું પડે અને હોડી ડૂબી જાય, તેમ ગાફેલ રહે, બેદરકાર રહે તો બધો પ્રયત્ન વ્યર્થ નિવડે છે. સ્વામી વિવેકાનંદજી કહેતા કે, ''આત્મા - પરમાત્મા નિર્બળ એટલે બ્રહ્મચર્યહીનથી પ્રાપ્ત થઈ શકતા નથી.'' જે વ્યક્તિ સતત બાર વર્ષ સુધી અસ્ખલિતપણે બ્રહ્મચર્યનું પાલન કરી શકે તો તે આત્મા - પરમાત્માની અનુભૂતિ કરવા સક્ષમ બની શકે છે, એમ તેમનું કહેવું હતું. કામઊર્જાને જે અખંડ ઓજસમાં રૂપાંતરિત કરી ઊર્ધ્વ રાખી શકે તેવા સંતને ઊર્ધ્વરેતા કહેવામાં આવે છે. આ આધ્યાત્મિક શક્તિ દ્વારા આધ્યાત્મિક પ્રગતિ સિવાયની બીજી અનેક સિદ્ધિઓ પણ ઉપલબ્ધ થાય છે, પણ તેનો ઉપયોગ ચમત્કારો દેખાડવામાં કે અન્ય કોઈ સ્વાર્થી હેતુ માટે કે કીર્તિ - પ્રસિદ્ધિ માટે કરવામાં આવે તો ચેતનાની આધ્યાત્મિક ઉન્નતિ અવરોધાય છે. માટે સાધકે કોઈ પણ પ્રકારનો શક્તિનો દુર્વ્યય ન થાય તે માટે સતત જાગૃત રહેવું જોઈએ. જેમ કોડિયામાં પૂરતું તેલ ભરેલું હોય તો વાટ દ્વારા તેલ ઉપર તરફ ગતિ કરી દીપકની જ્યોતને પ્રજ્વલ્લિત રાખી પ્રકાશ આપે છે, જો તેલ ખૂટવા માંડે તો જ્યોત જલવા માટે તરફડિયાં મારતી જણાય છે ને અંતે બુઝાઈ જઈ અંધકાર ફેલાવે છે, તેમ પ્રજનન ઊર્જાનો અખંડ બ્રહ્મચર્ય દ્વારા બચાવ કરી તેનું નિયમન કરી કેવળ ચેતનાની ઊર્ધ્વગતિ માટે ઉપયોગ કરવામાં આવે તો તે સાધકની તો ઊર્ધ્વગતિ થાય જ છે, પણ તેણે પ્રગટાવેલ જ્ઞાનદીપકના પ્રકાશ દ્વારા બીજા અનેકના અજ્ઞાનરૂપી અંધકારને વિદારવા માટે તે સહાયરૂપ નિવડે છે.

જે સાધક આ કામ-ઊર્જાનો વિષયભોગ માટે દુર્વ્યય કરે

છે તેને આધ્યાત્મિકતા સ્પર્શતી પણ નથી. જે પોતાની નબળાઈઓને વશ થઈ પોતાની જ આધ્યાત્મિક પ્રગતિ અવરોધતા હોય એ અન્ય ઉપર સદ્ઉપદેશ દ્વારા ધારી અસર પાડવા માટે વામણા પુરવાર થાય છે. શીલવ્રતમાં કસરવાળા પોતાને કે બીજાને આધ્યાત્મિક રીતે કોઈ જ સહાય કરી શકતા નથી.

શ્રીહરિ વચનામૃત ગ. મ. ૩૩માં નિષ્કામવ્રત ઉપર ભાર મૂકતા કહે છે, ''જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક, પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.''

આ વચનામૃતના રહસ્યાર્થમાં અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પણ જણાવે છે :–

''માટે બ્રહ્મચર્યવ્રત દૃઢ કર્યા વિના સામાન્ય વૈરાગ્ય - આત્મનિષ્ઠાદિક સાધને કરીને મોક્ષ થતો નથી. એટલા સારુ જ શ્રીજીમહારાજે પોતે તપ તથા ગોરખ આસનાદિક દૃઢ કરીને બ્રહ્મચર્ય સિદ્ધ કરી બતાવ્યું. તે શ્રીજીમહારાજ તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. તેમને તો કાંઈ કરવાનું બાકી હોય જ નહિ, પણ પોતાના ભક્તોને ઉપદેશ કર્યો છે કે અમને બ્રહ્મચર્યવ્રત વહાલું છે. માટે જે બ્રહ્મચર્ય દૃઢ કરે તે જ અમને પ્રિય છે, ને એનું કલ્યાણ કરશું, પણ જે બ્રહ્મચર્ય દૃઢ નહિ કરે તેનું કલ્યાણ નહિ કરીએ એમ કહ્યું છે એ સિદ્ધાંત વાત છે. માટે જેણે બ્રહ્મચર્યવ્રત અતિ દૃઢ કરેલું હોય એવા મુક્તનો યોગ કરીને આ વચનામૃતમાં ત્રણ ઉપાય કહ્યા છે, તે દૃઢ કરીને વિષય સંબંધી સંકલ્પ ટાળે તો જ કલ્યાણ થાય, તે આ દેહે

અથવા બીજે દેહે અથવા અનેક દેહે કરીને પણ બ્રહ્મચર્ય દૃઢ કરવું અને જે સ્થૂળ દેહે બ્રહ્મચર્ય લોપે તે તો યમપુરીમાં જ જાય ને તેનું ફળ ભોગવે ને પછી મનુષ્ય દેહ આવે ત્યારે પણ બ્રહ્મચર્ય સિદ્ધ કરે તો જ અક્ષરધામને પામે.''

અનાદિમુક્ત પૂ. નારાયણભાઈ પણ જણાવે છે :–

''આજ્ઞાલોપ કેમ ચલાવાય ? આજ્ઞાલોપ તો કદીયે ન ચલાવાય. નિષ્કામધર્મ એ આ સત્સંગનો પાયો છે, મજબૂત પાયો. નિષ્કામધર્મ વગર મૂર્તિનું સુખ આવે જ નહિ. કોઈ દિવસ ન આવે. ભૂલેચૂકે ય નિષ્કામધર્મનો લોપ થાય એવી રીતે વર્તવું નહિ. એવાનો સંગ પણ ન કરવો. એવું સિનેમાચિત્ર પણ નિહાળવું નહિ જોઈએ. એ પણ નિષ્કામધર્મનો લોપ છે. નિષ્કામધર્મ એટલે શું ? સ્વામિનારાયણ ભગવાનની જે દિવ્યમૂર્તિ છે એ નિષ્કામધર્મનું સંપૂર્ણ સ્વરૂપ છે. નિષ્કામધર્મનું સંપૂર્ણ સ્વરૂપ ધારણ કર્યા વગર એ સ્વરૂપ સાથે એકતા કેવી રીતે થાય ? માટે મહારાજે એમ કહ્યું છે કે નિષ્કામધર્મની જેનામાં ખામી હોય એના હાથનો થાળ હું જમતો નથી. મહારાજના આ શબ્દો પણ સાથે સાથે ઝીલવાના. એ આશીર્વાદની અંદર આવી જાય છે. એ કહેવાની જરૂર ન હોય કે આશીર્વાદની અંદર આજ્ઞા ને ઉપાસના એ બંનેનો સમાવેશ થઈ જાય છે.''

બ્રહ્મચર્ય પાલનના ઉપાયો વિસ્તૃત રીતે શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થા દ્વારા પ્રકાશિત 'પંચ વર્તમાન' પુસ્તકમાં અવેરીના પ્રકરણમાં મૂક્યા છે. વાચકે તેમાંથી જાણવા. અહીં તો બે-ત્રણ સરળ ઉપાયો વિશે

જોઈએ.

અંતઃસ્રાવી રસાયણોનું કામક્રીડા પ્રત્યે શોષણ મનુષ્યના મનમાંથી થાય છે. અન્ય પ્રવૃત્તિમાંથી વ્યક્તિ નવરી પડે કે તરત જ કામભોગના, વિષયસંબંધી વિચારો ઉદ્‌ભવવા લાગે છે. દિવસના અંતે ઉત્તેજના વધવાથી તે કાબૂમાં રાખવા અઘરા પડે છે, પછી સંયમ રાખી શકાતો નથી.

દિવસની શરૂઆતથી જ પ્રભુને અને સત્પુરુષને પ્રાર્થના કરી એવી જાગૃતિ રાખવી જોઈએ કે જ્યારે પણ કામભોગનો વિચાર જાગે કે તરત જ વૃત્તિ પાછી વાળી એમ વિચારવું કે મેં જે આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ અપનાવ્યો છે તેમાં આવા નિમ્ન કક્ષાના વિચારોને કોઈ સ્થાન જ નથી. પ્રભુ તથા મુક્ત અંતર્યામીપણે મારા ચૈતન્યને વિશે અખંડ બિરાજતા હોવાથી મારા સારા-નરસા, શુભ-અશુભ દરેક સંકલ્પને અને કર્મને જાણે છે. તે મારા નિરંતરના સાક્ષી છે. હલકા વિચારોથી તેમની નારાજગી થશે તો મોક્ષ થવામાં વિલંબ થઈ જશે. આવા વિચારથી કામઊર્જાનું મન-ઇંદ્રિયો દ્વારા થતું વિષયાભિમુખ શોષણ અટકી જશે. સાંખ્યજ્ઞાન દ્વારા દેહાદિકભાવથી રહિત થઈ આત્મનિષ્ઠા ને ઉપાસના દ્વારા પરમાત્માની સ્વરૂપનિષ્ઠા અતિ દૃઢ કરવાથી પણ દુર્જય એવો કામ જીતી શકાય છે. આ ઉપરાંત ઇંદ્રિયોના આહાર શુદ્ધ રાખી તેનું નિયમન કરવું, આહાર-વિહાર યુક્ત કરવા, નકારાત્મક વિચારો, આળસ-પ્રમાદ, હતાશા-નિરાશાજનક વિચારો વગેરેનો ત્યાગ કરી હકારાત્મક વલણ અપનાવવું અને પ્રભુપરાયણતા તથા સદ્‌પ્રવૃત્તિ દ્વારા પણ કામઊર્જાનો

હ્રાસ અટકાવી શકાય છે.

અનાદિમુક્ત પૂજ્યશ્રી નારાયણભાઈ પણ કહેતા કે, ‘‘શ્રીજીમહારાજે એમના અનાદિમુક્ત દ્વારા મને આશીર્વાદ આપી મારા ચૈતન્યને મુક્ત કરીને, પુરુષોત્તમરૂપ કરીને પોતાની મૂર્તિમાં રાખ્યો છે અને હું તો પુરુષોત્તમરૂપ મુક્ત જ છું તો પછી પુરુષોત્તમને તો કામાદિક કોઈ વિકાર ક્યાંથી સ્પર્શી શકે ? કંઈ જ સ્પર્શી ન શકે. આવા વિચારનું અખંડ અનુસંધાન પણ બધા જ દોષો ને વિકારો જીતવામાં સર્વોત્કૃષ્ટ સાધન છે.’’

સ્થૂળ રીતે બ્રહ્મચર્ય સિદ્ધ થયા પછી સત્પુરુષની કૃપા દ્વારા સાધકને આત્મા - પરમાત્માના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થઈ સિદ્ધદશા આવે છે, ત્યારે બ્રહ્મ એટલે પરમાત્મા પરબ્રહ્મના સ્વરૂપમાં ચર્યા એટલે દિવ્યસુખની અખંડ અનુભૂતિ થાય તે બ્રહ્મચર્યનો સૂક્ષ્મ અર્થ છે.

# ઉપસંહાર

શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતમાં કહ્યું છે :– ‘‘પછી પરમાનંદ સ્વામીએ પૂછ્યું જે સંતનાં બત્રીસ લક્ષણ કહ્યાં તે શો ઉપાય કરે તો આવે ?’’ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘જે બત્રીસ લક્ષણે યુક્ત સંત હોય તેને વિશે ગુણબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન, કર્મ, વચને એનો સંગ કરે તો એ સંગ કરનારને વિશે પણ એ બત્રીસ લક્ષણ આવે છે.’’ એવી રીતે શાસ્ત્રમાં કહ્યું છે કે,

‘સંતને સેવે ત્યારે સંત સરખો થાય’

મુમુક્ષુએ દરેક લક્ષણ કેળવવા માટે બત્રીસ લક્ષણવાળા સાચા સંતને ઓળખીને તેમનો જોગ-સમાગમ-સેવા કરીને તેમની અનુવૃત્તિમાં રહીને સંતને રાજી કરે તો તે ભક્તમાં પણ સંતનાં બત્રીસ લક્ષણ આવે છે. માટે સત્પુરુષના સંગ જેવું બળવાન બીજું કોઈ સાધન નથી.

પૂર્ણ સંતપુરુષ મનુષ્યરૂપે પ્રગટ ન હોય ત્યારે તેમના ઉપદેશામૃતનું વાંચન, શ્રવણ, ચિંતન, મનન, નિદીધ્યાસ પણ સંત સમાગમની જ ગરજ સારે છે. માટે આ રીતે સંત સમાગમ કરી તેમના જેવા કલ્યાણકારી ગુણો આત્મસાત્ કરવાનો જાગૃતપણે પુરુષાર્થ કર્યા કરવો એ જ સાધકનો જીવનમંત્ર બની રહેવો જોઈએ.

અસ્તુ !

સાચા સાધુ રે (૨) સુંદર ગુણધામ, સમઝીને સતસંગ કિજીએ. ટેક૦
જીરે સંત સુલક્ષણના ભર્યા, અવગુણનો રે (૨) ઊરમાં નહિ લેશ;
મહાનુભાવ તે મુનિ ખરા, આપે સૌને રે (૨) સાચો ઉપદેશ... સમ
જીરે સંત સદા શીતળ રહે, ક્યારેય ન તપે રે (૨) કામ ક્રોધની જાળ;
લોભ તજી હરિને ભજે, ધરે ઊરમાં રે (૨) દૃઢ કરી શ્રી ગોપાળ... સમ
જીરે ત્રિભુવનની સંપત મળે, તો ય ન તજે રે (૨) અર્ધ પળ હરિધ્યાન;
બ્રહ્મરૂપ થઈ હરિ ભજે, એવા સંતને રે (૨) કીચ કંચન સમાન... સમ
જીરે એમ શુભ લક્ષણ ઓળખી, શુદ્ધ ભાવે રે (૨) કરવી સંતની સેવ;
હરિસમ હરિજન જાણવા, મુક્તાનંદ કહે રે (૨) તે તરે તતખેવ... સમ

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે--

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

"સંકલ્પ સમાવે તે સંત અને સંકલ્પ ન થાય
તે ભગવંત કહેતાં અનાદિમુક્ત."

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com